# કોડિયું

વર્ષ : ૭૩ જુલાઈ: ૨૦૨૦ અંક : ૧૨

## અનુક્રમણિકા


| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પાના નં. |
|---|---|---|---|
| ૦૧ | કાલીશિલા | - ભાણદેવજી | ૪૬૯ |
| ૦૨ | ‘કેરલ’ સાચુકલા સ્મિતનો પ્રદેશ | - ભરત મિસ્ત્રી | ૪૭૪ |
| ૦૩ | ગીતાની યજ્ઞભાવનાને ચરિતાર્થ... | - પ્રવીણચંદ્ર ઠક્કર | ૪૭૮ |
| ૦૪ | આતંકવાદ | - ડંકેશ ઓઝા | ૪૮૧ |
| ૦૫ | હિન્દુ- મુસ્લિમ એકતાના પ્રતીકરૂપ.. | - મકરંદ મહેતા, અબ્દુલ કાદર મેતર | ૪૮૩ |
| ૦૬ | સજીવ ખેતીમાં જમીન અને કીટક... | - યોગેશભાઈ ત્રિવેદી | ૪૮૫ |
| ૦૭ | ડૉ. વાસુદેવ રાવળ | - મિતેશ શેલક | ૪૮૮ |
| ૦૮ | ખેતી કરવી જ છે ? તો સાવ... | - હીરજી ભીંગરાડિયા | ૪૯૨ |
| ૦૯ | વંચિત વિસ્તાર અભ્યાસ શિબિર | - પુંજાભાઈ મકવાણા | ૪૯૫ |
| ૧૦ | શિક્ષણની પ્રક્રિયા... | - જિજ્ઞાસા ચાવડા | ૪૯૮ |
| ૧૧ | પાણીની વ્યવસ્થા અને સમસ્યા... | - જયંતીલાલ દવે | ૪૯૯ |
| ૧૨ | ગુજરાતી ભાષા સહેલી થઈ શકે છે | - બાબુભાઈ ગોહિલ | ૫૦૨ |
| ૧૩ | સંસ્થા સમાચાર | - પ્રશાંત મહેતા | ૫૦૪ |


### ◆ સૂચના ◆

☛ ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.

☛ પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.

☛ કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. અથવા ડિમાન્ડડ્રાફટથી સ્વીકારવામાં આવે છે.

### ◆ લેખ મોકલવા માટે ◆


‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com


### ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆


શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com


### ◆ લેખકોને ◆

☛ શિક્ષણ, ગ્રામવિકાસ તથા પુનર્ગઠન અંગેના લેખો આવકાર્ય છે.

☛ અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

### ◆ લવાજમ ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
ડૉ. વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૯૮૫૩૮૭)

**સંપાદક-મંડળ:**
ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
ડૉ. સંજય તલસાણિયા
(મો. ૯૪૨૭૬૬૮૦૮૩)
શ્રી પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા,
ફોન : ૦૨૮૪૬-૨૪૪૧૧૮

## તંત્રી સ્થાનેથી...

વ્હાલા બાપુ, We are sorry!

પાશ્ચાત્ય સાહિત્યમાં ટી.એસ.એલિયટે એક સુંદર વાત કહી છે કે ''Judge the poem, not the poet''. આ વાતને અત્યારના સંદર્ભમાં સમજવી હોય તો એમ કહી શકાય કે વિરોધ વિચારનો હોય, વ્યક્તિનો નહીં !

માનવ જાતના ઇતિહાસમાં પ્રામાણિક, નિષ્ઠાવાન, સેવાભાવી, સંવેદનશીલ, સત્યાગ્રહી અને વિદ્વાન લોકો સામાન્ય માણસોના અજંપાનો ભોગ બનતા આવ્યા છે. કારણ કે આવા વિચારકો આપણી કુંઠિત થયેલી માનસિકતા અને પરંપરાને પડકારતા રહ્યા છે અને એ પડકાર જ માનવજાતના અસ્તિત્વનું રહસ્ય છે. તદુપરાંત, આપણું સરેરાશ જીવન જ્યાં છે ત્યાંથી ઉપર ઊઠે તે માટે આ વિચારકો આપણને વૈચારિક ઉકાળા પાતા હોય છે. શક્ય છે એ ઉકાળાનો સ્વાદ આપણને માફક ન આવે, પરંતુ આપણી તંદુરસ્તીની અનિવાર્યતા માટેના તેના ફાયદાઓને આપણે કેવી રીતે નકારી શકીએ ?

આજે સામાન્ય ગામથી લઈને મહાસત્તા બનેલા દેશોના વડાઓ એક બીજાને ફાવે તેમ સાચા-ખોટા આક્ષેપોથી અવિવેકી વિધાનો કરતાં હોય છે. વળી, એ બધા પાછા ક્યારે એક થઈ જાય અને સાથે જમવા લાગે તેનું કંઈ નક્કી નહીં ! આજકાલ મોટા પ્રતિષ્ઠિત માણસોની ટીકા કરીને સસ્તી લોકપ્રિયતા મેળવવાનું ચાલી રહ્યું છે. કોઈ અકારણ ઈર્ષા-દ્વેષ ભાવથી પૂજ્ય મોરારિબાપુ વિશે હમણાં અવિવેકી અને અમાનવીય વિધાનો વહેતાં કરાઈ રહ્યાં છે. તેમણે જ્યારે જ્યારે કોઈ કવિતા, ગીત, નિબંધ, વાર્તા, વિચાર કંઈ પણ રજૂ કર્યા છે, ત્યારે તેના સર્જકનું નામ અવશ્ય લીધું છે અને અન્ય સંદર્ભો પણ આપ્યા છે – આધાર વગર કશુંય એ વર્ણવે જ નહીં. દશકાઓથી તેમણે કોઈપણને વટલાવ્યા વગર વ્હાલ કરીને સભ્યતાની જ કેળવણી કરી છે. સર્વધર્મ સદભાવથી સમગ્ર જડ-ચેતનને ચાહીને સત્ય, પ્રેમ અને કરુણાને સંવાદના સંવાહકો બનાવ્યા છે. તેમના વાત્સલ્યથી તૃપ્ત લાખો લોકોએ પૂ. બાપુને હૃદયસ્થ કરેલા છે. આવા વ્હાલા બાપુ જ્યારે બે હાથ જોડીને આત્માના આંસુ સાથે માફી માગે, ત્યારે આપણે સૌ વ્યથા અને પીડા અનુભવીએ એ સ્વાભાવિક છે. જે સમાજે આવી સ્થિતિનું નિર્માણ કર્યું અને તેમને ઠેસ પહોંચાડી છે, એ જ સમાજના એક અવિભાજ્ય અંગ તરીકે આપણે પણ પૂ. બાપુની માફી માંગવી જોઈએ– 'વ્હાલા બાપુ, We are sorry!'

કોઈપણના વિચારો સાથે અસહમત થવાનો કે તેનો વિરોધ કરવાનો સૌને પૂરો અધિકાર છે. પણ એમાં વ્યક્તિને કેન્દ્રમાં રાખીને માત્ર ટીકા જ થાય, એ પણ અવિવેકી ભાષામાં. તો ત્યાં સૌએ અટકવું અને વિચારવું જોઈએ. જ્યારે શિક્ષિત સમાજ આવું કરે ત્યારે ખાતરી થાય છે કે આપણા શિક્ષણે સારા ડૉક્ટર, ઇજનેર, અર્થશાસ્ત્રી વગેરે

**(અનુસંધાન પાના નં. ૪૭૭ ઉપર)**

## (૦૧) કાલીશિલા

- ભાણદેવજી

**ગતાંકથી ચાલુ...**

હવે એક છેલ્લી, નાની અને આખરી ચડાઈ બાકી છે. અહીં એક નાના ઢોળાવ પર એક મકાન છે. અહીં મકરસિંહ રાણા નામના એક સજ્જન પોતાનાં ધર્મપત્ની સાથે રહે છે. નિવૃત્ત સૈનક છે. કોઈ યાત્રી આવે અને કહે તો ચા કે ભોજન તૈયાર કરી આપે છે. આ વિસ્તારમાં રાણાઓની વસ્તી ખૂબ છે. આ રાણાઓ મૂળ રાજસ્થાનના વતની છે. આશરે હજારેક વર્ષ પહેલાં મુસ્લિમ આક્રમણો સામે પોતાના ધર્મને બચાવવા માટે અહીં હિમાલયમાં આવીને વસ્યા છે. આપણા આ મકરસિંહજી બાજુના એક ગામ જગ્ગીના નિવાસી છે. નિવૃત્ત જીવનમાં એક નાની પહાડી હોટેલ ચલાવે છે. તેમના કહેવા પ્રમાણે જંગલખાતાના અધિકારીઓ તેમને પરેશાન કરે છે અને અહીંથી આ મકાન અને હોટેલ હટાવી લેવા માટે વારંવાર તાકીદ કરે છે, પરંતુ આ મકરસિંહજી અહીંથી હટતા નથી. હુંકાર કરીને કહે છે :

''આ અમારો હિમાલય છે. આ અમારી જન્મભૂમિ છે. અહીંથી મને કોઈ હટાવી શકશે નહીં.''

આ રાણાના હુંકાર સામે - આ સૈનિકના હુંકાર સામે જંગલખાતાના અધિકારીઓ ચૂપ થઈ ગયા છે !

હવે અમે આખરી ચડાઈ ચડવા માટે સજ્જ થયા છીએ. અહીંથી કાલીશિલાનો પાછળનો ભાગ જોઈ શકાય છે. એક ઊંચો અને સીધો પ્રસ્તરખંડ છે. કોઈ કિલ્લાનો ગોળાકાર બુરજ હોય તેવો દેખાવ છે. આપણા ગિરનારના ભૈરવજપનો પ્રસ્તરખંડ ગિરનારની નીચેથી જોઈએ તો દેખાય તેવો કાંઈક આ દેખાવ છે.

અમારી સાથે બ્યુખી ગામનો એક યુવાન ચાલી રહ્યો છે. નામ છે પ્રકાશસિંહ રાણા. તેના હાથમાં એક થેલી છે. આજે કાલીશિલાની કાલીમાતાની પૂજાનો તેનો વારો છે, તેથી આ થેલીમાં પૂજાનાં ઉપકરણો લઈને આજે તેના વારાની પૂજા કરવા આવ્યો છે. કાલીશિલાની પૂજાની જવાબદારી સમગ્ર બ્યુખી ગામની છે. વારાફરતી પ્રત્યેક પરિવારની કોઈ એક વ્યક્તિ પૂજા માટે અહીં આવે છે. બ્યુખી ગામમાં ૭૦ પરિવારો છે. ૭૦ દિવસે પ્રત્યેક પરિવારનો પૂજાનો વારો આવે છે. તદનુસાર આજે આ યુવાન પ્રકાશસિંહના પરિવારનો પૂજાનો વારો છે.

આખરે અમે ઉપર પહોંચ્યા. અમે સીધા જ કાલીશિલા દેવસ્થાન પાસે પહોંચ્યા. આ સ્થાનમાં એક વિશાળ શિલા છે. આ શિલા પર વિભિન્ન દેવ-દેવીઓનાં અનેક યંત્રો છે. આ યંત્રો શિલ્પકારોએ હથોડી અને છીણી લઈને કોતરેલાં યંત્રો નથી. આ તો પ્રાકૃતિક રીતે જ બનેલાં યંત્રો છે. ભક્તો આ યંત્રોને સ્વયંભૂ યંત્રો ગણે છે. શિલાખંડમાં પ્રાકૃતિક રીતે જ અનેક રેખાઓ બની ગયેલી છે. આ રેખાઓની રચના એવી છે કે તેમાંથી વિભિન્ન દેવીઓનાં વિભિન્ન યંત્રો જેવી આકૃતિ બની ગયેલ છે. ભક્તજનોની એવી શ્રદ્ધા છે કે દેવાસુરસંગ્રામ વખતે આ અનેક યંત્રોમાંથી અનેક દેવીઓ પ્રગટી હતી. આ યંત્રો જે પ્રસ્તરખંડ પર છે તે પ્રસ્તરખંડ તે જ કાલીશિલા છે અને તેને જ કાલીનું સ્વરૂપ ગણીને તેની જ પૂજા-અર્ચના-વંદના થાય છે.

અમે દૂરથી જ આ દેવસ્થાનનાં દર્શન કર્યાં. તેમને પ્રણામ કર્યા. સાવ નજીક જવાનો રસ્તો તો જણાય છે, પરંતુ રસ્તો ઘણો જોખમી છે. અમારી આગળ ચાલવાની હિંમત ચાલતી નથી. કઈ બાજુથી કેવી રીતે જવાય તે પણ અમે જાણતા નથી. અમે એક સ્થાન શોધીને કાલીશિલાની સામે બેઠા છીએ.

અમે રસ્તો જાણતા નથી, પરંતુ જગદંબા તો જાણે છે ને ! તેમણે અમારા માટે રસ્તાના જાણકાર મોકલ્યા - આજના પૂજારી પ્રકાશસિંહ રાણા અને બીજા એક યુવાન મુકેશસિંહ રાણા. અમે બેઠા છીએ તે સ્થાન પર તેઓ આવી પહોંચ્યા.

અમને બેઠેલા જોઈ પ્રકાશસિંહ બોલ્યા :

‘‘મહારાજજી ! આપ પૂજાસ્થાન પર ગયા કે નહીં ?’’

‘‘પૂજાસ્થાન ક્યાં છે તે અમે જાણતા નથી.’’

‘‘પૂજાસ્થાન તો આ કાલીશિલાની પેલી બાજુ છે.’’

‘‘ત્યાં કેમ પહોંચવું તેની અમને ખબર નથી.’’

‘‘ચાલો-ચાલો, અમે આપની સાથે જ છીએ.’’

અમે ઊભા થયા. રસ્તો વિકટ અને જોખમી લાગે છે. આ કાલીશિલાના મથાળા પરથી પસાર થઈને પેલી બાજુ ઊતરવાનું છે. અમારાથી નહીં જઈ શકાય તેમ લાગે છે, પરંતુ જગદંબાને લાગે છે કે અમારે સામી બાજુ જવાનું જ છે અને તદનુસાર બંને રાણામિત્રો અમને સાથે લઈ જવાનો ખૂબ આગ્રહ કરી રહ્યા છે. પ્રકાશસિંહે મારો હાથ પકડ્યો અને મુકેશસિંહ મને ક્યાં પગ ઠેરવવા તે સૂચવી રહ્યા છે. આમ તો દશ-બાર પગલાં જ ચાલવાનું છે, પણ દસ ગાઉ જેવું લાગે છે. પરંતુ આખરે અમે સામેની બાજુએ પહોંચી ગયા. અહીં કાલીમાતાનું પૂજાસ્થાન છે. પ્રકાશસિંહ પાસે ફૂલ, ચંદન, કંકુ આદિ પૂજાનાં ઉપકરણો છે. અમે શ્રીસૂક્તથી જગદંબાની પૂજા કરી. જગદંબાની પૂજાની વ્યવસ્થા જગદંબા જ ગોઠવી આપે છે અને પૂજાનાં ઉપકરણો પણ જગદંબા જ લાવી આપે છે.

બાજુમાં જ એક નાનો પ્રસ્તરખંડ છે. આ પ્રસ્તરખંડ પર જગદંબા મહાકાલીનું મસ્તક અને તેમનાં ચરણ જોઈ શકાય છે. અમે તેમના પર પણ પુષ્પ-ચંદન ચડાવ્યાં. આ રીતે અમારી પૂજા-અર્ચના સંપન્ન થઈ. અમે ગયા હતા તે જ રીતે ધીમેધીમે પગલાં માંડતા, સાવચેતીપૂર્વક પાછા ફર્યા. ઈડરિયો ગઢ જીતી આવ્યા હોઈએ તેમ લાગ્યું.

કાલીશિલાથી પાછા ફરતાં રસ્તામાં જ એક મંદિર છે. આ મંદિર પણ દેવીમંદિર જ છે. અમે સૌ મંદિરમાં ગયા. દર્શન-પાઠ થયાં.

અમે જાણ્યું કે અમારી સાથેનો બીજો યુવાન મુકેશસિંહ બાજુના એક ગામ જગ્ગીનો નિવાસી છે અને તે આ મંદિરનો પૂજારી છે. આ મંદિરની પૂજાનો અધિકાર અને કર્તવ્ય જગ્ગીગામનાં છે અને ગામ દ્વારા આ મુકેશસિંહ પૂજારી તરીકે નિયુક્ત થયેલા છે.

અમે વર્ષોથી જાણીએ છીએ કે અહીં આ કાલીશિલા દેવસ્થાનમાં એક સંન્યાસી રહે છે અને તેમનાં એક જર્મન શિષ્યા પણ રહે છે. હવે અમારે તેમનાં દર્શન-સત્સંગ માટે જવાનું છે.

સંન્યાસીબાબાનું નામ છે બર્ફાગિરિ. આ નામ દ્વારા સૂચિત થાય છે કે તેઓ શાંકરમતાનુયાયી દશનામી સંન્યાસી છે. તેઓ મૂળ નેપાળના વતની છે, તેથી લોકો તેમને ‘નેપાલીબાબા’ પણ કહે છે. તેઓ વર્ષોથી અહીં આ કાલીશિલા દેવસ્થાનમાં રહે છે. અમને મુકેશસિંહે કહ્યું કે બાબા અત્યારે અહીં નથી. નીચે કોઈ ગામમાં ભક્તને ઘેર ગયા છે, પરંતુ માતાજી અહીં છે.

અમે તેમની કુટિયાના પ્રાંગણમાં પ્રવેશ કર્યો. પ્રાંગણ સ્વચ્છ અને વ્યવસ્થિત છે. લાગ્યું કે અંદર રહેનાર પણ સ્વચ્છ અને વ્યવસ્થિત છે. નાનાનાના પથ્થરો ગોઠવીને એક પગદંડી ગોઠવી છે. આ પગદંડી અમને તેમની કુટિયા સુધી દોરી જાય છે.

સાધુની કુટિયામાં પ્રવેશતાં પહેલાં સાત વાર વિચાર કરવો જોઈએ અને સો વાર સાવધાન રહેવું જોઈએ. તેમની જીવનશૈલી અને તેમની અધ્યાત્મસાધનાને જફા ન પહોંચે તેવા સમયે અને તેવી રીતે પ્રવેશ કરવો જોઈએ, તેવી રીતે વર્તાવ કરવો જોઈએ, તેવી રીતે સત્સંગ કરવો જોઈએ. તદનુસાર અમે દબાતાં પગલે આગળ વધ્યા.

અમે જોયું, માતાજીની પૂજા ચાલી રહી છે. બીજા એક સજ્જન બેઠા છે અને તેમણે સ્મિત દ્વારા અમારું સ્વાગત કર્યું અને અંદર આવી જવા સંમતિ આપી. અમે કુટિયાની અંદર પ્રવેશ્યા. માતાજીએ પણ સ્મિતપૂર્વક અમારું સ્વાગત કર્યું. અમે બેઠા. માતાજીએ પૂજાને અંતે આરતી કરી. અમને આરતી મળી અને પછી પ્રસાદ મળ્યો.

કોણ છે આ માતાજી ? ઉજ્જ્વળ, ગૌરવર્ણ, સપ્રમાણ, સુંદર દેહયષ્ટિ, ભગવાં વસ્ત્રો, મસ્તક પર પિંગળી જટા ! કોણ છે આ દેવી ? એકવીસ વર્ષ પહેલાં જર્મનીથી એક

નવયુવતી ભારત આવી ત્યારે તો તેની ઉંમર માત્ર ઓગણીસ વર્ષની ! ઓગણીસ વર્ષની આ યુવતી ભારતમાં ફરી - એકલી જ ! હિમાલયમાં પણ આવી. આ યુવતી ભારત, ભારતના મુકુટમણિ હિમાલય અને ભારતીય ધર્મ-અધ્યાત્મથી અત્યંત પ્રભાવિત થઈ. તે જ ક્ષણે સંકલ્પ થયો :

''ભારત આવીશ.''

''સંન્યાસ ધારણ કરીશ.''

''હિમાલયમાં જ નિવાસ કરીશ.''

આ ગાર્ગી પચીસ વર્ષની વયે પુનઃ ભારત આવી - કાયમી ધોરણે ભારતમાં અને હિમાલયમાં વસવા માટે જ ! સંન્યાસ ધારણ કર્યો. ગુરુમહારાજ બર્ફાગિરિએ નામ આપ્યું 'સરસ્વતીગિરિ !'

બસ ત્યારથી અર્થાત્ છેલ્લા પંદર વર્ષથી અહીં આ કાલિશિલા દેવસ્થાનમાં પોતાના ગુરુમહારાજ સાથે જ રહે છે. હિન્દીમાં સડસડાટ વાતો કરે છે. પવિત્ર અને સાધનાપરાયણ જીવન જીવે છે. ભારતનું નાગરિકત્વ મળ્યું નથી, તેથી દર છ મહિને થોડા વખત માટે જર્મની જવું પડે છે, પરંતુ જઈને તરત અહીં પોતાના પ્રિય સ્થાન હિમાલયમાં આવી જાય છે.

માતાજી સરસ્વતીગિરિજી સાથે અમારે લગભગ બેએક કલાક સત્સંગ ચાલ્યો. માતાજી હિમાલયમાં ખૂબ ફરેલાં છે. પંચકેદારની યાત્રા પણ કરી છે. ગુજરાતમાં પણ આવી ગયાં છે. દ્વારિકા, જૂનાગઢ આવ્યાં છે અને ગિરનાર પર આરોહણ કર્યું છે. મોચામાં રહેતાં સંતોષપુરી નામનાં મૂળ વિદેશી પરંતુ હવે મનથી ભારતીય બની ગયેલાં માતાજી સાથે સારો સ્નેહસંબંધ છે.

અમારો સત્સંગ ચાલે છે. દરમિયાન કુટિયાની બહાર ચાર-પાંચ નાનાં બાળકો આવીને બેસી ગયાં છે. માતાજીનું ધ્યાન તેમની તરફ ગયું. મા પોતાનાં સંતાનોને પૂછે તેમ વાત્સલ્યભાવે પૂછ્યું :

''છોકરાઓ, કેમ આવ્યા છો ?''

''દવા લેવા માટે.''

માતાજી ઊભાં થઈને તેમની પાસે ગયાં. માતાજીએ પૂછ્યું :

''શું થયું છે ?''

એકે કહ્યું :

''ઉધરસ !''

બીજાએ કહ્યું :

''તાવ !''

ત્રીજાએ કહ્યું :

''શરદી !''

બાકીના મૌન સેવી રહ્યા.

માતાજીએ તેમને દવા આપી. આ બાળકો નીચેના એક નાના ગામના છે અને દવા લેવા માટે કે ક્યારેક માતાજીનો સ્નેહ અનુભવવા માટે અહીં આવી કઠિન ચડાઈ ચડીને આવે છે. હા, પણ આપણને જે ચડાઈ કઠિન લાગતી હોય તે તેમના માટે કઠિન ન પણ હોય ! આ હિમાલયનાં બાળકો છે !

હવે અમે પણ નીકળવા માટે તૈયાર થયા. માતાજીને વંદન કરી, સત્સંગ-દર્શન માટે આનંદ વ્યક્ત કરી અમે હવે નીચે ઊતરવા માટે આગળ પગ માંડ્યા. માતાજીએ છેલ્લી સૂચના આપી :

''નીચે ઊતરતી વખતે ઘોડા પર ન બેસશો. આ રસ્તો બહુ આકરા ઉતરાણનો છે અને માર્ગ જોખમી છે. ઘોડા પર બેસીને યાત્રા કરવી અહીં ઘણી જોખમી છે. ચાલીને જજો.''

માતાજીની સલાહ અમને બરાબર લાગી. અમે આગળ વધ્યા. પહાડ ચડતી વખતે શ્રમ બહુ પડે છે. પહાડ ઊતરતી વખતે બહુ શ્રમ પડતો નથી; પરંતુ ચડાઈ કરતાં ઉતરાણ વધારે જોખમી હોય છે. જોખમી હોય તો ભલે ને હોય ! જીવનમાં જોખમ તો હોવાં જ જોઈએ ને ! જોખમ વિનાના સાવ સલામત જીવન જીવવામાં શી મજા આવે ?

પહાડ ચડતી વખતે કે પહાડ ઊતરતી વખતે પહાડના સૌંદર્યને જોવાની પદ્ધતિ બરાબર નથી. સૌંદર્યદર્શન માટે ઊભા રહી જવું અને ઊભા રહીને જ ચારે બાજુ મનભર દર્શન કરો, પરંતુ ચાલતી વખતે તો ચાલવામાં ધ્યાન આપવું. આ હિમાલય-યાત્રાનો એક સિદ્ધાંત થયો.

બરાબર અડધા રસ્તે રહેલું ગામ બ્યુખી આવ્યું. અમારે પાણી પીવું છે. એક મકાન પાસે બેઠા. ઘરના માલિક, તેમનાં ધર્મપત્ની અને બાળકો સૌ અમારી પાસે દોડી આવ્યાં. બહુ ભાવથી પાણી આપ્યું. તેમના ઘરની ચારે બાજુ સંતરાનાં પુષ્કળ વૃક્ષો છે. શાકભાજી અને પુષ્પો પણ ખૂબ છે. એકએક ઇંચ જમીનનો ઉપયોગ થયો છે. સંતરાનાં ઝાડ પર પુષ્કળ ફળો લટકે છે - ઘેઘૂર ફળો ! અમે આનંદથી - પ્રસન્નભાવે આ લચી પડતાં ફળો જોઈ રહ્યા છીએ. ઘરમાલિક બોલી ઊઠ્યા :

''મહારાજ ! આપ થોડાં સંતરાં લેશો ?''

અમે સંમતિ આપી. પિતાએ બાજુમાં જ ઊભેલા પોતાના બારેક વર્ષના પુત્રને ઇશારો કર્યો. બાળક સડસડાટ ઝાડ પર ચડી ગયો અને સંતરાં તોડવા લાગ્યો.

અમે કહ્યું :

''માત્ર એક જ !''

તેણે અમારા હાથમાં એકએક સંતરું મૂક્યું. હિમાલયનાં આ તાજાં જ ઉતારેલાં સંતરાંનો સ્વાદને માણ્યો. ઘરમાલિકે કહ્યું :

''બીજાં ઉતારે ?''

''ના ના ! આ એક બસ છે !''

અમારી આજુબાજુ દસબાર માનવો એકઠા થઈ ગયા છે. હિમાલયના આ ભોળા, સરળ, ધર્મપ્રિય માનવો ! તેમની વચ્ચે બેસવું તે પણ એક સત્સંગ છે.

મેં તેમને કહ્યું :

''અમારા ગુજરાતમાં માઈલો સુધી સપાટ જમીન હોય અને સો વીઘાનું એક ખેતર પણ હોય !''

બધાનાં મુખ આશ્ચર્યથી છવાઈ ગયા. સો વીઘાનું એક ખેતર ! હિમાલયમાં એક વીઘાનું ખેતર તો ઘણું મોટું ખેતર ગણાય ! તેમને સો વીઘાના એક ખેતરની કલ્પના પણ ક્યાંથી આવે ?

જમીન તો જે છે તે જ છે. વસતી વધી રહી છે. હિમાલયમાં ઉદ્યોગ પણ નહીંવત્ છે. પરિણામ એ આવ્યું કે ધંધારોજગારની શોધમાં યુવાન પેઢી હવે હિમાલય છોડીને નીચે મેદાની વિસ્તારમાં આવી રહી છે. કોટિમાહેશ્વરીના રસ્તા પર મળેલા શુકદેવસિંહે અમને બરાબર કહ્યું હતું :

''ગઢવાલ કી જવાની ઔર ગઢવાલ કા પાની ગઢવાલ કે કામ કે નહીં હૈં.''

અમે સૌને વંદન કરી આગળ ચાલ્યા. રસ્તામાં એક યુવાન મળ્યો. સંભવતઃ કાલીશિલા જતો હશે તેમ લાગ્યું. તે એકદમ બોલી ઊઠ્યો :

''આટલામાં ક્યાંય પાણીનું ઝરણું છે ?''

અમને લાગ્યું કે યુવાન ઘણો તૃષાતુર થયો છે. મેં વાસુદેવભાઈને પૂછ્યું :

''તમારી પાસે પાણી છે ?''

તેમણે 'હા' કહી થેલામાંથી પાણીની બૉટલ કાઢી તે યુવાનને આપી. બિચારો આખી બૉટલ ખાલી કરી ગયો. અમે આગળ વધ્યા.

હવે તૃષાતુર થવાનો અમારો વારો આવ્યો છે. આજુબાજુ કોઈ ઝરણું તો છે જ નહીં. બૉટલમાં પણ પાણી નથી. અમે અમારું બધું જ પાણી પેલા યુવાનને પાઈ દીધું તે ભૂલ તો નથી ને ! તરસ્યાને પાણી પાવું તે કદી ભૂલ હોઈ શકે ? ના, તે ભૂલ હોઈ જ ન શકે. ઉકેલ સામે જ છે. અમે જોયું કે રસ્તા પર એક બહેન બેઠાં છે. ગૌરવર્ણ, ગોળમટોળ ગઢવાલી ચહેરો. અમે તેમની પાસે પહોંચ્યા. બંને હાથ જોડીને તે બહેન બોલી ઊઠ્યાં :

''નમસ્તે, બાબાજી ! પાયલાગન !''

''નમસ્તે ! તમારી પાસે પાણી છે ?''

''હા હા ! જરૂર છે.''

તેમણે થેલામાંથી બૉટલ કાઢીને અમારી સમક્ષ ધરી દીધી. અમે પાણી પીતાં-પીતાં પૂછ્યું :

''તમારા માટે ?''

''મારા માટે રાખવાની જરૂર નથી. મારું ગામ બ્યુખી તો સામે જ છે.''

અમે બંનેએ પેટ ભરીને પાણી પીધું. તરસ્યાને પાણી પાઈ દેવું તે કદી ભૂલ બની શકે ?

હવે અમારી વચ્ચે સંવાદ શરૂ થયો :

''તમારું નામ ?''

''ગૌરાદેવી !''

આ ગૌરાદેવી તો ચૌલાદેવીનાં બહેન હોય તેવાં લાગે છે ! આ પહાડી લોકો એવા ભોળા અને સરળ છે કે સાવ અજાણ્યા માણસો પાસે પણ પોતાના અંગત જીવનની વાત ધડાધડ કહી દે છે. આ ગૌરાદેવીની ઉંમર આશરે ચાલીશ વર્ષની છે. તેમના પતિની ઉંમર સાઠથી પણ અધિક છે. હિમાલયમાં વૃદ્ધાવસ્થા વહેલી આવે છે, તદનુસાર તેઓ હવે વૃદ્ધ છે.

''મોટી ઉંમરના પુરુષ સાથે લગ્ન કેમ કર્યાં ?''

''માતાપિતાએ કરી દીધાં. અમને કોણ પૂછે છે ?''

ગૌરાદેવીને ત્રણ પુત્રીઓ અને એક પુત્ર છે. બે પુત્રીઓ પરણી ગઈ છે. એક પુત્રી અને પુત્ર બાકી છે. પુત્રને ભણાવવા માટે બહુ પ્રયત્ન કર્યો, પણ ન જ ભણ્યો. પથ્થર તોડવાનું કામ કરે છે ! ખેતી, ગાય, રસોડું, ઘર - આ બધું ગૌરાદેવી એકલા હાથે સંભાળે છે. ચહેરા પર પ્રસન્નતા છે અને સ્મિત સતત ફરકતું રહે છે.

ગૌરાદેવી અમને સાવ સાચુકલું નિમંત્રણ આપે છે :

''મહારાજ ! મારે ઘેર ચાલો. આજે ભોજન મારે ઘેર કરો !''

તેમને ઘેર ભોજન કરવા માટે અમારે પહાડ ચડીને પાછા ફરવું પડે. આ પહાડી લોકોને ચડવું-ઊતરવું એટલે રમતવાત ! પણ અમારે મન તે રમતવાત નથી ! પરસેવો છૂટી જાય છે.

મેં હળવાશથી પૂછ્યું :

''શું જમાડશો ?''

''આપ કહો તે ! આપ ઇચ્છો તે !''

મારી હળવાશ ચાલુ રહી.

''લાડુ ?''

''હા હા ! બાબાજી ! લાડુ ખવડાવીશ ! પધારો !'' તેમનો ભાવ તો સાચો છે, પણ ભોજન માટે પાછા ફરવું અમારે માટે સરળ નથી. અમે તેમને અમારી મુશ્કેલી સમજાવી. અન્યોન્ય 'નમસ્તે' કહીને અમે છૂટા પડ્યા. અમારી યાત્રા આગળ ચાલી અને ચાલતાં-ચાલતાં અમે થાકીને લોથ જેવા થઈને કાલીમઠ પહોંચી ગયા.

અમે જે જંગલમાંથી પસાર થઈને યાત્રા કરી તે જંગલ અને તેની ચારે બાજુના વિશાળ જંગલ-વિસ્તારને 'કસ્તૂરીમૃગ અભયારણ્ય' તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં કસ્તૂરીમૃગ ખૂબ થાય છે. કસ્તૂરીમૃગનો શિકાર કરવાની કાયદેસર મનાઈ થઈ છે, પરંતુ કસ્તૂરી અને મૃગચર્મ બંને ખૂબ કિંમતી વસ્તુઓ છે. તેમની લાલચે કાયદા વિરુદ્ધ પણ શિકાર તો થાય જ છે.

કસ્તૂરીમૃગને માર્યા વિના તેની નાભિમાંથી કસ્તૂરી કાઢવાની નવી પદ્ધતિ હવે અમલમાં આવી છે. ખાસ પ્રકારની બંદૂક પર ખાસ પ્રકારનું ઈન્જેક્શન ચડાવીને દૂરથી જ કસ્તૂરીમૃગના શરીરમાં ઈન્જેક્શન ઘુસાડી દેવાય છે. આ ઈન્જેક્શનની અસરથી કસ્તૂરીમૃગ નિશ્ચિત સમય સુધી બેભાન રહે છે. આ સમયગાળા દરમિયાન તેની નાભિમાંથી કસ્તૂરી કાઢી લેવામાં આવે છે. પછી તેને છૂટો મૂકી દેવામાં આવે છે. આ રીતે એક વાર કસ્તૂરી કાઢી લીધા પછી તે જ મૃગની નાભિમાં પુનઃ કસ્તૂરી બને છે. આમ કસ્તૂરીમૃગ ખૂબ ઉત્પાદક પ્રાણી બની રહે છે.

આ અભયારણ્યને કાલીશિલાનું નામ આપવામાં આવેલ છે, કારણ કે કાલીશિલા આ વિસ્તારનું ઊંચું અને લગભગ વચ્ચેનું સ્થાન છે અને પ્રસિદ્ધ દેવીસ્થાન તો છે જ. વર્ષો પહેલાં અમે પંચકેદારની યાત્રા કરી ત્યારે મદમહેશ્વરની પગદંડી પર એક બૉર્ડ વાંચ્યાનું યાદ આવે છે.

બૉર્ડ આ પ્રમાણે હતું :

''કાલીશિલા કસ્તૂરીમૃગ અભયારણ્ય.''

આપણી પરંપરાગત માન્યતા એવી છે કે જે વિસ્તારમાં કૃષ્ણમૃગ અને વિશેષતઃ કસ્તૂરીમૃગ નિર્ભયપણે વિચરતાં હોય તે ભૂમિ અતિ પવિત્ર ગણાય છે અને તદનુસાર અધ્યાત્મસાધન માટે ખૂબ ઉપયુક્ત સ્થાન મનાય છે.

આવો છે આ કાલીમાતાનો અરણ્યવિસ્તાર ! કાલીશિલાની યાત્રા આમ પરિપૂર્ણ થઈ.

●---------●●●--------●●●---------●

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૯૮૮

## (૦૨) 'કેરલ' સાચુકલા સ્મિતનો પ્રદેશ

- ભરત મિસ્ત્રી

એક ગોષ્ઠીએ ખૂબ મજાનો સવાલ થયો હતો, એક ઋષિના શાપથી અહલ્યા શીલા થઈ ગઈ અને એક અવતારના સ્પર્શે એ પાષાણ ફરીને સ્ત્રી થયો, અહલ્યા સજીવન થઈ, આ શક્ય છે ? કદાચ નબળી વૃત્તિઓ અને વાસનાઓ તમારી ચેતના મૂઢ થઈ રહે તેને જ કાળમીંઢ સ્થગિતતા, પથ્થર જેવા થઈ જવું એમ ગણતા હશે અને ફરીને બ્રહ્મની સમગ્ર ચેતનાના પૂર્ણ પ્રતિનિધિ રૂપ ભગવાનના સ્પર્શે એ સ્થગિતતા, એ મૂઢતા ફરીને વહેતી થઈ હશે, એવો જવાબ કેરલની મારી યાત્રાએ મને આપ્યો. એકે એક પહાડ, તસુએ તસુ જગ્યાનું લીલા છમ્મ થઈને પ્રસન્નતામાં પડઘાઈ રહેવું એ જ શીલાનું અહલ્યા થઈ જવું ! સાચુકલા સ્મિતનો પર્યાય થઈને જીવતી, જાગતી અને આપણને જગાડતી આ ભૂમિ, આ પ્રદેશનો મને થયેલો આ સાક્ષાતકાર, આ ઓળખનાં અમી આંખે આંજીને જે દર્શન થયું, તે સુખાનુભૂતિને અહીં પહોંચાડ્યા વગર રહી શકતો નથી.

એક વહેલી સવારે અમારા બિન્દુમાસી અને સુરેશમામા અમદાવાદ એરપોર્ટ ઉપર અમને અમારા આયોજકની આંગળીએ વળગાડીને, મજાનું 'આવજો' કહીને, અમારા ખિસ્સે થોડીક હળવાશ મૂકીને ગયાં.

પ્રાથમિક વિધિ પૂરી થતાં મેં એરપોર્ટની અંદર મારું સવારનું ચાલવાનું શરૂ કર્યું. આદિત્ય બિરલા ગ્રુપની 'શાશ્વત ગાંધી' નામની એક શોપ નજરે ચડી. અંદર ગયો, બે દીકરીઓએ સસ્મિત આવકાર્યો. મેં વળતું સ્મિત કરીને પૂછ્યું કે આ ગાંધીના માહોલ વચ્ચે તમે કામ કરો છો તો તમને ખૂબ ગમી ગઈ હોય તેવી ગાંધીની કોઈ વાત મને કરો. એક દીકરી કહે અમે તો ગાંધીને જીવીએ છીએ. દાદૂ ! અહીં અમે બન્ને વાણોતર અને વ્યવસ્થાપક છીએ. બધું કામ જાતે જ કરીએ છીએ. કચરા-પોતાં, વસ્તુઓની ખરીદી અને વેચાણ, વસ્તુઓની ગોઠવણી અને સ્વચ્છતા રાખવી આ બધું જ અમે જાતે કરીએ છીએ. મારી આ સખી મુસ્લિમ છે અને હું હિન્દુ, બન્ને એક બીજાનાં ટિફિનમાંથી સાથે જ જમીએ છીએ. દાદૂ ! અહીં કેળવાતી આ સમત્વની મૂડીને અમે અમારા સંપર્કોમાં છૂટા હાથે વહેંચીએ છીએ. આ 'દાદુ' તો ખુશ ખુશ. મને કહે અમારી નોંધપોથીમાં તમે કશું લખો. મેં લખ્યું કે આવી દીકરીઓમાં ધબકી રહેલ ગાંધીભાવ જ ગાંધી શાશ્વતી છે. આ ગાંધી ભાવની વૃદ્ધિ અને વિસ્તરણમાં ઝિલાતી જગતની અખંડતા એ જ 'મોહન'નું મહાત્મ્ય !

દીકરીઓ સાથેના આ સંવાદે કોઈપણ સ્થળ અને કાળમાં બ્રહ્મની અખંડતાને શોધવી એ જ યાત્રાસિદ્ધિ છે એવી ખાત્રી કરાવી દીધી. આ તો પ્રથમ પગલે થયેલ યાત્રાનાં શુકન ! 'દીકરીઓ, તમને વ્હાલભરી વંદના !'

મને હંમેશા લાગ્યું છે કે સ્થૂળ રીતે પહોંચી જવું એ પ્રવાસ છે, પણ જે તે સ્થળનાં ચૈતન્ય સાથેનાં તમારા અદશ્ય જોડાણ, અનુસંધાનને ઓળખવું એ જ યાત્રા સિદ્ધિ છે, એ જ પહોંચીને પામી રહેવાનો પ્રકાશ ! કોઈએ સમગ્ર બ્રહ્મની અખંડતાને ખૂબ સરસ રીતે વર્ણવી છે. અહીં તમે એક પાંદડું તોડો છો અને વિશ્વે દૂરનો તારો ધ્રુજી ઊઠે છે. આ અખિલાઈને ઓળખવી એ જ બ્રહ્મ સક્ષાત્કાર.

અમારી આ નવ દિવસની યાત્રાનો સ્થૂળ પટ તો હતો મુનાર, ઠેકડી, કોલામ, ત્રિવેન્દ્રમ અને કાંચી, પણ આ સમય અને આ સંગાથ મને ચૈતન્યની આંખે આંજવી ગમે, હૃદયને જેનાથી છલોછલ અનુભવવું ગમે, એવી લીલીછમ્મ પ્રસન્નતાની ઓળખ સુધી દોરી ગયો.

મુનાર પહોંચતા સુધીમાં તો આનંદે સભર થઈ જવાયું, એમ નહીં કહુ; પણ આનંદ આનંદ થઈ રહેવાયું. પહાડોમાં ધમકતી અહલ્યા નામની સ્પંદના અહીં અખંડે લીલી ચાદર બનીને છવાઈ ગઈ હતી. આ અસ્મિતાને સ્પર્શું ના સ્પર્શું ત્યાં તો રસ્તાની ધારે ઉગેલા ઊંચા તોતિંગ વૃક્ષોએ મંત્રમુગ્ધ કરી દીધો. એકબીજાને આલિંગતાં આ વૃક્ષોના લયની સરગમ તો સાવ નિરાળી ! તમે જેટલા નજદીક ઊગો અને ઊછરો છો, એટલા તમે અન્યોન્યને આધાર આપતા આપતા ઊર્ધ્વ ગતિ કરો છો. તમે આલિંગનમાં જીવો છો, ત્યારે ઊંચાઈ પામો છો. અહીં આલિંગન એટલે સમત્વ. સ્પર્શો કે અસ્પર્શ જીવો, પણ એકત્વને અનુભવો. ચાની

ચાદર વચ્ચેથી ઊગેલી આ પરમતત્ત્વ ભણીની આભાર વંદના છે. ઘટાટોપ છાંયો હોય તો નીચે જે ઉગ્યુ છે એ સૂર્ય પ્રકાશના અભાવે ઊછરી ન શકે. મારે મન આ બ્રહ્મની અખંડતાનું વિકાસ દર્શન છે. રબ્બરના વૃક્ષો, નીલગીરી, નાળિયેરી અને વાંસનાં વિશાળ જંગલો, તેઓને પ્રણામ કરીને પલાંઠી વળીને તેઓ વચ્ચે બેસી પડવાનું મન થાય.

ફૂલોને મારી નબળાઈ નહીં કહું, ફૂલો મારી વૈચારિક મહેફિલના કાયમી સાથીઓ છે. ઘર આંગણે પણ સવારે ચાલવા નીકળું ત્યારે મારા હાથમાં ફૂલો હોય છે. ફૂલવાળા દાદૂ એ મારી કાયમી ઓળખ. થોડાક પરિચિત મિત્રો સામે મળે ત્યારે અચૂક ટહુકે, શું ઋતુબહેનને રીઝવવા ફૂલો લઈ જાઓ છો ? હા, આ મારી ઘરવાળી ઋતુના અભિવાદન માટે જ નહીં પણ વિશ્વની ઋતુઓનો આભાર માનવાનો મારો આ પ્રયાસ હોય છે. મુનારમાં તો ખુશ ખુશ. ફૂલોનું અદ્ભૂત વૈવિધ્ય. સમાધિસ્થ પ્રસન્ન મુનિની ખુલ્લી આંખો એ જ ફૂલ ! કોઈએ સરસ લખ્યું છે.

સમાધિસ્થ ઋષિની છે ખુલ્લી આંખો ચાલને પૂછી લઈએ ભીતરની વાતો. અલ્લાહની લીલાશ જેવા આ ઋષિતુલ્ય પહાડોની ખુલ્લી આંખો એટલે પ્રણવનું આ પુષ્પરૂપ, ફૂલોનો નયનરમ્ય વિસ્તાર. તમે કશું પૂછો એ પહેલાં જ જાણે તમને અમી આશીર્વાદ આપતા હોય એવી આ ઋજુતાને હું આ યાત્રાની મારી સૌથી મોટી પ્રાપ્તિ ગણું છું. પહાડોને છાંઈ દેતી લીલાશ એ પરમનું પ્રસન્નકર સ્મિત અને આ ફૂલોનું વૈવિધ્ય એ તેનાં લહેરાતાં આશીર્વાદ, વહેતું વરદાન. ત્યાં પણ સવારે ચાલીને આવતા રસ્તા ઉપરથી થોડાં જંગલી ફૂલો અને એક સુકાયેલી ડાળીને પાણીની ખાલી બોટલમાં ગોઠવીને એ પંચતારક હોટેલની રૂમમાં મેં મારી જાતનું સ્થાપન કરેલું.

મુનારની એ દેવનશાયર હોટેલની પાસે પાણીનું એક સરસ ઝરણું વહે, પહાડ ઉપરથી નીચે ઉતરતાં એ ધોધનું સ્વરૂપ ધારણ કરીને વિસ્તાર પામે.

થોડા સાથી મિત્રો અને એક સ્થાનિક જાણકાર સાથે એ ધોધ તરફની યાત્રા શરૂ કરી. પહાડોની એ ધુમ્મસસભર ખીણ અને પ્રકૃતિનું આળસ મરડીને જાગૃત થવું એ મોંસૂઝણાની ઘટના એટલે આત્મદર્શનનો અવસર.

બધા જ આગ્રહો, હઠાગ્રહો અને પૂર્વગ્રહોના અંધારને ભેદતા સ્વ-ઓળખ દર્શનના સૂર્યોદયને હાથ જોડીને વંદન કરી રહ્યો. ચાના છોડનાં કુમળાં પાન ઉપરથી પરાવર્તિત થતી આ સૂર્યસંવેદના એ તો આત્માનંદનું ઠામ અને ઠેકાણું, દૃષ્ટિને દિવ્યતાથી ભરી દેતો, કોઈપણ કથા કે કંઠી વગર કલ્યાણ સુધી દોરી જતો ક્ષણોત્સવ !

વહેતા રહેતા આ પાણીના પ્રવાહે, નદી અને સમુદ્રના ભિન્ન જળના અભિન્ન સંગમે પાછા વળીને પૂર્ણતાના કિનારે 'બેક વોટર' બનીને વહેતી રહેતી આ પવિત્રતાએ મને જ્ઞાનની ઓળખ આપી છે.

જ્ઞાન એ તો વહેતી વિસ્તરતી પાવક અને પોષક પ્રકાશ ઘટના, એ કદી બંધિયાર ન હોઈ શકે. એ આગળ વધતા વધતા સમગ્રને સ્પર્શીને અડાબીડ જંગલની લીલીશમાં ઊગી નીકળી કે ઊંડાણે ઊતરીને ભીતરી આત્માનંદનો આનંદ ઉજાસ બની રહે. સુવર્ણ રેતીના સમુદ્ર કાંઠાનું અને 'બેક વોટર'નું આ દર્શન એ મારો દિવ્યદૃષ્ટિયોગ. અહીં ઊગેલાં વૃક્ષોની ગીચતા અને ગહેરાઈ તમને ગૂંચવે નહીં પણ આપણાં બધાં જ કર્મોની ભીતરની ગાંઠને ખોલી નાખે. આ લયબદ્ધ સુંદરતાને ગાવા માટે મૌન-રાગ સિવાય અન્ય કોઈ રાગ મને જડતો નથી. આત્મા શુદ્ધિના ઓવારેથી, જ્ઞાનની એક અંજલિ માથે ચડાવું છું.

પેરિયાર સરોવરનું પુણ્ય તો અદકેરું. એકાદ કલાકનું અમારું તેની ઉપર સરકવું, અમારી એ સહેલગાહ એ સ્વ-શૂન્ય થઈ રહેવાની ક્ષણો. વહેતું અને વિસ્તરતું જ્ઞાન જ્યારે દેખીતું સ્થિરત્વ પ્રાપ્ત કરે છે ત્યારે સંપૂર્ણ શરણાગતિનો ભક્તિ યોગ જીવાઈ રહે છે.

આત્મ-દર્શનના જ્ઞાનમાં અને ભક્તિમાં પરમાત્મયોગમાં જાતને શૂન્ય જીવી જવી એ જ જીવન સાર્થકતા, એવી હૃદય-હળવાશની ભેટ આ પેરિયારના પાણીએ અમને આપી દીધી. આવી નિઃસ્પંદિત આનંદ સ્પંદનામાં બધું જ આત્મીય અને પોતીકું લાગવા માંડે છે. મારા સાથી મિત્રો, બોટની રાહ જોઈને, વાંદરાઓથી બચવા એક જગ્યાએ બેઠા હતા, ત્યારે જળરાશિની સાવ નજદીક જઈને વૃક્ષો ઉપરથી વહેતાં પક્ષીઓનાં ગાનને માણતો હું દૂર ઉભો હતો; ત્યાં એક સ્થાનિક પોલિસમેનનો ભેટો થઈ ગયો. પોલિસ હોવાની કરડાકીને સ્થાને કેળવણીની કુમાશ તેના ચહેરા ઉપર ! મેં વાત શરૂ કરતા કહ્યું કે મને તમારા આ પ્રદેશના સ્થાનિક માણસોનું ઘેલું લાગ્યું છે. તમારાં

બધાના સહજ અને સરળ સ્મિતમાં મને શુદ્ધ આવકારનાં દર્શન થાય છે. રસ્તા ઉપર અજાણ્યા માણસોનાં અભિવાદનમાં પણ કશે સ્વાર્થનો ઓછાયો નથી દેખાતો. આમાં કશે વ્યાવસાયિક વિનમ્રતા નહીં પણ વિશ્વેશ્વરની વંદના જેવી પ્રાર્થનાનું ગાન મને સંભળાયા કરે છે.

ઉત્તરમાં સરિમત એ કહે કે મને તમારું ગુજરાત ખૂબ ગમે છે. ગાંધીની ભૂમિ એ તો સાક્ષાત્ દેવભૂમિ. એ ધૂળ, એ ભૂમિના સાક્ષી એવા તમને હું વંદન કરું છું. બસમાં બેઠેલા એવા મને તેણે 'આવજો' કહેવા હાથ ઊંચો કરેલો તેમાં શુદ્ધ પ્રેમ સિવાય કશું ન હોતું.

કોઈ સ્વાર્થ વગર શૂન્ય અપેક્ષાએ જ્યારે તમે પ્રકૃતિ સાથે તાદાત્મ્ય જીવો છો, ત્યારે તમે સ્વયં શુદ્ધતમ લાગણીઓથી અંદર-બહાર ભીના ભીના અને લીલાછમ્મ. જરૂર ઊભી થયે અદૃશ્ય જીનની જેમ પ્રગટ થતા, પણ અન્યથા કશે નજરે ન ચડતા ત્યાંના બધા જ માણસોનું આભૂષણ એ તો સાચુકલું સ્મિત. અહીંના આ માણસોને પ્રકૃતિથી ભિન્ન મૂલવી ન શકાય. વૃક્ષોનું સ્થિરત્વ, જળની ગતિમયતા, પહાડોની સમાધિસ્થ સુંદરતા અને આ બધાનાં અંશોના સરવાળે પૂર્ણ થતી માનવીની જીવંતતા ! કેરાલા, તને સાષ્ટાંગ પ્રણામ !

રસ્તાના કિનારે ઊભાં કરેલ ચર્ચ પણ ભક્તિની નિરવતાનાં પ્રતીકો, માતા મરિયમની મૂર્તિની કરુણા એ જ આ લોકની સેવાવૃત્તિનું ઉગમ સ્થાન. આ બધાં જ ચર્ચની પ્રગાઢ શાંતિથી ચિત્તનું શુદ્ધિપ્રક્ષાલન થઈ રહ્યું. પદ્મનાભનું મંદિર ભવ્યાતિભવ્ય. એક વાયકા મુજબ હિન્દુસ્તાનની જરૂરિયાતોને સળંગ ૪-૫ વર્ષ સુધી વહન કરી શકે એટલી સંપત્તિનો ખજાનો સંઘરીને બેઠું છે એ. દર્શનવ્યવસ્થા ઉત્તમ. પણ મૂર્તિના દર્શન તો તમારે તમારી આત્મજ્યોતિથી કરવા પડે. ગર્ભગૃહમાં ઉઘાર અજવાળુ નહીં, કદાચ ભગવાન વ્હાલ કરીને કહેતા હોય કે આંખો ખુલ્લી રાખ કે મીંચી દે, હું તો તારી ભીતર ઝળાહળા હતો !

હોટેલમાં સવારે નાસ્તો કરતા કરતા, એ વિભાગની વ્યવસ્થા સંભાળતી એક દીકરી સાથે મેં ગોઠડી માંડી. નમ્રતાની એ મૂર્તિને મેં કહ્યું કે તમારી ભાષામાં મને એક ભજન સંભળાવો. પ્રથમ એ ભજનનો ભાવ સમજાવી તેણે થોડુંક ગાયું. તેણે ઋતુને ગાવા કહ્યું, ઋતુએ હિન્દી ફિલ્મનું ગીત ગાયું. એ તો ખુશ ખુશ. અમારી ભાષાને સમજ્યા વગર અમારા ભાવને માણી રહેલ એક પરદેશી બહેન, આનંદે સ્તબ્ધ ! નજદીક આવી કહે કે હું જ્યુરિક છું. ભારતની આધ્યાત્મિકતાની હું ચાહક છું. આ ત્રીજી વખતે અહીં આવી છું. તેની સાથે થોડોક આધ્યાત્મિક સત્સંગ થયો. કેરાલિયન, જ્યુરિક અને ગુજરાતીનું આ અખંડ આનંદસ્પંદન એ જ આધ્યાત્મિકતા, ખરુંને ? અખંડે બધું જ એક, એવી એકત્વની અનુભૂતિમાં આનંદવું એક બ્રહ્મ સાક્ષાત્કાર !

આ યાત્રાના સમયગાળામાં બે સાથી દંપતિની લગ્નતિથિ આવતી હતી. મેઘલભાઈએ પુત્રવત્ એ પ્રસંગ ઊજવ્યો અને ચારે જણને ખુશ ખુશ કરીને તેઓની ખુશીમાં અમને ભાગીદાર કરીને ધન્ય કરી દીધા.

બન્નેએ એકબીજા માટેની લાગણીને શબ્દમાં જાહેરમાં રજૂ કરી. ઓચિંતુ જ્યારે પોતીકા જણ માટે કશું કહેવાનું થાય ત્યારે સંઘરાયેલું સત્ય જ બહાર આવતું હોય છે. અને એ જ સંબંધની સત્ય ઓળખ બનીને એકબીજાને પોંખતુ ને પોષતું હોય છે.

હોટેલમાં એક સાર્વજનિક સાયકલ હતી. મેં તેના ઉપર નાનું ચક્કર લાગવ્યું અને ફોટા પડાવ્યા. કેરલમાં સાયકલ સવારી અશક્ય. ડુંગરાળ ઢાળ અને ચડાણમાં એકબાજુની યાત્રામાં તો સાયકલને દોરવી જ પડે. આખા પ્રવાસ દરમ્યાન એક દીકરીને તેના ઘરની નજીક સાયકલ ફેરવતી જોઈ; એ અપવાદ સિવાય બીજી કોઈ જગ્યાએ સાયકલ દર્શન ન થયાં.

ચાની ફેક્ટરીની મુલાકાત, ઔષધીય વનસ્પતિના ઉદ્યાનનો અભ્યાસ, ગુલાબના બગીચાની ખુશ્બો, કથકલી નૃત્યશાળા, શરીર અને મનની સંવાદિતાને સુપેરે રજૂ કરતી સ્વ-રક્ષણની કસરતોના અંગદાવ, હાથ વણાટની સૂતરની સાડીઓનું ઉદ્યોગ સ્થળ, હાથી સવારી, એક વ્યક્તિના ૪૦ વર્ષના પુરુષાર્થનું જૂની વસ્તુઓ, કલાકૃતિઓનું સંગ્રહ સ્થાન, માછલી પકડવાની ચાઈનીઝ નેટ; આ બધું જ આ યાત્રાનું નજરાણું છે. આ બધી જ અભિવ્યક્તિમાં વ્યક્તિ જ્યારે સ્થાનિક પ્રકૃતિના ચૈતન્યનો અભિન્ન ભાગ બની રહે છે ત્યારે જે લય ઊભો થાય છે, તેને જ હું ઈશ્વર દર્શન કહું છું. કેરલ એટલે આવા સ્પષ્ટ ઈશ્વરદર્શનનું ઠામ અને ઠેકાણું!

ઘરવાપસીના દિને કોચિનદર્શનમાં ટ્રાફિકને કારણે બપોરનું ખાણું હોટેલમાં ન લેતા, એરપોર્ટ ઉપર લંચ-પેક

મંગાવી લીધાં. હવે તો પ્લેનમાં ખા'શું એમ નક્કી કરીને પ્લેનમાં બેઠા. અંદર જમવાનું શરૂ કર્યું અને એર હોસ્ટેસ સસ્મિત પૂછી બેઠી, કશું જોઈએ છે ? મેં કહ્યું હા, આ પૂરું કરવામાં મદદની જરૂર છે. તમે દીકરી જેવાં છો, અમારી સાથે જમવામાં જોડાશો ? બીલકુલ ધંધાકીય નહીં, પણ સાચુકલું સ્મિત કરીને એ આગળ સરકી ગઈ !

આ યાત્રા ચિંતન છે, અહીં કોઈ ભૌગોલિક વર્ણન, ઐતિહાસિક તવારીખની છાનબીન નથી. આ યાત્રાની ક્ષણોમાં મારા ચિત્તે જે સ્મિતસુગંધ એકઠી થઈ છે તેનો સસ્મિત પ્રસાર છે. તે ધબકાર, એ સ્પંદનને સાથીઓ સાથે જીવંત માણવાનો, થોડુંક વહેંચવાનો આ પ્રયાસ છે. આખો વખત ચડ્ડીમાં ફરતો હું અને ચડ્ડી પહેરેલી એક દીકરી અમે બન્ને યાત્રા-સાથીઓની ઉંમરના બે અંતિમો હતાં, પણ વિસ્મયે હું તેના જેવું બચ્ચું જ !

સાચુકલું સ્મિત એ આત્મનો ઉઘાડ છે. દેહભાવ શૂન્ય થઈ જાય ત્યારે જ આત્મભાવ પ્રગટે છે. મારી સ્મરણગઠરીમાં જે સાચુકલા સ્મિત એકઠાં થયાં હતાં એ ગઠરીને ખભે ભેરવીને અમદાવાદ એરપોર્ટ ઉપર અમારા સૈયદ સાહેબનો સારથિ સસ્મિત અમને આવકારતા ઊભો હતો, તેનાં સંગાથે ઘર ભણી...

જે સ્વયમ્ સ્મિતનો મલ્હાર છે. એવા મેઘલ મહારાજાનું સ્મરણ કાયમ રહેશે.

૧૨૧૯/૬, કર્ણાક, ઘોઘા સર્કલ, ભાવનગર
૯૪૦૯૪૭૦૬૨૪

**(અનુસંધાન પાના નં. ૪૬૮ ઉપરથી)**

બનાવ્યા પણ સારો સંસ્કારી માણસ બનાવવામાં એ નિષ્ફળ રહ્યું છે. લાખો મંદિરો અને કથાઓ પછી પણ જો આપણે વિવેકી ન બનીએ અને આવા બિનજરૂરી વિવાદો કરીએ તો આપણી પાત્રતા અને સમજણ સામે જ મોટો પ્રશ્ન ઊભો થાય છે ! મને કહેવા દો, પૂ. બાપુએ આપણા સમાજમાં જે વિચારક્રાંતિ વેગવાન કરી છે, એ જ વાત જો એમણે પાશ્ચાત્ય જગતમાં અંગ્રેજીમાં કરી હોત તો ત્યાંના સમાજે તેમને મોટા ફિલૉસૉફર તરીકે નવાજ્યા હોત ! એ સમાજની ઘણી બધી મર્યાદાઓ છે, પણ એ લોકો એમના વિચારસ્રોતોને ક્યારેય સુકાવા દેતા નથી; એ આપણે સ્વીકારવું રહ્યું ! ભલભલા માણસ માટે કોઈપણની માફી માંગવી એ ભારે હિંમત અને સમજણ માંગી લે તેવું વર્તન છે. વિશ્વવિખ્યાત, પ્રતિષ્ઠિત અને વંદનીય એવી કોઈપણ વ્યક્તિ જ્યારે બે હાથ જોડીને માફી માંગે ત્યારે આપણને તેની અધ્યાત્મિક ઊંચાઈ, ઉદારતા, સમસરતા, ધર્મ અને વિવેકની અનુભૂતિ થઈ જાય છે. ડાહ્યા લોકોએ સમજવાનું છે કે આવી માફી ભૂલના સ્વીકાર માટે નથી હોતી, પરંતુ વિવાદને સંવાદ તરફ દોરી જવાની પહેલરૂપે હોય છે.

ગીતાબોધ પ્રમાણે સંવાદ એ સ્વસ્થ સમાજની કરોડરજ્જુ છે. એટલે આપણે આપણા સમાજના ઘરેણારૂપ વિચારકો અને દાર્શનિકોને પૂરા આદર અને પ્રેમ સાથે સાચવવાના છે. આપણા આ વિચાર-પુરુષો આપણાથી થાકવા ન જોઈએ નહીંતર તેનું નુકસાન આપણા સહીતની અનેક પેઢીઓને જશે. આપણને જે પ્રકારનાં સમાજ અને જીવન જોઈએ છે, તેનો રસ્તો ચિંધનાર પૂ. બાપુ જેવા વિચારકો છે. આપણે જ્યારે આપણા રોજ-બ-રોજના કામમાં વ્યસ્ત હોઈએ છીએ; ત્યારે આપણા વિચારકો-દાર્શનિકો આપણા વતી અને આપણા માટે જીવનની મૂંઝવણો ઊકેલવાનો અથાગ પરિશ્રમ કરતા હોય છે. ભારતવર્ષની હજારો વર્ષની અધ્યાત્મિક-બૌદ્ધિક પરંપરાને પૂ. બાપુ જેવા સંતોએ જાળવી છે અને સાધ્યને અચળ રાખીને સ્થળ-કાળ અનુસાર સાધનો બદલીને તેને સમૃદ્ધ કરી છે. મહાભારતમાં આવતી વાત પ્રમાણે આ પૃથ્વી 'અકૂપાર' નામના કાચબાની પીઠ પર ટકેલી છે. આ 'અકૂપાર' એટલે પૃથ્વી પરનું આપણું વિચારબળ જેને પૂ. બાપુ જેવા લોકો પોતાના સમગ્ર જીવન-પરિશ્રમ વડે પ્રજ્વલિત રાખે છે. હવે આપણા સૌ માટે સવાલ એટલો જ છે કે આવી વિચાર-જ્યોતને યથાશક્તિ મદદ કરવી છે કે એને હેરાન કરીને પૃથ્વીને કાચબાની પીઠ પરથી પાપરૂપી પાતાળમાં ધકેલી દેવી છે !

Now it is enough ! આપણે સૌ પરસ્પરને ચાહીએ અને કોઈપણ વિવાદને સંવાદથી ઉકેલીએ, એ જ સૌની શોભા વધારતાં વર્તન અને વ્યવહાર ગણાશે. ચાલો, આપણે સંવાદને સથવારે પરસ્પરની સારપથી ભીંજાઈ જઈએ...

— (signature)

## (૦૩) ગીતાની યજ્ઞભાવનાને ચરિતાર્થ કરતા પુરુષ એટલે માનભાઈ ભટ્ટ

- પ્રવીણચંદ્ર ઠક્કર

ભાવનગરની પ્રજાનું એ પરમ સદ્‌ભાગ્ય રહ્યું છે કે તેમને વૈધિક-અવૈધિક કેળવણીના ક્ષેત્રે, સમગ્ર ગુજરાત નહીં, રાષ્ટ્ર પણ ગૌરવ લઈ શકે તેવા ઋષિઓ મળ્યા છે. ચાર ધોરણનો અભ્યાસ કરેલા, દક્ષિણામૂર્તિના વિદ્યાર્થી અને જેમણે પોતાની ઓળખાણ 'લોઢાકૂટ મજૂર' તરીકે આપવાનું પસંદ કર્યું તે સ્વપ્રસેવી, સંવેદનશીલ માનભાઈ ભટ્ટે 'સર્વોદય'ની ભાવનાને મૂર્તિમંત કરવા માટે ઈ.સ. ૧૯૩૯માં 'શિશુવિહાર'ની સ્થાપના કરી. વિક્રમ સંવતના પ્રથમ-મંગલ દિવસે જમનાકૂંડના હરિજનવાસ પાસે ખરાબાની જમીનમાં શિશુઓને વિહાર કરવા માટે કેળવણીકાર હરભાઈ ત્રિવેદીએ એક હીંચકો રોપીને, સંસ્થાના શ્રીગણેશ કર્યા.

શ્રમિકો- વંચિતો પરત્વે તેમના હૃદયમાં સદૈવ અપાર કરુણા વહ્યા કરતી હતી, કારણ કે પોતેય શ્રમિક રહ્યા હતા. પિતા તો ફોજદાર હતા. ભાવનગર રાજ્યમાં નામના હતી. પણ તેમની વગનો ઉપયોગ કરવાનું તેમણે પસંદ ન કર્યું. જાતમહેનતથી આગળ વધવા તેઓ કટિબદ્ધ હતા, એટલે ૧૭ વર્ષની કિશોર વયે ભાવનગર પોર્ટમાં કોલસા ભાંગવાના કામમાં 'કોલમેન' તરીકે જોડાયા. રોજની ૩૬ પૈસા આવક ! માનભાઈ કોઈ સામાન્ય શ્રમિક નહોતા, પ્રણાલિકાગત અભ્યાસમાં ભલે આગળ વધ્યા નહોતા, પણ આર્યસમાજી-ક્રાંતિકારી દાદાજીએ ઉત્તમ પુસ્તકો વાંચવાની પ્રેરણાનું સિંચન કરેલું. માનભાઈના વિશાળ વાચનને પરિણામે તેમને નાની વયે જ દઢ પ્રતીતિ થઈ ગઈ હતી કે શિક્ષણ અને સમજણ દ્વારા જ શ્રમિકોના જીવનમાં અજવાળાં પાથરી શકાય તેમ છે. એટલે નોકરીનો પ્રારંભ કર્યો તેની સાથે જ શ્રમિક વિસ્તારમાં વ્યસનમુક્તિ, અસ્પૃશ્યતા નિવારણ, બારમા-તેરમાનો નિષેધ, વિધવા-વિવાહ જેવા અનેકવિધ વિષયો ઉપર જાગૃતિમૂલક કાર્યક્રમો પ્રયોજતા ગયા. રાત્રે જાહેર થાંભલાના દીવાના અજવાળે પોતે બેઠા હોય. મેઘાણીના ગીતો બુલંદ અવાજે લલકારે. લોકો એકત્ર થઈ જાય અને પછી સાથે ગુરુજીના 'શ્યામની મા' પુસ્તકમાંથી થોડા અંશો વાંચે. સૌ પ્રભાવિત થઈ જાય. બીજા દિવસે બીજા વિસ્તારમાં બેઠક યોજાય. લોકોની વાચન પરત્વેની ઉત્સુકતા જાગતી ગઈ. ફરતા પુસ્તકાલયની શરૂઆત થઈ. બાળકો માટેનું ક્રીડાંગણ અનન્ય ઉત્સાહનો પર્યાય બની ગયો. બજરંગ વ્યાયામશાળાએ યુવાનોમાં અદમ્ય આકર્ષણ જન્માવ્યું. બચત અને ધીરાણ પ્રવૃત્તિ શરૂ થઈ. કામદારોની કાર્યક્ષમતા વિકસાવવા ટેક્નિકલ વર્ગો યોજાયા. ગોદી કામદાર હાઉસિંગ મંડળી 'પોતીકા ઘરના' સપનાને સાકાર કરવામાં સહાયભૂત થઈ. ૧૯૩૮માં નવજીવન બાલમંદિરની શરૂઆત થઈ. ગૂજરાત વિદ્યાપીઠ સ્નાતક શાંતિનિકેતનના વિદ્યાર્થી, નાનાભાઈ પ્રેમશંકરભાઈએ આ જવાબદારી સંભાળી લીધી. આ તમામ કાર્યક્રમોને વૈધિક સ્વરૂપ આપવા નામાભિધાન થયું 'આનંદ મંગલ મંડળ' ! માનભાઈ 'સૌના ભાઈ' તરીકે હવે સ્થાપિત થઈ ચૂક્યા હતા.

શિશુવિહાર આજે ૭૯ વર્ષના વહાણા વીતી ગયા પછી 'હીંચકાઓનું વન' બની ઝૂમી ઊઠ્યું છે. હજારો બાળકો ક્રિડાંગણમાં કલરવ કરે છે. રમકડાઘરમાં રમતો રમે છે. બાલદેવવન-નોલેજ પાર્કમાં સ્વર્ગીય આનંદ માણે છે. બાલમંદિરમાં સંસ્કારલક્ષી શિક્ષણ પ્રાપ્ત કરે છે. સંસ્થાથી લાભાન્વિત થતાં નાનાં મોટાં બાળકો અને વાલીઓમાં મુસ્લિમ પ્રજાની ખાસ્સી એવી સંખ્યા હોય છે. સંસ્થાએ સામાજિક સૌહાર્દ અને ભાઈચારાની સ્થાપનામાં સહજ ભાવે અદ્‌ભૂત ભૂમિકા ભજવી છે. સંસ્થાની ૩૬ વર્ષથી વધુ નિયમિત પ્રવૃત્તિનો વર્ષે ૬ લાખથી વધુ વ્યક્તિઓ પ્રત્યક્ષ-પરોક્ષ લાભ મેળવી રહી છે. બહેનો-ભાઈઓ માટે સિવણકામ, યુવાનોને સ્કાઉટ તાલીમ, વિદ્યાર્થીઓને કમ્પ્યુટર શિક્ષણ, બીમાર માટે વિનામૂલ્યે સાધન સેવા,

ફિઝિયોથેરાપી-ફિટનેસ સેન્ટર, આયુર્વેદિક ઔષધાલય, આંખના દર્દીઓ માટે નેત્રયજ્ઞ-ચશ્મા વિતરણ, જિજ્ઞાસુ બાળકો માટે બાલ પુસ્તકાલય, અસહાય માતાઓને રોજગાર સહાય, માધ્યમિક શાળા અને કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક સહાય, સર્જકો માટે બુધસભા. પ્રાંગણ પર અન્ય સંસ્થાઓ દ્વારા પ્રયોજાતી પૂરક-સમસામાયિક પ્રવૃત્તિઓ તો ૪૫૦થી વધુ થવા જાય છે. આ હીરાબહેન ભટ્ટની જન્મશતાબ્દી નિમિત્તે અવૈધિક શિક્ષણની અનેકવિધ પ્રવૃત્તિઓ પ્રારંભ થવા જઈ રહી છે.

શિશુવિહારની દરેક પ્રવૃત્તિ સેવા, સમર્પણ, સ્નેહ, સમજ અને શ્રદ્ધાનું પરબ બની શકી તેના મૂળમાં છે માનભાઈએ નિશ્ચિત કરેલા સિદ્ધાંતો. સંસ્થાના સૂચકાત્મક પ્રતીકમાં છે નીચે ફૂલનું અધિષ્ઠાન. સંસ્થા સૌ સાથે સંબંધ સ્થાપે છે વાત્સલ્યસભર હૃદયથી. આ ફૂલ ઉપર છે ઊંચે આકાશ સામે પ્રદર્શિત થતી મક્કમ બંધ મુઠ્ઠી. સંસ્થાના સંચાલન-વિકાસ સમયે મૂલ્યોના જતન પ્રસંગે કોઈ અંતરાયો-વિઘ્નો આવે તો પ્રતિકાર કરવાનો છે એટલે શિશુવિહારના મિશનના શબ્દો છે 'નિરંતર પ્રતિકારભર્યો પુરુષાર્થ કરી પ્રભુ પ્રીત્યર્થે બીજા માટે કંઈક કરી છૂટીએ'.

માનભાઈના વ્યક્તિત્વની વિશેષતાઓ:

(૧) નિષ્કામ કર્મ :

માનભાઈએ દરેક પ્રવૃત્તિ કરી નિષ્કામભાવે, સાક્ષીભાવે, અનાસક્તભાવે. કેટલીક પ્રવૃત્તિઓ સ્થિર થઈ ગઈ પછી તેનો મોહ રાખ્યા વિના, કોઈ શરત વિના બીજી સંસ્થાને સોંપતા. નવજીવન માધ્યમિક શાળા, ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર, એમ્બ્યુલન્સ સેવા, રેડક્રોસ, વૃદ્ધાશ્રમ, રક્તદાન-દેહદાન વગેરે. શિશુવિહાર ઈ.સ. ૧૯૯૨થી સમાજની સારપનો પરિચય કરાવવા દર વર્ષે નાગરિક સન્માન-વૃદ્ધજન સન્માન સમારોહનું આયોજન કરે છે. પણ માનભાઈએ જાતે વ્યક્તિગત રીતે કોઈપણ માન-અકરામથી વેગળા રહેવાનું પસંદ કર્યું.

અલબત્ત, સંસ્થાના કામની કદરરૂપે એવૉર્ડ પુરસ્કાર માટે તેમણે સંમતિ આપી હતી. તેમના અમૃત મહોત્સવ પ્રસંગે દિવ્યજીવન સંઘ દ્વારા શુભેચ્છા સમારંભનું આયોજન નિશ્ચિત થઈ ગયું હતું. વીરનગરથી ડૉ. શિવાનંદજી અધ્વર્યુ આવવાના હતા. માનભાઈને જાણ થતાં તેઓ તે દિવસે બહારગામ જાઉં છું કહીને ઉપડી ગયા રંઘોળા. ત્યાં ભવનાથ મંદિરે આવેલી ગૌશાળાની સફાઈ કરવા લાગ્યા ! તેમની અંતિમ વિદાય પૂર્વે તેમણે આપેલી અનેક સૂચનાઓ પૈકી એક હતી "મારા ફોટાને હારતોરા કરવા નહીં. સંસ્થાની પ્રવૃત્તિ બંધ ન રાખવી."

(૨) સંવેદના :

૧૯૬૭થી પ્રાંગણ ઉપર નેત્રયજ્ઞ યોજાય છે. અહીં જ ઑપરેશનની સુવિધા. છ દિવસ સુધી દર્દીઓને રહેવા-જમવાની સરસ વ્યવસ્થા. સવારે ૭ વાગે ચા-નાસ્તો મળે. માનભાઈને વિચાર આવ્યો કે કેટલાંક વૃદ્ધ ભાઈ-બહેન ચાના બંધાણી હોય છે. તેમને વહેલી સવારે ચા જોઈએ એટલે પોતે સવારે ૪ વાગે ઊઠી જાય. જાતે ચા બાનાવી જગમાં ભરી, લઈ જાય અને જરૂરિયાતવાળાને ચા આપે. સાથે સુખ-દુઃખની વાતોમાં ભાગીદાર બને. એક વખત ડૉ. શિવાનંદજીએ સૂચન કર્યું કે સંસ્થામાં દર્દીઓની એક સપ્તાહ વ્યવસ્થા કરવાને બદલે તેમને ઑપરેશન માટે વીરનગર લઈ જવામાં આવે તો ખર્ચમાં ઘણી બચત થાય. માનભાઈએ જવાબ આપ્યો : આ નેત્રયજ્ઞ માત્ર દર્દીઓને દૃષ્ટિ આપવા માટે નથી. તે કોમી એકતાનો સંદેશો પણ આપે છે. વાણિયા-બ્રાહ્મણ કે મુસ્લિમ સૌ સાથે રહે છે-જમે છે. અને વળી મારા કાર્યકરોને, દર્દી નારાયણની સેવા કરવાની આવી શ્રેષ્ઠ-ઉમદા તક ક્યાંથી મળવાની ? શહેરમાં ગટર સફાઈનાં કામો ચાલતાં હોય તો શ્રમિકોને ડુંગળી આપવા પહોંચી જાય. ઉનાળામાં થેલીમાં અલગ અલગ નંબરના ચંપલ લઈને જાય. ચંપલવિહોણા રાહદારીને ચંપલ આપે.

(૩) નિર્ભયતા-મક્કમતા :

એક પ્રાર્થનાસભામાં માનભાઈ ગયા. પ્રાર્થના સમયે જ કેટલાક લોકો અંદરોઅંદર વાતચીત કરી રહ્યા હતા. તેઓ ઊભા થઈને કહેવા લાગ્યા "પ્રાર્થના બંધ કરો, જ્યાં શાંતિ જળવાતી ન હોય ત્યાં પ્રાર્થના કરવાનો શો અર્થ છે ?" સંસ્થા પાસે રક્તદાતાઓની એક યાદી રહેતી. કોઈ દર્દીને રક્તની જરૂર હોય તો માનભાઈ તેમનો સંપર્ક કરવા સૂચવતા

પણ શરત એટલી કે દર્દીના સંબંધીએ પહેલા પોતે રક્તદાન કરવાનું. એક દિવસ રાત્રે કેટલાક લોકો આવ્યા. કરડાકીથી કહેવા લાગ્યા 'લો, ડૉક્ટર સાહેબની ચિઠ્ઠી. અમારે લોહી જોઈએ છીએ.' માનભાઈએ લાક્ષણિકતાથી જવાબ આપ્યો 'બોઘડું (ઘડો) લઈ આવ્યા છો ? જુઓ, ગાય-ભેંશની જેમ દોહવાથી લોહી મળે નહીં.' પેલા ભાઈ કહે : 'અમારે તો લોહીના પૈસા આપવાના છે'. 'તમે પહેલા રક્તદાન કરી આવો પછી જ લોહી મળશે.' એમ કહીને તેઓ ઘરમાં ચાલ્યા ગયા. પણ તેઓ તો કરુણાના સાગર હતા એટલે થોડી વારમાં પહોંચ્યા રક્તદાતાને ઘેર. તેને લઈ સરકારી દવાખાને જઈ, જે પ્રસુતા સ્ત્રીને આવશ્યકતા હતી તેના ગ્રુપનું લોહી અપાવી દીધું. બીજા દિવસે માનભાઈ ફરી હૉસ્પિટલે ગયા. તે મહિલાની સફળ ડિલિવરી થઈ ચૂકી હતી. નવજાત દીકરાના હાથમાં ર રૂ. મૂકી આશીર્વાદ આપ્યા અને પછી મોટી મૂછોવાળી વ્યક્તિને પાંચ રૂપિયા આપી વ્યંગાત્મક ભાષામાં ઠપકો આપ્યો "તમારી ઘરવાળી માટે લોહી આપવામાં બીક શાની ? જાઓ, હવે હજામની દુકાને અને મૂછો કપાવી નખો".

(૪) સાધનશુદ્ધિ :

તેમના દીકરા હરેશભાઈ વેલો ઈન્ડસ્ટ્રીઝમાં સર્વિસ કરે. તેમણે એક નવી સાયકલ ખરીદેલી. તેને સાફ કરવા માટે ફેક્ટરીમાંથી, મશીનની સફાઈ માટે રાખેલા કોટનના કટકામાંથી એક કટકો તેમણે લઈ લીધેલો. માનભાઈ તે જોઈ ગયા. તેમણે હરેશભાઈને તાત્કાલિક ફેક્ટરીએ પાછા મોકલ્યા "જાઓ, શેઠને પગે લાગી માફી માગી આવો અને કટકો પાછો આપી દો." હરેશભાઈને પછી તેમણે મખમલનો સરસ કટકો આપ્યો. ભાવનગરમાં એક પ્રખ્યાત કથાકારની કથાનું આયોજન થયું હતું. તેના પ્રચાર માટે વીજળીના જાહેર થાંભલા ઉપર કથાકારના કટઆઉટ મૂકેલા અને તેની નીચે સિરિઝ ગોઠવેલી. તેને પ્રકાશિત કરવા સ્ટ્રીટ લાઈટના થાંભલામાંથી સીધું જોડાણ મેળવવાની વ્યવસ્થા કરેલી. માનભાઈ તે જોઈ ગયા. તુરંત તેમણે કથાકારને પત્ર લખ્યો "તમે તો કથામાં સત્ય અને પ્રામાણિકતાનો ઉપદેશ આપવાના છો અને બીજી તરફ સમાજને ચોરી કરતા અટકાવતા નથી". કથાકારે માફી માગી અને ગોઠવેલ સિરિઝ કાઢી લેવામાં આવી.

(૫) સમયપાલન :

આઝાદી પછી પ્રથમ સ્વાતંત્ર્યદિનની ઉજવણી શિશુવિહાર દ્વારા આનંદનગરમાં થવાની હતી. સવારે ૮-૩૦ વાગે કલેક્ટરશ્રી ધ્વજવંદન કરાવવાના હતા. તેઓ સમયસર ન આવ્યા. માનભાઈએ રાહ જોયા વિના વિધિ કરાવી લીધી. આઠ મિનિટ પછી આવેલા કલેક્ટરે માફી માગવી પડી. માનભાઈના એક પ્રિય વિદ્યાર્થીના લગ્નપ્રસંગે તેમને જવાનું હતું. બે હાર અને બે પુસ્તકો લઈને બપોરે ૪-૩૦ વાગે સમારંભના સ્થળે તેઓ પહોચ્યાં. મહારાજશ્રી હજુ નહોતા આવ્યા. વરવધૂને આશીર્વાદ આપી તેઓ નીકળી ગયા.

એક નવા આવેલા બહેન ચશ્મા વિતરણનું કામ સંભાળે. કાર્યક્રમના આગલા દિવસે તેમણે આ વિતરણ માટે જરૂરી કામો પૂરાં કરેલાં નહીં. માનભાઈએ જાતે તે કામો પતાવી દીધાં. તેમનો નિયમ હતો : આવતીકાલનાં કામોનું પૂર્વઆયોજન આગલા દિવસે જ સંપન્ન કરવું.

મુઠ્ઠી ઊંચેરા સાધક માનભાઈને શિશુવિહારના ભવિષ્યની જરાયે ચિંતા નહોતી. ઈ.સ. ૧૯૯૫માં તેમણે તેમના પુત્ર ડૉ. નાનકભાઈને એક પત્રમાં લખ્યું હતું 'મને કોણે તૈયાર કર્યો છે ? પરમાત્માએ મને વાવણિયો બનાવ્યો. જે ચુલાના લાકડાની જેમ તટસ્થવૃત્તિથી જીવન સમર્પણ કરવા તૈયાર થશે તે સંસ્થાનો-મારો વારસદાર બનશે.' આજે સરદાર યોજના સમયે પુનર્વસવાટના ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર, રિલાયન્સ ગ્રામવિકાસ ટ્રસ્ટના રાજ્ય સંયોજક લેખક-ચિંતક ડૉ. નાનકભાઈ સંસ્થાની ધુરા સંતોષકારક રીતે કાર્યક્ષમતાથી વહન કરી રહ્યા છે.

●---------●●●--------●●●---------●

૨૦૨, 'ઑર્કિડ', તસ્કીન સોસાયટી, શુક્લનગર ચાર રસ્તા, સમા, વડોદરા - ૩૯૦૦૦૨, મો. ૯૪૨૬૪૬૧૦૯૦

## (૦૪) આતંકવાદ

- ડંકેશ ઓઝા

લોકમિત્રા - ઢેઢુકી કન્યાશાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની નયનાએ તા. ૨૩-૭-૨૦૧૮ ના એક અંતર્દેશીયપત્રથી નીચે મુજબની વિનંતી કરી. તેને મેં જે જવાબ લખ્યો તે બન્ને વાચકો માટે પણ રજૂ છે :

"તમને પત્ર લખવાનું કારણ એ છે કે આપણા દેશમાં આતંકવાદ વધતો ચાલ્યો છે, જે દેશના લોકોની ઘણી સમસ્યામાંની આ એક સમસ્યા છે. આપણે આતંકવાકને પાયામાંથી સમજવાનો પ્રયત્ન કરીએ તો કદાચ તેનો કંઈક અંત આવે તેવા વિચાર સાથે અમે આ પ્રોજેક્ટની શરૂઆત કરી રહ્યા છીએ. તેની શરૂઆત વિવિધ ક્ષેત્રમાં કાર્યરત લોકોનો આ સમસ્યા વિશેનો દૃષ્ટિકોણ અને વિશ્લેષણ અમે જાણવા-સમજવા માગીએ છીએ જેથી એના ઉકેલ માટેના યોગ્ય પ્રયત્નો કયા હોય તે વિચારી અને સમજી શકીએ. આ માટે આપને પત્ર લખી રહી છું. આંતકવાદ એટલે શું ? તમે શા માટે તેવું માનો છો ? તમારા મંતવ્યો જણાવવાની નમ્ર વિનંતી કરું છું. તમે તમારા વ્યસ્ત સમયમાંથી મારો પત્ર વાંચ્યો અને વાંચવા માટે સમય કાઢ્યો તેથી હું તમારી ખૂબ આભારી રહીશ."

પ્રિય બહેન નયના,

દેશમાં વધતી જતી આતંકવાદની સમસ્યા અને માનવતા વિશે તમે અભ્યાસ કરવાના છો તેથી આતંકવાદને પાયામાંથી સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છો. આ બાબતે મારો દૃષ્ટિકોણ અને વિશ્લેષણ કેવાં છે તે તમે જાણવા અને સમજવા માંગો છો. તમારી અપેક્ષા આતંકવાદ નામની સમસ્યાના યોગ્ય ઊકેલ માટેના પ્રયત્નોની પણ છે. તો ચાલો, આપણે એ વિશે સાથે વિચારીએ.

આપણા ઘરમાં અને ક્યારેક આપણી શાળામાં એવાં બાળકો જોઈએ છીએ જે બહુ જિદ્દી હોય છે. પોતાનું ધાર્યું કરાવવા માગતાં હોય છે. પોતાની માંગણી કે અપેક્ષા સંતોષાય નહિ તો તેઓ પોતે એવી ધમાલ કરી મૂકે છે કે બીજાની પણ શાંતિ અને સ્વસ્થતા હણાઈ જાય ! આખું વાતાવરણ તંગ બની જાય. માતા-પિતાને કે શિક્ષકને શું કરવું તેની ગતાગમ ન પડે. આખરે બાળકની વાત માની લીધા વિના છૂટકો ન થાય.

પ્રત્યેક બાળક આવું નથી હોતું. આત્યંતિક હદે એટલું જિદ્દી પણ નથી હોતું, પણ કેટલાંક એવાં હોઈ શકે છે. આપણે જેમને 'મૂછાળી મા' તરીકે ઓળખીએ છીએ તે ગિજુભાઈએ એમના સમયમાં, એટલે કે વર્ષો પહેલાં, નાનકડી ચોપડી લખેલી જેનું નામ હતું. 'મા-બાપ થતાં શીખીએ.'

બાળઉછેરમાં ઘણું ધ્યાન રાખવાનું હોય છે. બાળકની સાચી વાત સ્વીકારવી જોઈએ. ખોટી વાત, એ કેમ ખોટી છે, તે તેને સમજાવાનો પ્રયત્ન પણ કરવો જોઈએ. તેની બધી માંગણીઓ જેમ સ્વીકારાય નહિ, તેમ યોગ્ય માંગણીઓ નકારાય પણ નહિ. બાળક પર ખોટો આરોપ મૂક્તાં પહેલાં હજારવાર વિચાર કરવો જોઈએ. તે સાચું બોલતો હોય ત્યારે તું ખોટું બોલે છે, એવું ન કહેવું જોઈએ. મોટેરાનો એવો અભિપ્રાય તેને ખોટી દિશામાં ધકેલી દે એવું બનવા પૂરો સંભવ છે. નાનું બાળક પણ જિદ્દી બનીને આતંક પ્રસરાવી શકે છે.

આવું જ મોટામાં પણ બને છે. કિશોરવયના બાળકો મમ્મી-પપ્પાને 'મારી વાત નહિ માનો તો હું આમ કરીશ' કહીને ધ્રુજાવી મૂક્તાં હોય છે. પછી મા-બાપ ડરીને તેની ખોટી માંગણી પણ સ્વીકારી લેતાં હોય છે. ઘરમાં દાદા હોય તો તે બધાંને સાચવી શકે પણ કેટલાક દાદાઓ 'દાદાગીરી' કરતા હોય છે. કેટલાક શિક્ષકો પણ બાળકોને સખત શિક્ષા કરીને ડરાવતા હોય છે. આવા વાતાવરણમાં ક્વચિત આતંકવાદનાં બીજ રોપાતાં હશે.

જેમ ઘરમાં, જેમ શાળામાં, તેમ સમાજમાં પણ. દેશમાં કેટલાંક જૂથો પોતાની સાચી-ખોટી માંગણીઓ માટે જીદ કરતાં હોય છે. પછી સરકારો યોગ્ય માર્ગ અપનાવવાને બદલે ક્યાં તો ખોટી માંગણી સ્વીકારી લે છે, ક્યાં તો એ

જૂથને કચડી નાખવા પ્રયાસ કરે છે. ખરેખર તો આવી સ્થિતિ પેદા ન થાય એવું સ્વસ્થ વાતાવરણ કાયમી બનવું જોઈએ. સાચી માંગણી લઈને આવતાં કોઈ ડરે નહિ એવું હોવું જોઈએ. માંગણી ખોટી હોય તો સરકારે કડપ પણ દાખવવો જોઈએ. બોલાવીને ચર્ચા કરવી જોઈએ. હિંસા પર ઊતરી ન આવવું જોઈએ.

જો તમને જિદ્દી બાળકની વાત સમજાશે તો દેશ અને દુનિયામાં પ્રસરેલી આતંકવાદની સમસ્યા પણ સમજાશે. પછી થોડું વધારે વાંચવું પડે. ઊંડાં ઊતરીને મૂળ પ્રશ્ન સુધી જવું પડે. સમસ્યાના તાણા-વાણા ઊકેલીને સમજતાં શીખવું પડે. આ સહેજેય અઘરી વાત નથી.

તો મુશ્કેલી ક્યાં છે ? મુશ્કેલી એ છે કે એક પક્ષ જીદ કરે છે ત્યારે બીજો પક્ષ ક્યાં તેની ઉપેક્ષા કરે છે, સવાલને સમજવા માગતો નથી અને કંઈક અનપેક્ષિત પ્રતિક્રિયા પ્રગટ કરી બેસે છે. સમજણનું વર્તુળ પૂરું થઈ જાય છે અને ગેરસમજનો માહોલ ઊભો થઈ જાય છે. પછી બન્ને પક્ષ પોતે સાચો હોવાનો દાવો કર્યા કરે છે, પણ પ્રશ્નનો ઉકેલ કરતા નથી.

તો શું કરવું જોઈએ ? એકબીજાને સમજવાનો સતત પ્રયાસ ચાલુ રાખવો જોઈએ. બીજા પક્ષ પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ દાખવવાં જોઈએ. વાટાઘાટાનો માર્ગ કદી બંધ ન થવો જોઈએ. શક્ય તેટલી સાચી વાત સ્વીકારવામાં જીદ આડે ન આવવી જોઈએ. આપણે પ્રશ્નોને ઊકેલતા નથી ત્યારે જ તે સમસ્યાનું રૂપ ધારણ કરે છે.

મને લાગે છે કે હું તમને કંઈક અંશે આતંકવાદની સમસ્યા અને તેના ઊકેલ બાબતે મારું દૃષ્ટિબિંદુ, સમસ્યાનું વિશ્લેષણ કરીને સમજાવી શક્યો છું. આ અંગે વધુ ચર્ચા જરૂર થઈ શકે. કોઈ નવા પ્રશ્નો હોય તો મને તેનો જવાબ આપવાનું ગમશે.

●---------●●●--------●●●---------●

૬, સ્વાગત સિટિ, મુ.પો. અડાલજ, ૩૮૨૪૨૧, જિ. ગાંધીનગર

## આપણાં મલકમાં બોલ્યો બપૈયા
## - જયંતીલાલ દવે

આપણાં મલકમાં બોલ્યો, બપૈયો
દૂર દૂરથી સૂર સૂણ્યા, માણીગર !

નણદલના ટાણાં વીર, બીજ મૂલવવા જાજો
વાવણીના ટાણાં, આવે માણીગર !

મ્હારા સમ દઉં, મેલી દયો ચિંતા,
ઓતરાદી નજરું નાખો માણીગર !

પિયુ, પિયુ, પિયુ, પિયુ બોલે બપૈયો
વાવડ વરસાદના દીધા, માણીગર !

આથમણી વાડીએ આંબાના ઝાડવા
લાલઘૂમ કૂંપળે કોળયા માણીગર !

એની પીચકારી લાલ, લાગી મોરા ઉરમાં
કંકુના રંગમાં રોળ્યા, માણીગર !

આંબલાના છાંયડે, ભાત ઉતારશું
અમરતના ઓડકાર, આવે માણીગર !

નવી નકોર, લાલ ચૂંદડલી સોહે
રમશું આઠમને મેળે માણીગર !

આપણાં મલકમાં બપૈયો બોલ્યો
દૂર દૂરથી સૂર સૂણ્યા માણીગર !

---

સેકટર-૧, બી પ્લોટ નં-૫૬૩-૧, ગાંધીનગર

## (૦૫) હિન્દુ- મુસ્લિમ એકતાના પ્રતીકરૂપ અમદાવાદની પ્રતિષ્ઠિત સંસ્થાઓ

- મકરંદ મહેતા, અબ્દુલ કાદર મેતર

અંજુમને ઇસ્લામ(સ્થાપના ૧૮૮૪) અને બહાઉદ્દીનભાઈ મદરેસા(સ્થાપના ૧૮૯૩)

જ્યાં મન ખુલ્લું હોય છે અને હૃદય માનવપ્રેમ અને ઉદારતાથી ભરેલું હોય છે, ત્યાં માનવમેળો સાચા અર્થમાં જામે છે. આજે ગુજરાત તેમજ સમગ્રદેશમાં પ્રવર્તી રહેલી ધાર્મિક કટ્ટરતા, હિંદુ અને મુસ્લિમો વચ્ચેનાં નિખાલસ પ્રેમસંબંધની મોટામાં મોટી શત્રુ થઈ પડી છે. આવા સંજોગોમાં ૧૯૧૫માં ગાંધીજીના અમદાવાદમાં આગમન પહેલાં ૧૮૭૧માં અમદાવાદમાં પ્રાર્થના સમાજની સ્થાપના થઈ હતી, ૧૮૮૪માં અંજુમને ઇસ્લામની અને ૧૮૯૩માં બહાઉદ્દીનભાઈ મદરેસાની સ્થાપના થઈ હતી. પ્રાર્થના સમાજની સ્થાપના મહીપતરામ રૂપરામ નીલકંઠ, ભોળાનાથ સારાભાઈ દીવેટિયા અને લાલશંકર ઉમિયાશંકર જેવા સમાજ સુધારકોએ કરી હતી, તે મૂર્તિપૂજાની વિરુદ્ધ હતી. અને એક જ ઈશ્વર કે અલ્લાહમાં દૃઢ શ્રદ્ધા ધરાવતી હતી. બીજી તરફ અમદાવાદમાં ખાનસાહેબ ફતેહ મહંમદ મુન્શી, નનામિયાં રસુલમિયાં, મોહંમદ હાજીભાઈ અને ગુલામહુસેન મિયાંખાન જેવા માનવતાવાદી અને કોમી એખલાસની ભાવનાથી ભરેલા મુસ્લિમ બિરાદરો હતા. આવા હિંદુ અને મુસલમાન લોકો સંખ્યામાં ભલે જૂજ હતા, પણ તેઓ સાચા હતા. તેમના સહકાર દ્વારા ઉપરની ત્રણેય સંસ્થાઓ સ્થપાઈ હતી. તેનું અહીં સંક્ષિપ્તમાં વિવરણ કર્યું છે. અમે વર્ષોથી મિત્રો છીએ અને ઇતિહાસકાર છીએ. ઇતિહાસમાંથી સારાં તત્ત્વો શોધીને તે વાચકો સમક્ષ રજૂ કરીએ છીએ. તેથી આશા છે કે આ લેખ વાચકોને ગમશે.

કોમી એખલાસની ભાવના માત્ર ઉપદેશથી ઉત્પન્ન નથી થતી. જ્યાં સુધી વાસ્તવિક રીતે હિંદુ મુસ્લિમ એકતાને ચરિતાર્થ ના કરીએ ત્યાં સુધી માત્ર બોલ બોલ કરવાનો શો અર્થ છે. તેથી અમે કેટલાક વાસ્તવિક પ્રસંગો અત્રે વર્ણવ્યા છે, જેમ કે અમદાવાદમાં મિલ ઉદ્યોગનાં સ્થાપક રણછોડલાલ છોટાલાલે(૧૮૨૨-૧૮૯૮) શાળા સ્થાપી, ત્યારે તેમણે બુદ્ધિશાળી હિંદુ અને મુસલમાનોને દાખલ કર્યા. તેમાં નનામિયાં રસુલમિયાં નામનો એક તેજસ્વી પણ ગરીબ વિદ્યાર્થી હતો. પણ રણછોડલાલે તેનું હીર પારખીને તેને શિષ્યવૃત્તિ આપી અને તેનાં ભરણ-પોષણની વ્યવસ્થા કરી. તે તેજસ્વી હોવાથી આગળ ભણ્યો અને રણછોડલાલે તેને શિક્ષક બનાવ્યો. ૧૮૮૩માં તેણે ‘વિદ્યા ભણવા વિશે’ પર કવિતા પ્રસિદ્ધ કરી. તેની શક્તિ પારખીને રણછોડલાલે તેને શાળાના આચાર્યપદ પર બઢતી આપી. ૧૮૮૪માં નનામિયાં રસુલમિયાં, ખાનસાહેબ બહાઉદ્દીન બાવામિયાં, ફતેહ મહંમદ મુન્શી અને બુરહાનુદ્દીને અમદાવાદના રાયખડ વિસ્તારમાં અંજુમને ઇસ્લામની સંસ્થા સ્થાપી. તે સમયે રણછોડલાલ છોટાલાલ, મહીપતરામ રૂપરામ, લાલશંકર ઉમિયાશંકર અને ભોળાનાથ સારાભાઈ જેવા સંખ્યાબંધ હિંદુ શુભેચ્છકો આ સમારંભમાં ઉમટી પડ્યા હતા. તે સમયે નનામિયાં રસુલમિયાંએ ભાષણ કરતાં જે એક સ્વરચિત કવિતા સંભળાવી તે આજે પણ આપણે યાદ રાખવા જેવી છે. તેમણે એક પ્રસંગ કહ્યો કે એક સદાચારી પુરુષ ખરાબ માણસની શોધમાં ઘરની બહારની નીકળ્યો પણ એને ખરાબ માણસ મળ્યો નહીં. તેથી એ નિરાશ થઈને પોતાને ઘેર પાછો ફર્યો અને વિચાર કરવા લાગ્યો, તો તેને માલુમ પડ્યું કે આપણે માણસો બીજાનાં અવગુણો જ તપાસીએ છીએ. પોતાની જાતની અંદર જોતા નથી. નનામિયાંએ કવિતા લલકારી :

“બુરા દેખન મૈં ગયો, બુરા ન મિલિયો કોય
જો દેખૂં દિલ ખોજકે, મૌંસે બુરો ન હોય”

અંજુમને ઇસ્લામનું આ મકાન આજે પણ ખડું છે. અહીં મુસ્લિમ છોકરાઓ અને છોકરીઓ કુરાને-શરીફ અને ઇસ્લામ ધર્મનાં સિદ્ધાંતો ભણતાં જ હતાં, પણ તેની સાથેસાથે તેઓ ઉર્દૂ ભાષા ઉપરાંત ગુજરાતી, ઇતિહાસ, ગણિત, ભૂગોળ અને અંગ્રેજી પણ ભણતાં જ હતાં. જો માત્ર ધાર્મિક બાબતોનું જ તેમણે શિક્ષણ મેળવ્યું હોત તો

અંગ્રેજી રાજયમાં તેમને નોકરી કોણ આપવાનું હતું ? પણ કુરાન અને ઇસ્લામની સાથે તેઓ દુન્યવી બાબતનું પણ ભણ્યાં. ફતેહ મહંમદ મુનશી તો અમદાવાદના મોટા ઉદ્યોગપતિ અને દાનેશ્વરી તરીકે પ્રખ્યાત થયા. ફતેહ મહમંદ મુન્શી(૧૮૬૯-૧૯૨૭) આર્થિક રાષ્ટ્રવાદની ભાવનાને વરેલા સાહસિક ઉદ્યોગપતિ હતા. આ નનામિયાંની જેમ તેઓ પણ ગરીબ હોવાથી ટ્યુશનો કરીને તેમ જ પતંગો બનાવી અને વેચીને મોટા માણસ થયા હતા. તેઓ કહેતા ''હિંમતે મર્દા તો મદદે ખુદા'' અને ''મનુષ્યયત્ન, ઈશ્વર કૃપા'' આવા ઉચ્ચારો કોમી એખલાસની ભાવનાનું સંયોજન કરે છે. ફતેહ મહંમદ મુનશીએ તેમની કારકિર્દીની શરૂઆત ભરૂચમાં પર્શિયન ભાષાના શિક્ષક તરીકે કરી હતી. ત્યાર બાદ તેઓ અમદાવાદની ટ્રેનિંગ કૉલેજમાં નિમાયા. પણ અંદરનો જીવડો ઉદ્યોગધંધાનો હતો. તેથી તેમણે વિચાર્યું કે આ દેશમાં દીવાસળી જેવી ચીજ પણ પેદા થતી નથી, તે ઇંગ્લેંડથી આવે છે. તેથી તેમણે દીવાસળીનું કારખાનું નાખવાનું સ્વપ્ન સેવ્યું. જો સ્વપ્ન સાકાર કરવા તનતોડ મહેનત કરવામાં આવે તો ''હિંમતે મર્દા, મદદે ખુદા'' સાર્થક થાય છે. ફતેહ મહંમદ મુન્શીએ લાકડાંની જાતો તેમ જ દીવાસળી માટે વપરાતા કેમિકલનો અભ્યાસ કર્યો. તેમણે ૧૮૯૫માં અમદાવાદમાં ''ગુજરાત ઇસ્લામ મેન્યુફેક્ચરિંગ કંપની''ની સ્થાપના કરી. આજે જ્યાં કાંકરિયા તળાવ પાસે આબાદ ડેરીવાળી શેરી આવેલી છે, ત્યાં તેમણે દીવાસળીનું કારખાનું નાખ્યું, તે ધમધોકાર ચાલ્યું. ફતેહ મહંમદ મુન્શી ખૂબ ઉદાર હતા. તેઓ મહીપતરામ રૂપરામ અનાથાશ્રમને દાન આપતા, તેમ જ અંજુમને ઇસ્લામને પણ દાન આપતા. એમની માનવતા ઇસ્લામ અને હિન્દુ ધર્મો પૂરતી મર્યાદિત નહોતી, પણ તે સાર્વત્રિક, યુનિવર્સલ હતી. જેમાં ઇસ્લામ અને હિંદુ ધર્મ વચ્ચેના સંવાદને તેમ જ ભાઈચારાની ભાવનાને સ્થાન હોય. અત્રે ખાસ યાદ રાખવા જેવી વાત એ છે કે અંજુમને ઇસ્લામના સૌ પ્રથમ માનદમંત્રી સમાજસુધારક મહીપતરામ રૂપરામ હતા. ૧૮૯૧માં તેમનું અવસાન થયા બાદ તેના મંત્રી તરીકે લાલશંકર ઉમિયાશંકર નિમાયા હતા.

તેવી રીતે તા.૦૯ નવેમ્બર, ૧૮૯૩ના રોજ જ્યારે અમદાવાદ અંજુમને ઇસ્લામની બહાઉદ્દીન મદરેસાનું મકાન આસ્ટોડિયા દરવાજામાં બંધાયું, ત્યારે તેનાં ખાતમુહૂર્તમાં રેવન્યુ કમિશ્નર રીડના પ્રમુખપણા હેઠળ મોટો મેળાવડો થયો હતો. તેમાં મુસલમાન, હિંદુ, જૈન, પારસી અને અંગ્રેજો મોટી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. 'બુદ્ધિપ્રકાશ' નામના માસિકના ડિસેમ્બર-૧૮૯૩ના અંકમાં લખ્યું છેઃ

''અમદાવાદ અંજુમને ઇસ્લામનું મકાન ખુલ્લું મૂકવા સારુ તેના ઓનરરી સેક્રેટરી રાવબહાદુર લાલશંકર ઉમિયાશંકરના આમંત્રણથી અમદાવાદમાં ભવ્ય સમારંભ થયો હતો. તેમાં ચારેક પારસી બાનુઓએ પણ પધારી શોભા આપી હતી. આ મેળાવડામાં શહેરની બે મુખ્ય કોમો હિંદુ અને મુસલમાનોની એકદિલી, સંપ અને એકબીજાના ઉપરનો પ્રેમભાવ જોઈને સર્વેનાં મન આનંદથી પ્રફુલ્લિત થયાં હતાં. મંડપમાં બિરાજેલા ગૃહસ્થાનોમાં રેવન્યૂ કમિશ્નર મિ. રીડ અને મિસિસ રીડ, કલેક્ટર મિ. ફ્રોસ્ટ, સેશન જજ મિ. મેકોરકલ, ઇજનેર ઓલિવર, ઓનરેબલ રાવ બહાદુર રણછોડલાલ છોટાલાલ આસિસ્ટન્ટ કલેક્ટર કાબરાજી, મેસર્સ વાડિયાજી, માયાભાઈ પ્રેમભાઈ નગરશેઠ, જમનાભાઈ ભગુભાઈ, મિ.નરભેરામ રૂગનાથદાસ, કાજીસાહેબ, ફતેહ મહંમદ મુન્શીસાહેબ વગેરે મળીને સુમારે ૨૦૦ ઉપર ગૃહસ્થો હતા.''

આ સભામાં જે ભાષણો થયાં, તેમાં ૧૮૮૪થી શરૂ કરીને ૧૮૯૩ સુધીનો અમદાવાદની અંજુમને ઇસ્લામનો ભવ્ય ઇતિહાસ પણ છે. પણ જગાને અભાવે તેનો અત્રે સમાવેશ નથી કર્યો.

આ લેખનો સાર એ છે કે આજે જ્યારે ગુજરાત સમગ્ર ભારતનાં 'ઇકોનોમિક ગ્રોથ એંજિન' તરીકે ઉભરાઈ રહ્યું છે, ત્યારે હિંદુ મુસ્લિમ એકતાની ભાવના જાણે જુદી દિશામાં દોડી રહી છે. પણ અત્રે યાદ રહે કે આ દેશની સંસ્કૃતિ મલ્ટીકલ્ચર, મલ્ટીએથનિક અને મલ્ટીલિંગ્વલ ભાવના ઉપર પહેલેથી જ રચાઈ છે. કોમી એખલાસની ભાવનાને પુષ્ટ કર્યા વગર છૂટકો જ નથી. આ દૃષ્ટિએ આ લેખ આજની પેઢી માટે સાચે જ પ્રેરણાદાયક છે.

## (૦૬) સજીવ ખેતીમાં જમીન અને કીટક નિયંત્રણ વ્યવસ્થા

- યોગેશભાઈ ત્રિવેદી

આપણી સંસ્કૃતિ એ કૃષિ સંસ્કૃતિ છે. જ્યારથી માણસ ખેતી કરતો થયો ત્યારથી કુદરતી ખેતી જ કરતો હતો. વિજ્ઞાનની શોધોએ આપણું જીવન સુખ સગવડવાળું બનાવ્યું. ખેતી એ પણ એક વિજ્ઞાન જ છે. કૃષિ વૈજ્ઞાનિકોએ ખેડૂતો માટે ઘણી મહેનત કરી નવાં બિયારણો, રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ વગેરે આપ્યાં; ખેડૂતોએ આ બધું હોંશે હોંશે અપનાવ્યું. પણ આજે આ દવાઓ અને ખાતરો મોંઘાં બન્યાં છે, ખેત ઉત્પાદનોનો પોષણક્ષમ ભાવ મળતો નથી. તેથી ખેતી ખોટનો ધંધો બની છે. બીજી બાજુ એવું પણ જોવા મળે છે કે જમીનની ભૌતિક, રાસાયણિક અને જૈવિક પરિસ્થિતિ બગડતી જાય છે. જેને પરિણામે જમીન કડક બની તેમજ સૂક્ષ્મ જીવાણુઓની સંખ્યા અને ક્રિયાશીલતા પણ ઘટી ગઈ. જેને પરિણામે જમીનની ભેજ સંગ્રહશક્તિ અને પોષક તત્ત્વો પૂરાં પાડવાની કુદરતી ક્ષમતામાં મોટો ઘટાડો થયો અને ધીમે ધીમે જમીનની ઉત્પાદકતા પણ ઘટવા લાગી.

આમ, હવે આર્થિક રીતે પોષણક્ષમ અને પર્યાવરણને પણ અનુકૂળ હોય તેવી ખેતી પદ્ધતિની જરૂરિયાત ઊભી થઈ. આ ખેતી પદ્ધતિને આપણે કુદરતી ખેતી કે સજીવ ખેતી કહીએ છીએ. આપણી જમીનમાં પોષક તત્ત્વો છે, પરંતુ અલભ્ય સ્વરૂપમાં હોવાથી પાકનાં મૂળ આ તત્ત્વો લઈ શકતાં નથી. જ્યારે જમીનમાં રહેલાં સૂક્ષ્મ જીવાણુઓ આ તત્ત્વોને લભ્ય સ્વરૂપમાં ફેરવે છે, ત્યારે જ પાક તેને લઈ શકે છે. જંગલની જમીનમાં એક ગ્રામ માટીમાં કરોડો સૂક્ષ્મ જીવાણુઓ હોય છે. તેથી જંગલની જમીન પોષક તત્ત્વોથી સમૃદ્ધ હોય છે. તેથી જંગલમાં કોઈ રાસાયણિક ખાતર નાખવાની જરૂર પડતી નથી. પરંતુ આપણા ખેતરમાં આપણે રાસાયણિક ખાતર આપવાની જરૂર દરેક પાકના વાવેતર વખતે પડે છે, કારણ કે રાસાયણિક ખેતીએ જમીનનાં મહત્તમ સૂક્ષ્મ જીવાણુઓનો નાશ કરી નાખ્યો છે. જો મૂળને પોષક તત્ત્વો પહોંચાડતાં સૂક્ષ્મ જીવાણુઓ જ ના હોય તો મૂળિયાંઓ તત્ત્વોનું શોષણ કઈ રીતે કરશે ? આનો એક માત્ર ઉપાય એ છે કે બહારથી આપવામાં આવતા રસાયણોમાં(ખાતર, જંતુનાશક દવા) ક્રમશઃ ઘટાડો કરી (૨૫%, ૫૦% અને ૭૫%) કુદરતી ખેતી તરફ પાછા વળવું. કુદરતી ખેતીમાં વપરાતાં કુદરતી ખાતરો અને તેને બનાવવાની રીત નીચે મુજબ છે.

(૧) બીજામૃત : બીજને રાસાયણિક દવાનો પટ નથી આપવાનો. આ માટે જાતે બીજામૃત બનાવવાનું છે. જેમાં ૧૦૦ કિલો બિયારણ(ધાન્ય, તેલીબિયાં, કઠોળ, બાગાયતી પાકો તથા શાકભાજીના રોપા)ને પટ આપવા માટે ૫ કિલો દેશી ગાયનું તાજું છાણ + ૫ લિટર ગૌમૂત્ર + ચૂનો ૫૦ ગ્રામ + ૧ મુઠ્ઠી વડના વૃક્ષ નીચેની માટી/શેઢા પાળાની માટી/રાફડાની માટી + પાણી ૨૦ લિટર, માટલામાં અથવા પ્લાસ્ટિકની ડોલમાં ૨ દિવસ રાખવું અને ત્યારબાદ બીજને પટ આપવો અને છાંયામાં સૂકવવા જેથી બીજનો ઉગાવો સારો થાય છે અને રોગપ્રતિકારક શક્તિ વધે છે. બીજામૃતને ૪૮ કલાકમાં વાપરી નાખવું.

(૨) જીવામૃત : દેશી ગાયનું તાજું છાણ ૧૦ કિલો + ગૌમૂત્ર ૫થી ૧૦ લિટર + કોઈપણ કઠોળનો લોટ—૨ કિલો + દેશી ગોળ – ૨ કિલો + વડના વૃક્ષ નીચેની અથવા તળાવની માટી—૫૦૦ ગ્રામ + ૨૦૦ લિટર પાણીમાં આ બધું મિશ્રણ કરી ઘડિયાળના કાંટાની દિશામાં હલાવવું. દિવસમાં બે વાર ૧ મિનિટ માટે હલાવો. કોથળાથી ઢાંકીને છાયામાં ૪૮ કલાક રાખો. તેની પર તડકો કે વરસાદનું પાણી પડવું ના જોઈએ. આ જીવામૃતનો ઉપયોગ ટપક સિંચાઈ તથા ફુવારા પદ્ધતિથી પિયતની સાથે અથવા ઊભા પાકમાં સવારે કે સાંજના સમયે છંટકાવ કરીને આપી શકાય છે. જીવામૃત જમીનમાં આપવાથી સૂક્ષ્મ જીવાણુઓની સંખ્યા વધે છે, જેથી જમીનમાં રહેલાં તત્ત્વો અલભ્ય સ્વરૂપમાંથી

લભ્ય સ્વરૂપમાં ફેરવાય છે. આ જીવામૃતનો ઉપયોગ ૧૫ દિવસ સુધી કરી શકાય છે. જીવામૃત બનાવવા માટે માટીનું, લોખંડનું, સિમેન્ટ કે પ્લાસ્ટીકનું પાત્ર વાપરી શકાય છે.

(૩) ઘન જીવામૃત : દેશી ગાયનું તાજું છાણ ૧૦૦ કિલો, ગૌમૂત્ર ૫ થી ૬ લિટર, કોઈપણ કઠોળનો લોટ–૨ કિલો, દેશી ગોળ – ૨ કિલો, વડલા નીચેની અથવા તળાવની માટી–૫૦૦ ગ્રામ લેવી. આ બધી વસ્તુઓનું મિશ્રણ કરી છાંયામાં પાથરી સૂકવી નાખવું. સૂકાઈ ગયા બાદ કોથળામાં ભરી દેવું. જમીનમાં અંતિમ ખેડ કર્યા બાદ પ્રતિ એકર ૨૦૦ કિલો પૂંખી દેવું રોપાવાળા પાકોમાં રોપાની ફરતે રિંગમાં આપવું.

(૪) અમૃત પાણી : ૨૫૦ ગ્રામ દેશી ગાયના ઘીને ૧૦ કિલો ગાયના છાણમાં બરાબર હલાવી ભેળવી દો. ત્યાર બાદ આ મિશ્રણમાં ૫૦૦ ગ્રામ મધ મેળવી બરાબર હલાવો. આ રીતે જે મિશ્રણ તૈયાર થાય તેને અમૃત પાણી કહે છે. અમૃત પાણી પાક માટેનું પોષણ નથી પણ જમીન માટેનું પોષણ છે. જમીનને જીવતી કરવાનું અમૃત છે. માટે અમૃત પાણી જ્યારે છાંટવામાં આવે ત્યારે એવી રીતે છાંટવામાં આવે કે તે જમીન પર પડે, પાક પર નહિ. અમૃત પાણી જમીન પર સાવરણી વડે અથવા વૃક્ષના પાનમાંથી બનાવેલ સાવરણી વડે છાંટી શકાય છે. ૨૦૦ લિટર પાણીમાં આ અમૃત પાણી મિશ્ર કરી એક એકર જમીનમાં આપી શકાય છે. પાકની અવધિ દરમ્યાન ત્રણથી ચાર વખત અમૃત પાણી આપી શકાય છે. અમૃત પાણી છાંટવામાં આવે ત્યારે જમીન ભીની હોવી જોઈએ. સૂકી જમીનમાં આ પાણી અસરકારક રહેતું નથી.

(૫) પંચગવ્ય : ૫ કિલો ગાયનું તાજું છાણ, ૩ લિટર ગૌમૂત્ર, ૨ લિટર ગાયનું દૂધ, ૨ લિટર છાશ અને ૧ કિલો દેશી ગાયનું ઘી બરાબર મિશ્ર કરી ૭ દિવસ સડવા દેવું. દિવસમાં દરરોજ બે વખત હલાવવું. આ રીતે તૈયાર થયેલ પંચગવ્યમાં ૧૦૦ લિટર પાણી ઉમેરીને જમીન પર છંટકાવ કરવો. ૨૦ લિટર પંચગવ્ય એક એકર વિસ્તાર જમીનમાં પાણી સાથે આપવું પૂરતું છે.

(૬) ગૌમૂત્ર : ગૌમૂત્રનો ઉપયોગ ૧ : ૧૦ના પ્રમાણમાં કરવામાં આવે છે એટલે કે ૧૦ લિટર પાણીમાં ૧ લિટર ગૌમૂત્ર મિશ્રણ કરી છોડ ૨૫થી ૩૦ દિવસનો થાય એટલે ૧૫ દિવસે છંટકાવ કરવો. જેટલું જૂનું ગૌમૂત્ર હોય તેટલું સારું. છોડને વૃદ્ધિ કરવાની શકિત આપે છે.

કીટક–રોગ નિયંત્રણ માટેના કેટલાક અસરકારક ઉપાયો :

(૧) નીમાસ્ત્ર : ૨૦૦ લિટર પાણી + ૧૦ લિટર ગૌમૂત્ર +૨ કિલો તાજું છાણ + ૧૦ કિલો કડવા લીમડાની નાનાં પાંદડાંઓ સાથેની કુમળી ડાળીઓ અથવા ૨૦થી ૩૦ કિલો લીંબોળીને ખાંડીને નાંખો. આ મિશ્રણને છાયામાં રાખી દિવસમાં ૨ વખત ઘડિયાળના કાંટાની દિશામાં હલાવો. ૪૮ કલાક પછી કપડાથી ગાળીને સંગ્રહ કરો. ૬ માસ સુધી વાપરી શકાય. સૂર્ય પ્રકાશ/વરસાદથી દૂર રાખવું.

ઉપયોગ : ૨૦૦ લિટર નીમાસ્ત્ર પાણી મેળવ્યા વિના જેમ છે તેમ ૧ એકરમાં પાકમાં છંટકાવ કરો. તેમાં રહેલા નિમ્બીન, નિમ્બીસીડીન, અઝાડીરેકટીન જેવાં ઝેરી તત્ત્વો, ચૂસિયા પ્રકારની જીવાતો તેમજ નાની ઇયળોનું નિયંત્રણ કરે છે. સંગ્રહ માટે માટીના ઘડા, સિમેન્ટના ટાંકા, પ્લાસ્ટીક ડ્રમ વાપરી શકાય.

(૨) અગ્નિ અસ્ત્ર : ૨૦ લિટર ગૌમૂત્ર + ૨ કિલો લીમડાંના પાનની ચટણી/લીંબોળીનો ખોળ + ૫૦૦ ગ્રામ તમાકુનો પાઉડર + ૫૦૦ ગ્રામ આદુની ચટણી + ૫૦૦ ગ્રામ તીખાં લીલાં મરચાંની ચટણી + ૨૫૦ ગ્રામ દેશી લસણની ચટણી લેવાં. આ બધાંને મિશ્રણ કરી હલાવો. તપેલા ઉપર ઢાંકણ ઢાંકી ૧થી ૨ ઉભરા આવે ત્યાં સુધી ઉકાળો, ઠંડું પાડી કપડાથી ગાળીને સંગ્રહ કરો અને ૩ માસ સુધી વાપરી શકાય છે.

ઉપયોગ : ૧૦૦થી ૨૦૦ લિટર પાણી + ૬થી ૮ લિટર અગ્નિ અસ્ત્ર મેળવીને છંટકાવ કરવાથી બધી જ ઇયળો, કીટકો, અમુક પ્રકારની ફૂગ, ઉધઈ તેમજ અમુક નીંદણના બીજ પણ નાશ પામે છે.

(૩) બ્રહ્માસ્ત્ર : ૨૦ લિટર ગૌમૂત્ર + ૨ કિલો લીમડાંના પાનની ચટણી + ૨ કિલો કરંજનાં પાનની ચટણી + ૨

કિલો દિવેલાનાં પાનની ચટણી + ૨ કિલો સીતાફળનાં પાનની ચટણી + ૨ કિલો ધતુરાનાં પાનની ચટણી + ૨ કિલો બીલીનાં પાનની ચટણી – આમાંથી ગમે તે પાંચ વનસ્પતિનાં પાનની ચટણી બનાવો. એક તપેલામાં ઉપર ઢાંકણ ઢાંકી ૧ ઉભરો આવે ત્યાં સુધી ઉકાળો. પછી ઠંડુ પાડીને છાયામાં રાખી, સવાર–સાંજ ૧-૧ વાર હલાવો. ૪૮ કલાક પછી કપડાથી ગાળીને વાપરો. ૬ માસ સુધી વાપરી શકાય છે.

ઉપયોગ : ૧ એકરે ૧૦૦થી ૨૦૦ લિટર પાણીમાં ૬થી ૮ લિટર બ્રહ્માસ્ત્ર ભેળવીને છંટકાવ કરવો. તેનાથી નાની મોટી ઇયળો, ચૂસિયા જીવાતો વગેરેનું અસરકારક નિયંત્રણ થાય છે. આને છ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય છે.

(૪) દશપર્ણી અર્ક : દશપર્ણી અર્ક ચણા, તુવેર, કપાસ, શાકભાજીના પાકો વગેરેમાં બધા જ પ્રકારના કીટકો, ઇયળોના નિયંત્રણનું સર્વોતમ શસ્ત્ર છે. બનાવવાની રીત નીચે મુજબ છે.

પ્રથમ દિવસ : ૨૦૦ લિટર પાણી + ૨૦ લિટર ગૌમૂત્ર + ૨ કિલો તાજું છાણ લાકડીથી હલાવીને ૨ કલાક છાયામાં કોથળાથી ઢાંકીને મૂકી દો. ત્યારબાદ તેમાં ૫૦૦ ગ્રામ હળદરનો પાઉડર + ૫૦૦ ગ્રામ આદુની ચટણી + ૧૦ ગ્રામ હીંગનો પાઉડર ઉમેરીને મિશ્રણને હલાવીને આખી રાત કોથળાથી ઢાંકવું.

બીજો દિવસ : સવારે આ મિશ્રણમાં ૧થી ૨ કિલો તીખાં મરચાંની ચટણી + ૫૦૦ ગ્રામ દેશી લસણની ચટણી + ૧ કિલો તમાકુનો પાઉડર નાખો અને લાકડીથી હલાવો. આ મિશ્રણને ઢાંકી વરસાદ અને તડકાથી દૂર છાયામાં રાખવું.

ત્રીજા દિવસે : ઉપરોકત મિશ્રણમાં નીચે જણાવેલ પાનમાંથી કોઈપણ દશ વનસ્પતિનાં પાન દરેકના ૨ કિલો(કુલ ૨૦ કિલો) લઈ તેની ચટણી બનાવી મિશ્રણમાં થોડી વાર ડુબાડો. પછી ઉપર તરે તો ચાલશે. આ વનસ્પતિ નીચે મુજબ છે.

૧. લીમડાનાં પાન ૨. કરંજનાં પાન ૩. સીતાફળનાં પાન ૪. ધતુરાનાં પાન ૫. એરંડાનાં પાન ૬. બિલીપત્રનાં પાન ૭. નગોડનાં પાન ૮. તુલસીની માંજર સાથેનાં પાન અને ડાળીઓ ૯. ગલગોટાનાં ફૂલ, પ્રકાંડ, પાન, થડ, મૂળ ૧૦. કારેલાનાં પાન ૧૧. બાવળનાં પૈડિયાં ૧૨. આંકડાનાં પાન ૧૩. આંબાનાં પાન ૧૪. જાસૂદનાં પાન ૧૫. જામફળનાં પાન ૧૬. પપૈયાનાં પાન ૧૭. હળદરનાં પાન ૧૮. આદુનાં પાન ૧૯. પપૈયાનાં પાન ૨૦. કરેણનાં પાન ૨૧. દેશી બાવળનાં પાન ૨૨. સરગવાનાં પાન ૨૩. જાસુદનાં પાન

ઉપરોક્ત વનસ્પતિમાંથી કોઈપણ ૧૦નાં પાંદડાંની ચટણી બનાવી મિશ્રણમાં બરાબર ડુબાડો. આ રીતે ૩૦થી ૪૦ દિવસ રાખી રોજ ૧–૨ વાર હલાવો. વરસાદ અને સૂર્યના તાપથી મિશ્રણને દૂર રાખો. ચટણી બનાવવા માટે મિક્સર/ગ્રાઈન્ડરનો ઉપયોગ ટાળવો અને ખાંડણીથી ખાંડીને બનાવવું.

ઉપયોગ : ૬થી ૮ લિટર દશપર્ણી અર્કને ૧૦૦થી ૨૦૦ લિટર પાણીમાં એક એકરમાં છંટકાવ કરવાથી બધાં જ પ્રકારની ઇયળો, ચૂસિયા અને ફૂગનું નિયંત્રણ થાય છે. દરેક વખતે મિશ્રણને હલાવી સ્થિર થાય ત્યારે કપડાથી ગાળીને જ વાપરવું. આ દશપર્ણી અર્કને ૬ માસ સુધી વાપરી શકાય છે.

આ રીતે અનેક ખેડૂતોએ પોતાની ખેતીમાં ઉપર જણાવેલ પ્રયોગોનો ઉપયોગ કરીને ખેતીખર્ચમાં ઘટાડો કર્યો છે અને જમીનને પુનઃ જીવિત કરી છે. શરૂઆતમાં થોડી જમીનમાં અમલ કરીને પરિણામો ચકાસવાં. રાસાયણિક દવાઓ અને ખાતરોથી ટેવાયલી જમીન અને પાકોમાં શરૂઆતમાં ઉત્પાદન ઓછું થાય તેવું બની શકે, પણ ધીમે ધીમે ચોક્કસ સારાં પરિણામો આવશે. આવા પ્રયોગો કરતાં ખેડૂતોની મુલાકાત લેવી. નજીકની કૃષિ યુનિવર્સિટીના એગ્રોનોમી તથા કીટક શાસ્ત્ર–રોગ શાસ્ત્ર વિભાગ તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તજજ્ઞનો સંપર્ક કરવો.

●---------●●●--------●●●---------●

લોકસેવા મહાવિદ્યાલય, લોકભારતી, સણોસરા.
મો. ૯૭૨૩૫૩૧૬૫૪

## (૦૭) ડૉ. વાસુદેવ રાવળ

### - મિતેશ શેલત

આજે ઊંઝા નગરનાં રત્નમાળાના અન્ય એક અણમોલ મોતી વિશે વાત કરવી છે, જેમનું નામ ડૉ. વાસુદેવ રાવલ છે. તન-મન-ધનથી ગરીબ, સાધુ-સંતોની સેવામાં મગ્ન, સેવાભાવી તેઓ નખશિખ ઉમદા માનવી હતા. પારદર્શક વ્યક્તિત્વના માલિક ડૉક્ટર સાહેબ ગોરા, દેખાવડા, ગુલાબી ગાલવાળા, સાદગીને વરેલા, સાવ સરળ સ્વભાવના કોઈ દેવદૂત જેવા લાગ્યા વિના ના રહે ! કોઈપણ પ્રકારના સ્વાર્થ વિના નિઃસ્વાર્થ ભાવે દર્દી-સાધુ-સંતોની દવા-સેવા-સારવાર કરતા. તેઓ સાવ ઓલિયા-ફકીર-સંત જેવા નિરાળા સ્વભાવના માલિક હતા.

ઊંઝા નગરની પાડોશમાં આવેલા ગામ ઉનાવામાં જન્મેલા ડૉ. વાસુદેવભાઈ રાવલમાં જન્મથી જ માતા-પિતા પાસેથી સેવાધર્મનું બ્રાહ્મણત્વ પ્રાપ્ત થયેલું. તેમના પિતાશ્રી જગન્નાથભાઈ ગાયકવાડ સરકારમાં ફોજદાર હતા ને ગામમાં તેમની પ્રતિષ્ઠિત પુરુષ તરીકેની શાખ હતી. તેથી કાર્ય પ્રત્યેની શિસ્ત અને નિષ્ઠા જેવા સદ્‌ગુણો પણ તેમના પુત્ર વાસુદેવભાઈમાં ઊતરેલા.

ઉનાવામાં વાસુદેવભાઈની પાડોશમાં અભયસાગરજી રહેતા હતા. બન્ને ખાસ ભાઈબંધ અને બન્નેના ઘરનો એક જ કરો. બન્ને મિત્રો સાથે ગટ્ટીઓ રમ્યા-કૂદયા-હસ્યા-રડ્યા. પાછળથી અભયસાગર મહારાજ જૈનમુનિ થયા ને વાસુદેવભાઈ પણ સંત-ડૉક્ટર થયા. બન્ને સાવ નોખા આધ્યાત્મિક જીવ ! મા-બાપ તરફથી મળેલાં ધર્મનાં બીજ, મિત્ર અભયસાગર મહારાજના સાંન્નિધ્યે આગળ જતાં તે સેવાબીજ સ્વરૂપે વટવૃક્ષ બનીને લહેરાવા માંડ્યા. લોકો તેનાં મીઠાં ફળ અને શીતળ છાંયડો પામતાં રહ્યાં.

પુસ્તકવાચનના જબરા શોખને લીધે તેઓ આપણી સંતપરંપરાના અનોખા સંત એવા પૂજ્યશ્રી મોટાનો સંસર્ગ પામ્યા. પરિણામે ગુરુજી પૂજ્ય મોટાએ વાસુદેવભાઈને જાણે કોઈ ગુરુમંત્ર આપી દીધો હોય તેમ તેઓ ગરીબ દર્દીઓની સેવા-સારવારમાં ગળાડૂબ બની ગયા. પૂજ્ય મોટાને શરીરમાં અઢાર જાતના અસાધ્ય રોગો હતા, છતાં અઢાર કલાક કામ કરતા, તેમ ડૉ. વાસુદેવ રાવલ સાહેબ પણ સાધુ-સંતો-દર્દીઓની સેવામાં સાવ ભાન ભૂલી જતા ને શરીર થાકી જાય તેટલો સોળ-સોળ કલાક શ્રમ કરતા. કદી તેમના મોઢે 'ના' ન હોય ! અડધી રાતે કોઈ દર્દી આવીને જગાડે તોય તે હંમેશા તૈયાર જ હોય ! ક્યાંય વેળા-કવેળા વિઝિટ કરવા જવાનું હોય તોય તેઓ ખડે પગે, ને વળી અન્યોની જેમ એક્સ્ટ્રા વિઝિટ ચાર્જ પણ ન લે !

પૂજ્યશ્રી મોટા ઊંઝા આવે તો વાસુદેવદાદાને ત્યાં જ ઊતરે. વાસુદેવસાહેબની આધ્યાત્મિક ઉન્નતિ પાછળ જૈનમુનિ અભયસાગરજી મહારાજ, પૂજ્ય મોટા, ડૉ. દ્વારકાદાસ જોષી, ડૉ. વસંત પરીખ, ચીમનલાલ ભાવસાર, વિનોબા ભાવે, ગોપાલકાકા જેવા આધ્યાત્મિક પુરુષોનો સવિશેષ ફાળો રહેલો હતો. આ સૌના સહવાસથી ડૉ. વાસુદેવભાઈ રાવલ સાહેબમાં જીવદયા-જીવસેવાના સંસ્કાર વધુ નીખરી ઊઠ્યા ! રક્તપિત્તિયા રોગીઓની સારવાર કરવામાં, તેમનાં પરુ સાફ કરવામાં, પાટાપિંડી કરવામાં જરાય સૂગ ન અનુભવતા. તેઓ આપણી ભારતીય સંતપરંપરાના ઉમદા સજ્જન પુરુષ હતા. ઓલિયા-ફકીર જેવા તેમનામાં સદાય માનવતાનો દીવો પ્રજ્વલિત રહેતો. જીવ્યા ત્યાં લગી ગરીબ દર્દી-સાધુ-સંતોની નિઃશુલ્ક સેવા-સારવાર કરતા રહ્યા. કોઈ સાધુ ગુસ્સે થઈ જાય, તોય તેને હંમેશા શાંત-વિનમ્ર ભાવે વાત કરતા. નિરાભિમાની, વિનયી, વિવેકી, નિષ્ઠાવાન અજાતશત્રુ ડૉક્ટર સાહેબને જેટલા વધાવીએ એટલા ઓછા પડે !

ડૉ. વાસુદેવ રાવલ સાહેબ સાથેના સંસ્મરણો વાગોળતાં ઊંઝા નગરના નિવૃત્ત પ્રાધ્યાપક શ્રી વી. એ. દેસાઈ સાહેબ જણાવે છે કે, "મારા સંસ્કાર ઘડતર પાછળ ડૉ. વાસુદેવ રાવલ સાહેબનો સિંહફાળો છે. તેઓ તેમનું અંગત કામ પણ મને વિના સંકોચે વિશ્વાસપૂર્વક સોંપતા. તેઓ નખશિખ માનવતાનો ભેખ ધરેલા સંતપુરુષ લાગ્યા વિના ન રહે ! એક વાર તો સાહેબ ડાભી-સૂરજનગર કોઈ દર્દીને તપાસવા ગયેલા. વિઝિટ કરીને પરત ફરતાં માર્ગમાં

હથિયારધારી બુકાનીધારી ચોર લૂંટારુઓએ આંતર્યા, અંધારું થઈ ગયેલું. લૂંટારુઓએ તો ઘોડાગાડી ઊભી રખાવી, લૂંટારુના સરદારે હાથ બત્તી કરી ઘોડાગાડીમાં જોયું, તો અંદર ડૉ. વાસુદેવ રાવલ સાહેબ સૂતા છે. સરદારતો અવાક્ થઈ ગયો ! ને પછી બોલ્યો, "અરે, આ તો આપણા વાસુદેવ દાદા ! આપણા ભગવાન ! અને તમે નહીં માનો તે સરદાર સાથે લૂંટારુઓ છેક ઊંઝા તેમના ઘર સુધી ડૉક્ટરદાદાને આવીને હેમખેમ મૂકી ગયા ! ગમે તેવો ચમ્મરબંધી પણ તેમના સંસર્ગે ટાઢોબોળ થઈ તેમના શરણે જઈ આદર આપતો, આ દાદાના સ્વભાવની ખૂબી હતી."

વાસુદેવદાદાના જીવનનો બીજો એક નાનકડો પ્રસંગ પણ માણવા જેવો છે. એકવાર તેઓ અમદાવાદ કશાક કામથી ગયેલા, પરત ફરતાં મોડું થઈ ગયેલું, ટ્રેન આવી ગયેલી, પણ ટિકિટ લીધેલી નહીં, ટ્રેનનો ઉપડવાનો ટાઈમ થઈ ગયેલો, ટ્રેનની સિસોટી પર સિસોટી વાગ્યા કરે, પછી ઊંઝા આવવા બીજી કોઈ ટ્રેઈન નહીં, કરવું શું ? આ તો મોટું ધર્મસંકટ ! એટલે તેઓ ટ્રેઈનમાં તો ચડી ગયા, ઊંઝાય આવી ગયા, પણ ઊંઝા આવી, ઊંઝાથી અમદાવાદની ટિકિટ લીધીને ફાડીને ફેંકી દીધી. આજના ભ્રષ્ટાચારી સમયમાં આવી પ્રમાણિકતા ભાગ્યે જ દેખાય ! હરામનો એક પૈસો પણ તેમના માટે નકામો હતો.

વાસુદેવદાદાના માનસપુત્ર જેવા ઊંઝા નગરના શ્રેષ્ઠી અને જીવદયા પ્રેમી તેજપાલભાઈ પટવા જણાવે છે કે, "વાસુદેવદાદા મારા પિતા જેવા હતા. આજે હું જે કંઈ છું તે તેમના લીધે છું. મારા જીવનઘડતર પાછળ તેમનો ઘણો મોટો ફાળો રહેલો છે. મારામાં પૈસા કમાવાની સાથોસાથ સેવાના સંસ્કારની સુવાસ પ્રસરી તો તે દાદાના સંસર્ગથી. વાસુદેવદાદા જેવો માણસ નગરને મળવો સૌનું સદ્‌ભાગ્ય ! ખરા અર્થમાં તેઓ પદ્મ વિભૂષણના હકદાર હતા. તેઓ આ ગામનું મોંઘું માણેક હતા !"

ડૉ. સાહેબ આજીવન વિનોબા ભાવેના સર્વોદય સેવાના મંત્રનો જાપ કરતા રહ્યા. ગરીબ-જરૂરતમંદ લોકોની સેવામાં સુખ મેળવતા રહ્યા. તેમણે માનવતા અને સેવાની સુવાસ ફેલાવવા, વ્યસની-વ્યભિચારી સૌને ધર્મના માર્ગે વાળવા, નારાયણભાઈ, મોહનભાઈ પટેલ(મોલ્લોલ), ગોપાલકાકા જેવા નગરના સેવાભાવી લોકોની મદદથી સ્વાધ્યાય મંડળની સ્થાપના કરી. સ્વાધ્યાયમંડળની શરૂઆત ગાંધીપ્રિય ભજન 'વૈષ્ણવજન'થી થતી તેઓ પોતાના વ્યવસાયમાં વ્યસ્ત હતા છતાં વરસો સુધી આ પ્રવૃત્તિઓ સાથે મસ્ત રીતે જોડાયેલા રહ્યા. જેની નોંધ 'પ્રગતિ' સાપ્તાહિકના તંત્રીશ્રી સ્વ. જશવંતભાઈ દાણીએ પણ તેમના સાપ્તાહિકમાં લીધેલી.

લોકો તે વખતે ડૉ. વાસુદેવ રાવલ સાહેબના દવાખાનાની ઓળખ કઈ રીતે આપતા કે "જે દવાખાના આગળ સાધુ-સંત, ભિક્ષુકો અને બાવાલોકોની પંગત લાગી હોય તો સમજી લેવું કે આ જ ડૉક્ટર વાસુદેવ રાવલ સાહેબનું દવાખાનું." વહેલી સવારે તો તેમનું દવાખાનું સાધુ સંતોથી ઊભરાતું હોય, કેમ કે સવારે તેઓ સાધુસંતોને દૂધ અને ફળફળાદિ વહેંચતા હતા. સાધુસંતોની ઉમદા સેવાને લીધે તેમનું નામ માત્ર ઊંઝા, મહેસાણા કે ગુજરાત પૂરતું સીમિત ના રહ્યું, બલ કે હરિદ્વાર સુધી વાસુદેવદાદા જ નામ આદરપૂર્વક લેવાતુ થયું.

તે જમાનામાં વાસુદેવદાદા ડૉ. મણિયાર સાહેબની મદદથી નગરમાં માત્ર નજીવી રકમમાં સ્ત્રીઓના કોઈપણ સર્જરી વિના નોર્મલ ડિલિવરી કરાવતા અને કોઈ કેસ બગડ્યો હોય તેવું સાંભળ્યામાં આવતું નથી. હવે તો દર્દીને ઇન્જેકશન આપવાનું થાય તો સીરીંઝ ડેસ્ટ્રોય કરી, નવી જ લેવી પડે છે, કેમ કે તે સીરીંઝ બીજા દર્દીને કામમાં આવતી નથી, તે સમયમાં એક જ સીરીંઝનો લાંબા સમય સુધી ઉપયોગ કરવો પડતો. આ બાબતે ઊંઝાના લોક લાડીલા ભૂતપૂર્વ ધારાસભ્ય નારાયણકાકા જણાવે છે કે, 'ડૉ. વાસુદેવ રાવલ સાહેબના દવાખાનાનાં પગથિયાં તમે ચડો તો સ્ટવ ચાલુ જ હોય, સીરીંઝને બરાબર બોઇલ કરે પછી જ દર્દીને ઇન્જેકશન આપે. અમારા વાસુદેવ રાવલ સાહેબ સાથેના ચાર ચાર પેઢીના પારીવારિક સંબંધો રહ્યા છે. તેઓ અમારા ફેમિલી ડૉક્ટર હતા. સુખી-સંપન્ન દર્દીઓની તો સૌ કોઈ સેવા-સારવાર કરે, પણ ગરીબ-ભિક્ષુકજનોના કેસ કોઈ હાથમાં લે તો તે અમારા ડૉ. વાસુદેવભાઈ રાવલ. તેઓ કોઈ બાહ્ય દંભ કે આડંબર નહીં તેવા અદ્‌ભુત સેવાભાવી ડૉક્ટર હતા. પૈસા કરતાં સેવા જેનું નામ તે ડૉ. વાસુદેવભાઈ રાવલ.' દર્દી પાસે દવાના પૈસા ન હોય તો મફતમાં દવા કરે, વળી જો તે બહારગામથી આવ્યો હોય તો તેને ગામ

પરત જવાનું ગાંઠનું ભાડુંય આપે.

તેમના ચિરંજીવી પુત્ર ડૉ. અનિલભાઈ રાવલ સાહેબ પોતાના પિતા વિશે જણાવતાં કહે છે કે, 'ગરીબ દર્દી અને સાધુ-બાવાની સેવા પાછળ તો એટલા બધા મશગૂલ થઈ જતા કે એકવાર અમારા ઘરમાં મારી નાની બહેનના લગ્નનો પ્રસંગ હતો. સગાંસંબંધી, મહેમાનો બધા હાજર. પણ પપ્પા ગેરહાજર ! હસ્તમેળાપની વિધિ કરવાની હતી, મુહૂર્ત વહી જતું હતું, પિતાજી દવાખાને દર્દીઓમાં વ્યસ્ત-મસ્ત ! જ્યારે પિતાજીના મિત્ર ડૉ. મી. એ. વોરા સાહેબ ક્લિનિકે ગયા, તેમણે દર્દીઓની સારવાર તેમના શિરે લીધી અને ઘડીક વાર માટે પપ્પા ઘરે આવ્યા, ત્યારે હસ્તમેળાપની વિધિ કરી, મુહૂર્ત પણ ન સચવાયું, પોતાની દીકરીના લગ્નમાં પણ દર્દીનાં દર્દ વ્હાલાં ! આમ, ગરીબોની સેવા કાજે સંતાનોની પણ પરવા ન કરી !

ઊંઝા પંથકમાં ખાસ તેઓ બાળકોના ડૉક્ટર તરીકે વધુ પંકાયેલા. તેમની પાસે પીડિયાટ્રિકની કોઈ ડિગ્રી નહોતી, પણ બાળકની નાડ પકડે ને ખબર પડી જાય કે શું બીમારી છે, તેવી કુદરતી બક્ષિસ હતી. વાસુદેવદાદાનો હાથ અડકે એટલે બાળક પથારીમાંથી બેઠું થઈ રમવા માંડે ! તેમની દવા-દુવામાં એવો અદ્‌ભૂત જાદુ ! તે વેળા ઉમિયામાતા મંદિરના ભોજનાલયમાં સાધુ-સંતો-ફકીર-ભિક્ષુક-ગરીબ-નિરાધારને સવારે જમવાનું મળતું, પરંતુ સાંજનું કોઈ ઠેકાણું નહોતું, ત્યારે દયાળુ વાસુદેવદાદાએ નગરના સેવાભાવી દાતા-શ્રેષ્ઠીઓની મદદથી ભૂખ્યાજનોની જઠરાગ્નિ ઠારવા નરસિંહેશ્વર મહાદેવ, નરસિંહની ટેકરીવાળા મંદિરમાં સાંજના ભોજનની ગોઠવણી કરી દીધી, જે ભોજનયજ્ઞ આજેય અવિરત ચાલે છે.

ઓલિયા સંત ફકીર ડૉ. વાસુદેવભાઈ રાવલ સાહેબના માનમાં તેમને સન્માનવાના કાર્યમાં ઊંઝા નગરે પણ પાછી પાની ના કરી. નગરજનો દ્વારા 'ડૉ. વાસુદેવ રાવલ સન્માન સમારોહ સમિતિ' બનાવવામાં આવી. આ સમારોહમાં ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ, રાજ્યપાલ શ્રી પ્રભુદાસભાઈ પટવારી, ડૉ. દ્વારકાદાસ જોશી. ડૉ. વસંતભાઈ પરીખ જેવા ગુજરાતના ઘણા એવા મહાનુભાવો આ સન્માનના સાક્ષી બન્યા. ત્યાર બાદ આ જ સમારોહમાં ડૉક્ટર સાહેબનાં સેવાકાર્યોની કદર રૂપે છીંપાવાડાથી ચબૂતરા સુધીના માર્ગને ડૉ. વાસુદેવ રાવલ માર્ગ જાહેર કરવામાં આવ્યો.

વાસુદેવદાદા કુદરતી કે માનવસર્જિત આફતો આવે તો રાહત ફંડ આપવામાં સૌથી મોખરે હોય. તેમની લોકસેવાને બિરદાવતાં તેમના સમાજે પણ તેમને 'બ્રહ્મરત્ન' એવોર્ડ આપ્યો. સન્માનરૂપે જે રોકડ રકમની દેણગી આપી તે ભારે રકમને હાથ પણ અડકાડ્યા વિના, તેમાં રૂપિયા દશ હજાર જેટલા પોતાના ઉમેરી 'ડૉ. વાસુદેવભાઈ રાવલ ચેરિટેબલ ટ્રસ્ટ' ઊભું કરવામાં આવ્યું. જે આજેય સેવાનાં કાર્યો માટે હંમેશા તત્પર છે. અવારનવાર આ ટ્રસ્ટમાં દાતાઓ દ્વારા દાનનો પ્રવાહ વહેતો રહે છે. તેમ તે સેવાપ્રવૃત્તિ પણ નિર્મળ ઝરણાની જેમ અસ્ખલિત રીતે વહ્યા કરે છે.

ડૉ. વાસુદેવ રાવલ સાહેબ અને લોકસેવક ગોપાળકાકા બન્નેની મૈત્રી યાદગાર બની રહી ! બન્નેના હૃદયમાં બસ એક જ શુભભાવના વહેતી કે, "મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે, શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે."

બન્ને સર્વોદય સેવા સંઘના કાર્યકર, બન્ને લોકસેવક, બન્ને દીનદુખિયાના બેલી, બન્ને એટલા જ આધ્યાત્મિક, બન્ને દૂબળાપાતળા દેહધારી, બન્ને નિરાભિમાની, માયાળુ-દયાળુ-પ્રેમાળ, બન્ને નિઃસ્વાર્થ વૃત્તિથી હર્યાભર્યા, બન્ને સાવ ફકિર ઓલિયા જેવા, બન્ને મળે એટલે કલાકોના કલાકો સેવાની ગોષ્ઠિ ચાલે. કદાચ નગરમાં આવી પવિત્ર મૈત્રીનો સુભગ સમન્વય ભાગ્યેજ જ જોવા મળે !

વાસુદેવદાદા અને પરમ આદરણીય શ્રી ઈશ્વરભાઈ પટેલની મૈત્રી પણ એટલી જ પવિત્ર ! આ મહાત્માઓ ભેળા થાય એટલે સત્સંગ જામે. શરૂ થાય સેવા-સફાઈ-સ્વચ્છતાનો યજ્ઞ. ઈશ્વરભાઈ ઊંઝા હોય ત્યારે નિત્ય વાસુદેવદાદાના દવાખાનાના અંદર-બહારથી કચરો વાળી નાખી સૌને સફાઈના પાઠ શીખવાડી ખુદ ઈશ્વરભાઈએ તેમની આત્મકથામાં સ્વચ્છતાના આ પાઠ પ્રસંગની નોંધ લીધી છે.

એક સમયના ઊંઝાના ધારાસભ્ય કાનજીદાસ લલ્લુદાસ પટેલના સુપુત્ર આદરણીય નરેન્દ્રભાઈ પટેલ જણાવે છે કે, 'ડૉ. વાસુદેવ રાવલ સાહેબનો અમારી સાથે, ખાસ પિતાજી

સાથે સ્નેહનો નાતો, ઘરોબો. કન્યા કેળવણીના આગ્રહી કાનજીકાકાના નિવેદનથી ડૉ. રાવલસાહેબના પ્રેમાગ્રહને વશ થઈ પૂજ્ય મોટા શ્રી કે. એલ. પટેલ કન્યા વિદ્યાલયના ખાતમુહૂર્ત પ્રસંગે પધારેલા. સાચે જ ડૉ. વાસુદેવ રાવલ માનવના રૂપમાં દેવસમાન હતા !'

સમગ્ર ઊંઝામાં સૌ પ્રથમ મેડિકલ એસોસિએશનની સ્થાપના કરવામાં આવી ત્યારે તેના પ્રથમ બિનહરીફ માનવંતા પ્રમુખ તરીકે તેમની વરણી કરવામાં આવી હતી. બીજી નવાઈ પમાડે એવી વાત છે, કદાચ કોઈને વધારે પડતી લાગે, પણ સાચી છે. તેઓને કોઈ રોગ નહોતો, છતાં ત્રણ ત્રણ દાયકા સુધી તેઓ માત્ર ગાયના દૂધ ઉપર જ રહ્યા. ગરીબ, દીનદુઃખિયાની સેવા કાજે જીવનભર ઉઘાડાપગે ચાલ્યા. કેવડો મોટો ત્યાગ ! છતાંય હંમેશા પ્રસન્ન, તંદુરસ્ત દીર્ઘાયુ રહ્યા.

તેમના પુત્ર ડૉ. અનિલભાઈ રાવલ સાહેબ જણાવે છે કે, 'પિતાનાં કર્મોનાં મીઠા ફળ આજે અમારો પરિવાર ચાખી રહ્યો છે. તેમના નિઃસ્વાર્થ, પરમાર્થી, સેવાભાવી, પ્રમાણિક સંસ્કારોથી અમારું વ્યક્તિઘડતર થયું છે. આજે અમે જે કંઈ છીએ તે પિતાજીના અથાક પરિશ્રમ અને સત્કર્મોનું જ પરિણામ છે. તેમણે અમને જીવનનો સાચો માર્ગ દેખાડ્યો છે, જીવનની ખરી સમજણ આપી છે, મોડી રાત સુધી દર્દીઓને તપાસતા હોય છતાં વહેલી સવારે તો ઊઠી જાય. તેમના માટે કામ એ જ પૂજા હતી. માંદા પડે તોય જંપ ના થાય. જેવા સાજા થયા નથી કે દવાખાને દોડ્યા નથી ! એકવાર સર્વોદયના પીઢ કાર્યકર મુરબ્બી શ્રી ચુનિભાઈ વૈદ્ય પિતાજીને મળવા આવ્યા. તેમણે કહ્યું કે, 'ગુજરાતની વિધાનસભાને તમારા જેવા સેવાભાવી ધારાસભ્યની જરૂર છે. આમ, ચૂંટણી લડો ને ગુજરાતની ખરી સેવા કરો, 'ત્યારે પિતાજી(વાસુદેવભાઈએ)એ બે હાથ જોડી નમ્રતાપૂર્વક કહેલું કે, 'મને મારા દર્દીઓની સેવામાં જે આનંદ મળે છે તે બીજે ક્યાંય નહીં મળે !' એમ કહી તેમણે આદરપૂર્વક મહત્ત્વની દરખાસ્તનો પણ અસ્વીકાર કરેલો !

ડૉ. વાસુદેવ રાવલ સાહેબના વ્યક્તિત્વ-જીવને જાણવા-માણવા-પામવા ઘણો રઝળપાટ કર્યો. ઘણા ઘણા વ્યક્તિ વિશેષોની રૂબરૂ મુલાકાત કરી, પણ મેં એક પણ માણસને ડૉ. સાહેબ વિશે ઘસાતું બોલતા સાંભળ્યો નહીં, તે જ તેમના પારદર્શક વ્યક્તિત્વની ખરી ઓળખ છે.

કહેવાય છે કે, કોઈપણ પુરુષ સારી રીતે કામ કરે છે તો તેની પાછળ તેના જીવનસાથીનો પણ એટલો સાથ-સહકાર રહેલો હોય છે. બેશક હોય જ છે. વાસુદેવદાદા પણ જીવનભર સેવાની સુવાસરૂપી માનવતાની મહેક પ્રસરાવતા રહ્યા તો તેમાં તેમના જીવનસંગિની ચંદ્રકાન્તાબહેનનો પણ એટલો જ હિસ્સો રહ્યો છે. ચંદ્રકાન્તાબહેનના સહકાર વિના આવડો મોટો ભગીરથ સેવાયજ્ઞ સંપૂર્ણ ન જ થાય ! પરિવારમાં વાસુદેવદાદાના નાના-મોટા ભાઈઓ પણ તેમના પ્રત્યે આદરભાવ દાખવતા.

જે જન્મે તેનું મૃત્યુ પણ નિશ્ચિત જ હોય ! ડૉ.વાસુદેવદાદાનું જૈફ વયે અવસાન થયું, ત્યારે તેમનું મૃત્યુ પણ મહોત્સવમાં પલટાઈ ગયેલું. તેમના અવસાનથી ઊંઝા નગર ઘેરા શોકમાં ડૂબી ગયેલું. નગરમાં જાણે કર્ફ્યુ લાગ્યો હોય તેમ નગરના પ્રત્યેક વ્યક્તિ-વેપારીએ દાદાની સેવાની કદરરૂપે સ્વયંભૂ બંધ પાળ્યો હતો, નગરમાં સ્મશાનવત શાંતિ છવાઈ ગયેલી ! તેમના અંતિમ દર્શન માટે, તેમની સ્મશાનયાત્રામાં ભારે મોટી જનમેદની ઊમટી પડેલી, કદાચ ઊંઝાની આંખોએ પહેલીવાર આટલી મોટી સંખ્યામાં જનમેદની નિહાળી હશે !

ડૉ. દાદા પરિવારમાં ત્રણ પુત્રી અને એક પુત્ર, એમ લીલીવાડી મૂકીને ગયા. બે દીકરીઓ પરદેશમાં સુખી છે ને એક દીકરી-દીકરો સ્વદેશમાં લોકોની સેવામાં રત છે. તેમના દીકરા ડૉ. અનિલભાઈ રાવલ સાહેબ પણ પિતાની સેવાના પર્યાય પિતાજીના અધૂરાં-અટકેલાં કાર્યોને એટલી જ નિસ્તબતથી આગળ ધપાવી રહ્યા છે, તે ખરેખર આનંદની વાત કહેવાય ! તમે ડૉ. અનિલભાઈને મળો એટલે વાસુદેવદાદા અનુભવાયા વિના ન રહે ! એ જ આકૃતિ, એ જ પ્રતિકૃતિ ! 'મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે !

સેવાની આહલેક અવિરત રહે તે જ અભ્યર્થના. A person who continued to work without rest, now take rest.

●---------●●●--------●●●---------●

કે. એલ. પટેલ કન્યા વિદ્યાલય, ઊંઝા.
૯૬૨૪૨૩૮૮૬૦

## (૦૮) ખેતી કરવી જ છે ? તો આવ રેઢેરેઢી નહીં થાય, ભૈ !

**- હીરજી ભીંગરાડિયા**

"'વેપારી પેઢીએ અને ખેડૂત શેઢીએ'" એ કહેવતનો ભાવ બસ એવો જ છે કે વેપાર હોય કે ખેતી, અરે ! કહોને કોઈ પણ વ્યવસાય રેઢો તો ન જ હોવો જોઈએ-માલિકની નજર નીચે જ ચાલવો જોઈએ.

તમે જુઓ ! આજે મોટી મોટી પેઢીઓ આધુનિક વિજ્ઞાનનો સહારો લઈ, પોતાનાં કારખાનાં, ફેક્ટરી કે મોટી મોટી મિલો અને ઑફિસોમાં પોતાના માણસો કેવું કામ કરે છે કે બહારથી કોણ કોણ માણસો આવી કેવાં કેવાં વર્તન-વ્યવહાર કરે છે- તે પોતાની ઑફિસમાં બેઠા બેઠા નજરો-નજર નીરખી શકાય એટલા માટે સીસીટીવી કેમેરા ગોઠવતા હોય છે. એટલું જ નહીં દેશભરના અન્ય વિસ્તારોમાં પણ ધંધાની શાખાઓ ચાલતી હોય, ત્યાં પણ કેટકેટલાં કામો થયાં, કેટલું પ્રોડક્શન થયું કે કેટલું વેચાણ થયું અને બાકી સ્ટોક કેટલો રહ્યો-વગેરે બધી જ વિગતો જાણી લેવા કમ્પ્યુટર વિજ્ઞાનની ભેર લેવાવા માંડી છે. આ બધી 'ધંધાને રેઢો નહીં મૂકવાની' વ્યવસ્થા છે. પોતાના ધંધા પ્રત્યેના લગાવની જ વાત છે, મિત્રો !

'"ખેતી' એ કોઈ તંત્રની ગોઠવણીથી ચાલતો વ્યવસાય નથી : "'ખેતી' ધંધા"ને રેઢો નહીં મૂકવાનો મારો ભાવાર્થ "ખેડૂતે પોતે પંડ્ય મહેનત કરવા પૂરતો મર્યાદિત સમજવાનો નથી. કારણ કે તેમાં દુષ્કાળો, અતિવૃષ્ટિ, વાવાઝોડાં, માવઠાં, હીમ જેવા અણધાર્યા કુદરતી અકસ્માતોનો પાર હોતો નથી. આવા ટાણે વખતોવખતના નિર્ણયો બદલવા ઉપરાંત રોજ-બ-રોજના સમયસર આટોપવાં પડતાં કાર્યો અને ધંધાનાં ગાય, બળદ, મજૂર જેવાં પાત્રોની અચાનકની બીમારી કે અંદરોઅંદરના ઝગડા અને કૂવામાં ઊતરવા જેવાં જોખમી કામો વખતે પોતાની જીવંત નિગરાની કે ખળા-ખળવટ વખતે સીધી હાજરી-આ બધી બાબતોમાં "'જા બિલ્લી, કૂત્તેકો માર !'" નહીં ચાલે, ભાઈઓ ! એવે ટાણે પંડ્યની હાજરી જો શક્ય ન જ બને એમ હોય તો જ ધંધાર્થીના કોઈ અતિ વિશ્વાસુ અને જવાબદાર પ્રતિનિધિને સોંપવાનું જરૂરી બનતું હોય છે.

જીવંત બાબતો સાથે પનારો : તમે જુઓ ! અન્ય વ્યવસાયોમાં "વીમા"ની સગવડ હોય છે. જ્યારે ખેતીનાં બધાં પાસાં-બિયારણથી માંડી છોડ, ઝાડ, એમાં લાગતી જીવાતો, વચ્ચે ઊગતાં નિંદામણો, જમીનમાં અને મોલાતમાં હરફર કરતાં જંતુઓ, મોલાતમાં કામ કરનારાં પશુઓ અને મજૂરો બધાં જ જીવંત હોવાથી ઉત્પાદનમાં ક્યારેય એકધારાપણું નથી રહેતું અને વધારામાં કુદરતી પ્રકોપોની ઓચિંતાની અને વણકલ્પી વિનાશક અસરોનો વ્યવસાય ભોગ બનતો રહેતો હોવાથી તેનો વીમો પણ ઉતારવા કોઈ તૈયાર થતું નથી. સરકારે પાક વીમો લેવો પડી રહ્યો છે, તેથી ચૂકવણામાં કેવા બખાડા કરે છે તે આપણે જાણીએ છીએ. પ્રીમિયમના દરો વધાર્યા છતાં વળતર ચૂકવવું પડે ત્યારે નાદારી નોંધાવી દે છે. પણ તેથી કરીને આપણે આપણો ધંધો થોડો બંધ કરી દેવાશે ?

આવા કુદરતી પરિબળોની વચ્ચે બદલાતી પરિસ્થિતિઓમાં તો ઘરધણી ખેડૂતે પોતે જ નિર્ણય લેવો પડે ને ભાઈ ! બદલાતી ઋતુઓ અને એમાં ઠંડી-ગરમીનું આગમન ક્યા પ્રકારનું છે તેના પર પૂરતી નજર ન હોય અને પાકની વાવણી કરી દઈએ તો કેવું થાય, કહું ? ઉતાવળા થઈ ઠંડી શરૂ થયાં પહેલાં ઘઉં વવાઈ જાય તો, બિયાં ઊગી તો જાય, પણ ફૂટ્ય ઓછી લે, એટલે કે ઉતારો ઘટે. અને વાતાવરણમાંથી ઠંડી ઘટ્યા પહેલાં ઉનાળુ તલનું વાવેતર કરી વળાય તો તો તલ નેવકા ઊગે જ નહીં. અને "નથી ઊગ્યા" એમ માની બીજી વાર વાવણી કરીએ અને ઠંડી ઘટતાં બન્ને વાર વાવેલા તલ ઊગી નીકળે ! હવે કઈ રીતે વાવણી કરવી બોલો ! હવે તો પારવણી કરી મીણ ભણી જવાનાં ! આવું ઘણા ખેડૂતોને બન્યાનું નજરો નજર જોયું છે. આવો ઋતુઓના ફેરફારનો અભ્યાસ કામ પર રોકેલા માણસો પાસે થોડો હોય ?

જરૂર હોય 'જિગર' અને 'નિર્ભયતા'ની : અન્ય વ્યવસાયોમાં તો ફરતી કમ્પાઉન્ડ વોલ બનાવી, દરવાજે સિક્યુરીટી-ગાર્ડ ગોઠવી દઈએ એટલે અંદરનું બધું કરોડોનું

ભલેને હોય, સબ બની જાય સલામત ! જ્યારે ખેડૂતની જમીનો તો એક કટકું અહીં, તો એક હોય ગામને બીજે છેડે ! નદી કાંઠે કૂવો કે બોર હોય, તો લાંબી પાઇપ-લાઇન નાખેલી હોય-કેટલોય સીમ-વગડો વીંધીને ! નીરણના ઓઘા-ગંજી અને ખળાં-ખળવટ ક્યાં પડ્યાં હોય એનું કોઈ નિશ્ચિત ઠેકાણું હોય ખરું ? આવી વેર-વિખેર મિલ્કતોમાં ક્યાં તાળાં દેવાં ને ક્યાં પહેરેગીર મૂકવા, તમે જ કહો ! એટલે ખેતર-વાડીના શેઢા-સરહદનાં દબાણો અને સીમચોરી જેવા બનતા પ્રસંગોએ જાતની જિગર અને નિર્ભયતાની ખરી જરૂર પડે, એ દાડિયા થોડા દાખવી શકવાના ? એટલે જ "'આપ મૂવા વિના સ્વર્ગે કોઈથી નથી જવાતું'" એ કહેવત વડવાઓએ ભેટ ધરી છે.

વાડીમાં ખેડૂતનો આંટો એટલે મોલાતને ખાતર મળ્યા જેટલો ગણ : આપણા ગઢિયાઓએ એક બીજી પણ કહેવત સજ્જડ કરી છે કે "ખેડૂત વાડીમાં માત્ર આંટો મારે ત્યાં મોલાતને ખાતર આપ્યું હોય એટલો ગણ થાય છે". પણ ભાઈઓ ! આ આંટાનો અર્થેય સમજવો પડે એવું છે. જો એ ખેડૂતમાં નિરીક્ષણ કરવાની વિશિષ્ટ સૂઝ હોય, વાડીમાં આંટો મારતી વેળા ખેડૂતના પગ શેઢા-પાળા, ઢાળિયામાં કે ક્યારા-પાળીની ધરતી પર અને નજર ચારેકોર-ક્યાં પરિસ્થિતિ કેવી છે, એનું શકરાબાજની નજરે નિરીક્ષણ કરતી ફરી રહી હોય ! આંટો મારતાં ક્યારેક મરચીના ઘેરામાં આવેલ કૂકડ પકડાઈ જાય, તો ક્યારેક શેઢા પરનું ઝાળું વકરી ગયેલું ભળાઈ જાય. અરે ! શેઢામોસમના બે-ત્રણ ચાસમાં માલધારીઓનાં બકરાં દ્વારા થયેલો અસો નજરે ચડે, તો ક્યારેક વળી સાંતીડે જૂતેલ ભૂરિયો બળદિયો લૂલો હાલતો ને ઢોરવાડે નજર જતાં શ્યામલી ગાય હીટમાં હોય એવા અણહાર જણાય, અને ક્યારેક વળી નદીકાંઠાનું એન્જિન ધૂમાડો કાઢતું ભાળી જવાય ! એટલે માલિક તરીકે એના ઉપાયો કરવાનું વહેલામાં વહેલું ગોઠવી લેવાય. બસ, આ રીતે છોડવા-ઝાડવાં, જાનવર કે મજૂર જેવાં વાડીનાં અંગોની લેવાએલી દરકાર, એને વાડીમાં ખાતર ભર્યાં જેટલો ગણ ગણી લેવો. બાકી મોઢામાં માવો ભરાવી ચાલુ બાઇકે જ, ભાગિયા કે મજૂરને દવાના બાટલા હાથમાં પકડાવી "'છાંટી દેજો, આટલી દવા'" કહી, મજૂર પૂરી વાત સમજે ન સમજે એ પહેલાં જ બાઇકને લગાવે કીક કે વહેલું આવે ગામનું પાદર અને રોડ પરનો ઓટલો ! એવો આંટો મારનારા ખેડૂતોયે મારી જાણમાં છે, એ આંટો મારે તોયે ન માર્યા જેવું જ છે ! મારા અર્થનો "'આંટો'" એ નથી.

રેઢા તો રાજેય વયાં જાય : અમારી જ વાડીમાં બનેલા પ્રસંગની વાત કરું. પચ્ચીસેક વરસ પહેલાં અમારે ત્યાં રાજસ્થાની મજૂરો કામ કરતા હતા. કપાસની વધને નિયંત્રણમાં રાખવા લીહોસીન નામના હોર્મોન્સનો છંટકાવ ચાલુ હતો. એમાં ઓચિંતાનું મારે બહારગામ જવાનું થયું. સાંજે આવીને પૂછ્યું તો કહે, 'હા, દવા બરાબર છાંટી દીધી છે".' પણ દસ-બાર દિવસે આંટો મારતાં મારી નજરમાં પકડાયું કે કપાસના આખા ઘેરામાં એક મૂકીને એક ચાસ થોડો લીલા-ઘેરા રંગનો અને થોડો નીચો, જ્યારે બીજો કેમ થોડો ઊંચો અને પોપટિયા રંગનો-હોર્મોન્સની અસરથી મુક્ત હોય એમ દેખાય છે ? હું કળી ગયો કે આ માળા મજૂરોએ પ્લોટમાં એક મૂકી એક ચાસમાં દવા છાંટી છે ! અન્ય દવા હોત તો તો સહેજે નજરમાં ન આવત, પણ આ તો હતું હોર્મોન્સ ! એની અસર તુરતમાં કેવી થવાની હોય એની ખબર મજૂરને થોડી હોય ? જરા આકરી પૂછપરછ કરી તો માની ગયા કે "'હા, આવું કરીએ તો તમને ખબર પડે છે કે નહીં ? તે અમારે જોવું હતું માટે આમ કર્યું !'" લ્યો બોલો ! મજૂરો પણ ખેડૂતની પરીક્ષા લેવા માંડ્યા ! પણ પરિણામે અર્ધો ઘેરો અમર્યાદિત રીતે વધ પકડતો રહ્યો. અને બાકીની વધેલી દવા ક્યાં ? પૂછતાં નીરણના ઓઘામાં સંઘરેલી તે કાઢી દીધી. મારે એ મજૂરોને છૂટા કરવા પડેલા બોલો !

પંચવટી બાગ ક્ષેત્રફળની દૃષ્ટિએ છે ૧૦૦ વીઘાનો. આખી વાડીના ક્યા બ્લોકમાં કેવું કામ ચાલી રહ્યું છે, તે એક જગ્યાએથી જોઈ શકાય તે માટે વાડીની મધ્યમાં આવેલા નીલગીરીના ઊંચા ઝાડવા પર એક મેડો બનાવેલો અને હાથમાં દૂરબીન રાખી આખી વાડીનું નિરીક્ષણ કરી લેવાનું ગોઠવેલું. પણ વાડીમાં ફળાઉ વૃક્ષોનો ઉછેર થઈ જતાં દૂર જોવા બાબતે તેની નડતર ઊભી થતાં બંધ કરવું પડ્યું. બપોરે અને સાંજે મજૂરોને કામેથી છૂટવાની વેળા- એક લોખંડી ડ્રમને ઝાડવે લટકાડી બનાવેલ બેલને ટકોરા મારવાથી પંચવટી બાગમાં તો શું, આસપાસની ઘણીબધી વાડીઓમાં તેનો રણકારો સંભળાય અને સૌ એકસાથે કામેથી છૂટી શકે. આ વ્યવસ્થા તો આજે પણ અમલમાં છે, જે માત્ર પંચવટી બાગ પૂરતી મર્યાદિત નહીં રહેતા, આસપાસની બધી વાડીઓ આ બેલના આધારે જ કામ

ગોઠવી રહી છે.

ખેતી કાર્યો ઘડીકમાં શરૂ, ઘડીકમાં બંધ કરી શકાતાં નથી : ફેક્ટરી, દુકાન અને ખેતી-ત્રણેય 'ધંધા' ભલે ગણાય રોજગારનાં જ એકમ. પણ ત્રણેયમાં ફેર ગણીએ તો છે પાર વગરનો ! તમે જુઓ, ફેક્ટરી કાચા માલમાંથી પાકામાં રૂપાંતરિત કરનારું યુનિટ છે. અને દુકાન એ માલનું વેચાણ કરી, વચ્ચેથી કમાણી કરી લેનારી તરકીબ છે. જ્યારે ખેતી તો કેટલાય સજીવ-નિર્જીવ પરિબળો અને કુદરતી સ્રોતોની વચ્ચે વલોવાઈને ધરતીની ધૂળમાંથી મલાઈરૂપી ધાનનું નવસર્જન કરનારી ખૂબ લાંબી સતત ચાલતી પ્રક્રિયા હોઈ, ઘડીકમાં શરૂ અને ઘડીકમાં બંધ કરી શકાતી નથી. એટલે એમાં ખંત ઉપરાંત પૂરતી ધીરજની જરૂર હોય છે. અને એવી અપેક્ષા મજૂર કે ભાગિયા પાસે થોડી રાખી શકાય ? આવું તો વાડીના માલિકે-ખેડૂતે પોતે જ કરવું પડતું હોય છે.

માલિક-મજૂરમાં વાડી પ્રત્યેની લાગણીમાં હોય છે ફેર : ખેડૂત એ ખેતર કે વાડીનો માલિક છે, અને એ જ્યારે વાડી-ખેતરમાં જાતે ખેતી કરતો હોય કે જાત દેખરેખ નીચે ખેતી કરાવતો હોય એની વાત એક છે, અને ખેડૂતે પોતાની ગેરહાજરીમાં કામ કરવા રોકેલ દાડિયો-મજૂર હોય કે મજૂરીના ભાગમાં રાખેલ ભાગિયો-મજૂર હોય અને એને વાડી સોંપેલ હોય એની વાત બીજી છે. એ બન્નેની ભાવના, વાડીને યથાસ્થિતિએ રાખવાની ચીવટ, વાડી માહ્યલાં મકાનો-ઢોરાં-ઝાડવાં બાબતે હમદર્દી અને વાડીને જ વફાદાર રહી બધી કામગીરી કરતા રહેવા બાબતે 'સો અને છ'ના આંક જેટલો મોટો ફેર જણાય છે, મિત્રો !

અમારી વાડીની બાજુમાં એક સુરત રહી, ભાગિયા દ્વારા ખેતી કરાવતા હીરાવાળા ભાઈની વાડી છે. દર વરસે કોઈને કોઈ નસવાડી બાજુના જણને ૨૫% મજૂરીના ભાગથી વાડી ભાગવી આપે છે. અમારી વાડીનો અને એની વાડીનો શેઢો અડોઅડ-એક હોવાથી એની વાડીમાં થઈ રહેલી હરફર કે થઈ રહેલું કામ એ બાજુ નજર કરવા માત્રથી અમને ભળાય છે. ઘણીએ વાર નજરે ચડ્યું છે કે વાડીમાંથી લીલી ચારનાં પોટકાં, સૂકી નીરણના પૂળા અને લાકડ-કૂકડ-બળતણના ભારા ભાગિયાના ભાઈબંધ બની ગયેલા ઈસમોને આપીને '''પારકે બાજરે પોંક-માવજીભાઈ કાંધાળા !''' મફતમાં જશ ખાટતા ભળાતા હોય છે. નુકશાન થવાનું હોય તો વાડીના માલિકને, એમાં ભાગિયાને શી લેવાદેવા ? આવું ત્યારે જ બને જ્યારે પડ રેઢું હોય !

ભલે પંડ્યે નહીં, તો ચીંધીને તો કામ કરાવી શકીએ ને ? માનો કે માલિકની ઉંમર થઈ ગઈ હોય, પંડ્ય હવે બળનું-વધુ પડતી મહેનતવાળું કામ કરવા સક્ષમ ન હોય. તોયે કંઈ વાંધો નહીં. આપણે જાતે બળનું કામ નથી કરવું. પણ આપણી જુવાનીના વખતમાં વાડીને જે પ્રકારની વિકસાવી હોય, તેવીને તેવી સ્થિતિમાં જાળવી રાખવા માટેય આપણો આંટો-ફેરો અને વખતોવખતનાં જરૂરી કામો મજૂર-ભાગિયાને ચીંધીને તો કરાવી જ શકીએને ? વાડીના ટ્રેક્ટરનું ઉપયોગ પ્રમાણે ઓઈલ બદલવું, ડીઝલ અને ઓઈલ ફિલ્ટર્સ બદલવાં, ઘસારાના પોઈંટે અને વ્હીલ બેરિંગમાં ગ્રીસિંગ કરવું, ટ્રેલર બોડી કે ખેત સાધનોની તૂટછૂટનું રીપેરિંગ-વેલ્ડિંગ, કૂવાની પાળી, ઢોરાંની ગમાણ, પાણીની હવાડી, કૂંડી, ફરજા, કોઢ, ગોડાઉન, મજૂર-આવાસ, વાડી ફરતું ફેન્સિંગ વગેરે જેવાં વખતોવખત રીપેરિંગ કામો કરતાં રહેવાં પડે છે. નબળાં-ઘરડાં અને ભાંગલ-તૂટલ વૃક્ષોનો નિકાલ અને નવા રોપ-કલમોનો ઉછેર થતો રહે, વાડીનાં ગાયો-બળદોને ટાણાંહર નીરણ-પાણીને ખાણદાણ દેવાતાં રહે, એવું ચીંધાણ તો કરી શકાય ને ! અને તો જ વાડી 'વાડી' તરીકે ટકી રહે. નહીં તો તો '''ગાંગો ગોકળ અને વાંહે મોકળ''' જેવું થઈ રહે, ભૈ !

અંતે : માનો કે વાડીએ આજ આપણાંજોગું કંઈ કામ નથી. તો પણ "હાલોને બે ઘડી વાડીએ જઈ આવીએ" એવું મન ધરતીપુત્રોને થતું રહેવું જોઈએ, અને ખરેખર વાડીએ આંટો મારી વાડીની ધરતી, વાડીનાં ઝાડ-છોડ ને વાડીની ખુલ્લી ચોખ્ખી ખુશ્બોદાર હવામાં ઘડીક બેસીએ ત્યાં સ્ફૂર્તિ અને આનંદમાં ઉમેરણરૂપી સંતોષ મન અનુભવવા લાગે એટલે સમજવું કે વાડી અને આપણો જીવ એક થઈ, બન્ને ઓતપ્રોત થઈ રહ્યાં છીએ ! અને આવો એહસાસ દૂર રહ્યા-રહ્યા ખેતી કરાવ્યે થાય ખરો ? એ તો વાડીમાં જીવ પરોવીને રહીએ તો જ થઈ શકે છે એવો જાત અનુભવ અમારો તો રહ્યો છે, ભાઈ !

પંચવટી બાગ, માલપરા જિ.બોટાદ
મો.૯૩૨૭૫ ૭૨૨૯૭

## (૦૯) વંચિત વિસ્તાર અભ્યાસ શિબિર

- પુંજાભાઈ મકવાણા

આજે શિક્ષણ ક્ષેત્રે રાફડો ફાટી નીકળ્યો છે. વિદ્યાર્થીઓને જે હેતુ માટે શિક્ષણ આપવું જોઈએ તે હેતુથી અપાતું નથી, એટલે તો ભારતનું ભાવિ વર્ગખંડની ચાર દિવાલ વચ્ચે ઘડાઈ રહેવાની જગ્યાએ વર્ગખંડની ચાર દિવાલ વચ્ચે ગૂંગળાઈ રહ્યું છે. એટલે વિદ્યાર્થી વર્ગખંડની ચાર દિવાલ વચ્ચે જે શીખે છે, તેના કરતાં વર્ગખંડની બહારથી વધુ શીખી શકે છે. વર્ગખંડની અંદર જે શીખે છે તે પુસ્તકિયું જ્ઞાન હોય છે, જ્યારે વર્ગખંડની બહાર જે શીખે છે, તે અનુભવ અને વ્યવહારું જ્ઞાન હોય છે. આ જ્ઞાન જીવન જીવતાં શીખવે છે.

ભાવનગર જિલ્લામાં આવેલ લોકભારતી સંસ્થામાં લોકસેવા મહાવિદ્યાલયમાં ગ્રામવિદ્યાનો સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ ચાલે છે. આ અભ્યાસક્રમની રચના વિશિષ્ટ પ્રકારની છે. તેમાં પ્રથમ વર્ષના અભ્યાસક્રમમાં વંચિત વિસ્તાર અભ્યાસ શિબિર કાર્યક્રમ છે.

આમાં વિદ્યાર્થીએ જે વંચિતો છે, તે વિસ્તારની પ્રત્યક્ષ મુલાકાત લઈ, તે વિસ્તારમાં થોડા દિવસ રહીને તેનો અભ્યાસ કરવાનો હોય છે. વંચિતનો અર્થ 'જેના સુધી સુવિધાઓ પહોંચી નથી' તેવો થાય છે. પછી તે કોઈપણ જ્ઞાતિ, જાતિ કે સમુદાય હોઈ શકે. આમાં હકીકતે જ્યાં રોડ-રસ્તા, દવાખાનું, વીજળી, બજાર, વાહન વ્યવહાર, શિક્ષણ જેવી સુવિધાઓ પહોંચી નથી તેવા વિસ્તારને અભ્યાસાર્થે પસંદ કરવામાં આવે છે.

પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને વંચિતોના વિસ્તારમાં લઈ જતાં પહેલાં ત્યાં શા માટે જવાનું છે ? ત્યાં જઈને શું કરવાનું છે ? ત્યાંથી શું મેળવવાનું છે ? વગેરે બાબતોથી વિદ્યાર્થીઓને અભિમુખ કરવામાં આવે છે અને પછી તે સ્થળે લઈ જવામાં આવે છે. આ સ્થળે ગયા પછી વિદ્યાર્થીઓ ટુકડીઓમાં વહેંચાઈને અભ્યાસાર્થે આ વિસ્તારમાં ભમે છે. ત્યાં જઈને તેમની જીવન શૈલી, સંસ્કૃતિ, શિક્ષણ, રીતરીવાજ, માન્યતાઓ, અંધશ્રદ્ધાઓ, કુરિવાજો, વ્યવહારો, રોજગારી, કલા, ઉત્સવો વગેરેનો ઊંડો અભ્યાસ કરે છે.

આવા પછાત વિસ્તારના લોકોને આપણે 'આદિવાસી' કહીએ છીએ. પરંતુ આપણી ઉત્પત્તિનું મૂળ અહીં જોવા મળે છે. આપણામાં સહજ રીતે આ પ્રજાને જોતાની સાથે ઘૃણા થાય, પરંતુ જો તેમની નજીક જઈને તેને આત્મીયતાથી સમજવાનો પ્રયત્ન કરવામાં આવે, તો તેમના જીવનમાંથી ઘણુંબધું શીખી-સમજી શકાય છે. દા. ત. તેઓ અનાજ સંગ્રહ માટે વાંસની પટ્ટીઓથી મોટી કોઠી બનાવે છે અને છાણમાટીથી તેને લીંપી દેવામાં આવે છે. પછી તેમાં અનાજ ભરીને કોડિયામાં ઘી-તેલનો દીવો પ્રગટાવીને અનાજ ઉપર મૂકવામાં આવે છે, પછી ધીરે ધીરે ઢાંકણ બંધ કરીને ઝડપથી તેને લીંપી દેવામાં આવે છે. આ પદ્ધતિથી આખું વર્ષ અનાજ બગડતું નથી. આપણી અનાજ સાચવવાની પદ્ધતિ કરતાં આ જુદી રીત છે. આમાં વિજ્ઞાનનો સિદ્ધાંત જોવા મળે છે. ઘરમાં કોઈ બીમાર પડે તો વનસ્પતિનો ઉપયોગ કરે છે. તેઓ ખોરાકમાં મહુડાના ડોળિયા(તેલ)નો ઉપયોગ કરે છે. અને કેટલીક વનસ્પતિનો સીધો ખોરાક તેમજ ગડ-ગુમડાંઓ ઉપર દવા તરીકે ઉપયોગ કરે છે. તેમજ મિશ્રાહારી હોવાથી શિકારની શોખીન અને રખડું પ્રજા છે. તેથી જયંત પાઠક્ની રચનામાં છે,

આંગળીમાં આદિવાસીનું તીણું તીર;<br>
રોમ મારાં ફરકે છે ઘાસમાં.

આ પ્રજા એટલી તિરંદાજી છે કે તે ઊડતા ચકલાને પાડી શકે છે, એટલી હોંશિયાર છે. આ કળા તેમનામાં વારસાગત હોય છે. આવી જ રીતે વાંસમાંથી ફૂલદાની, ગૃહસજાવટની વસ્તુઓ, ટોપલાં, રમકડાં વગેરે બનાવવાની

એ અદભૂત કળા એમની પાસે છે. આ કળા તેમના માટે રોજી-રોટી અને શોખ માટે હોય છે. આપણે જીવનમાં કળાનો ક્યાં ઉપયોગ કરવો જોઈએ અને તે કળાથી કેવી રીતે રોજી-રોટી રળી શકાય તે અંગેની વાતો કરીએ છીએ, જ્યારે આ લોકો વર્ષોથી તેનો ઉપયોગ કરતાં આવ્યા છે. તેમજ આપણે ખેતીમાં આડેધડ રીતે દવાઓ અને રાસાયણિક ખાતરોનો ઉપયોગ કરીએ છીએ, જ્યારે આ લોકો વનસ્પતિના પાંદડાંઓ અને કુદરતી ખાતરનો ઉપયોગ કરે છે. આપણે ઑર્ગેનિક ખેતીની વાતો કરીએ છીએ, જ્યારે આ લોકો વર્ષોથી ઑર્ગેનિક ખેતી કરતાં આવ્યા છે. આપણે પગથિયાં પદ્ધતિથી ખેતી કરવાની વાતો કરીએ છીએ, જ્યારે આ લોકો વર્ષોથી આ પદ્ધતિથી ખેતી કરતા આવ્યા છે. આપણે પુસ્તકોમાં વાંચીને તેનો અમલ કરવાની વાતો કરીએ છીએ, જ્યારે આ લોકો વારસાગત રીતે અનુભવજન્ય જ્ઞાનથી તે કામ કરતાં આવ્યા છે.

આ ઉપરાંત તેમનામાં નૃત્યકળા, લોકગીતો અને આ ગીતોમાં ધબકતું તેમનું જીવન અને સંસ્કૃતિ તેમજ ધાર્મિકતા પ્રગટ થતી હોય છે. તેમના દેવી-દેવતા એટલે સૂર્ય, ડુંગર, વન, નાગ, સિંહ, વાઘ, નદી વગેરે પ્રકૃતિનાં તત્ત્વો હોય છે. તેમજ પોતાની ખેતી અને પશુઓ તેમના ભરોસે હોય છે. નવો પાક અને દૂધ-ઘી પ્રથમ આ દેવી-દેવતાઓનાં ચરણે ધરવામાં આવે છે. આમાં એક પ્રકારની શ્રદ્ધા જોવા મળે છે. તો ક્યાંક બલી તરીકે પાડા, બકરા કે કૂકડાનો ભોગ ધરાવે છે, ત્યાં તેમની અંધશ્રદ્ધા જોવા મળે છે. આમ, શ્રદ્ધા અને અંધશ્રદ્ધા ભર્યું છતાં આનંદિત જીવન જીવતા જોવા મળે છે.

આ લોકો સાથે આત્મીયતા કેળવવામાં આવે તો જાણવા મળે છે કે તે ભોળા, માયાળુ અને સંપીલા હોય છે અને ઝનૂની પણ એટલા જ હોય છે. તે રિઝાઈ જાય તો માથું આપી દે, અને ખિઝાઈ જાય તો માથું લેતાં વાર પણ કરે નહિ. તેઓ ભલે ડુંગરોમાં છૂટાછવાયા રહેતા હોય, પરંતુ મોટા ભાગના લોકો પાસે મોટો ઢોલ હોય છે. આ ઢોલ વગાડવાનો અવાજ એ તેમની સંજ્ઞા હોય છે. તેઓ છૂટાછવાયા રહેતા હોવાથી પોતાના ઘરે શુભ-અશુભ ઘટના કે કોઈ જોખમ હોય, તો તેઓ તે પ્રકારનો ઢોલ વગાડે છે. તે અવાજ પરથી તેઓ શુભ-અશુભ કે ભય પામી જતા હોય છે અને તે મુજબ તેઓ એક સાથે ભેગા થતા હોય છે. આપણે સુધરેલા લોકો માઇક દ્વારા જાહેરાતો કરાવીએ છીએ છતાં લોકો ભેગા થતા નથી જ્યારે આ અભણ છતાં સમજુ લોકો માત્ર ઢોલની ડાંડીના આવાજથી ભેગા થઈ જાય છે. એટલે સૌથી વધુ સંપ અને સમજણ આ લોકોમાં જોવા મળે છે.

તેઓ લગ્ન જેવા સામાજિક પ્રસંગોએ કે મેળાઓમાં ભેદભાવ ભૂલી જઈને સ્ત્રી-પુરુષો સાથે મળીને સરસ મજાના નૃત્ય કરતા હોય છે. આ નૃત્ય માટે કોઈ ક્લાસ નહિ, પરંતુ પરંપરાગત રીતે વારસામાં મળેલી ભેટ હોય છે. તે નૃત્યમાં વિશેષતા પણ જોવા મળે છે. આ નૃત્યો રાષ્ટ્રીય કક્ષા સુધી વખણાયેલા છે. મેળા જેવા પ્રસંગે તો એકસાથે લેઝીમ દાવથી નૃત્ય રમતા હોય છે. આપણે શાળાઓમાં બાળકોને આ દાવ શીખવાડવા માટે તાલીમ આપવી પડે છે. જ્યારે આ લોકો એક બીજાને જોઈને શીખે છે. આપણી નૃત્યકળા કરતાં આ લોકોની કળા અદભૂત છે. તેઓ વગર તાલીમે જોઈ અને અનુભવથી શીખે છે. આ વનવાસી પ્રજાનો અભ્યાસ કરતા હતા, ત્યાં કેટલાક લોકો પોતાના ઘરે બેઠા બેઠા મોટાં મોટાં પાંદડાંઓ હાથથી ફેરવી રહ્યા હતા, તે જોવા અને સમજવાનો પ્રયત્ન કર્યો તો, જણાયું કે તેઓ આ પાંદડાઓ અને લીમડાની સળિયોથી પડિયા-પત્રાળા બનાવી રહ્યા હતા. આ તેમની જંગલ પેદાશમાંથી મળતી રોજગારી હતી. આ પડિયા—પત્રાળા જમણવાર વખતે જમવા માટે ઉપયોગમાં લેવામાં આવતાં હોય છે. જે ઑર્ગેનિક હોવાથી તેની શરીર માટે કોઈ આડઅસર થતી નથી. તેમજ જમીનમાં બહુ ઝડપથી તેનું વિઘટન થતું હોવાથી પર્યાવરણને કોઈ નુકશાન થતું નથી, ને તેનું સુંદર ખાતર તૈયાર થાય છે. જે ખાતરથી ઑર્ગેનિક પાક તૈયાર થાય છે. જે ઑર્ગેનિક ખેતી માટે ઉત્તમ છે તેવું પુરવાર થયું છે. આજે મોટા જમણવાર પ્રસંગે મોટા ભાગે જે પ્લાસ્ટિકનાં પડિયા-પત્રાળા વપરાય છે, તે એવા પદાર્થોમાંથી બનાવવામાં આવે છે, જે આરોગ્યને

તો નુકશાન કરે છે, અને તેનું જમીનમાં ઝડપથી વિઘટન થતું નથી, તેથી તે પર્યાવરણને બહુ જ નુકશાન કરતું હોય છે. આમાં, વનવાસી પ્રજાની કોઠાસૂઝ અને સાચી સમજણ જોવા મળી. જેમની સમજણ આગળ આપણે પાંગળા લાગીએ !

આ પછી વિદ્યાર્થીઓમાં વધુને વધુ જાણવાની જિજ્ઞાસા વધતી જતી હતી, ત્યાં એક ખેડૂત હળ હાંકી રહ્યો હતો. તેની નજીક ગયા, તો તેના માથા ઉપર બાંધેલા કપડા નીચે કંઈક પાંદડાં દેખાયાં. વિદ્યાર્થીઓને નવાઈ લાગી અને ઘડીક તેમની સાથે આત્મીયતા કેળવી, તો જાણવા મળ્યું કે તે એરંડાનાં પાન હતાં. આ પાનથી માથામાં ઠંડક મળે છે, આવું જાણીને પછી વિદ્યાર્થીઓએ પણ આ પ્રયોગ કર્યો, તો તેમને ઠંડકની અનુભૂતિ થઈ. આવી કોઠાસૂઝ આ વનવાસી પ્રજામાં જોવા મળી.

આ પછી વિદ્યાર્થીઓને હાટ જોવાનું હતું. વિદ્યાર્થીઓ મનમાં મૂંઝાતા હતા, કે આ શું હશે ? પણ પછી તેની પ્રત્યક્ષ મુલાકાત લીધી તો આ વિસ્તારમાં એક ખુલ્લું બજાર ગોઠવાયું હતું. તેમાં તેમની જીવન જરુરિયાતની બધી જ વસ્તુઓ વેચાતી હતી. અને આજુબાજુના વિસ્તારના લોકો અહીં ખરીદી કરવા આવતા હતા. આ હાટ-બજાર અઠવાડિયામાં એક જ વખત ભરાય છે. અને આ લોકો અઠવાડિયાની જીવન જરુરિયાતની ચીજ વસ્તુઓ ખરીદે છે. અને આ નિમિત્તે સગા સંબંધીઓ, મિત્રો, વડીલો, બહેનપણીઓ અને પ્રેમી-પંખીડાંઓ એકબીજાને મળીને હળવા થાય છે. તેઓ ખરીદી અને સંબંધીઓને મળવાનું એક સાથે બે કામ કરે છે. આમાં વિદ્યાર્થીઓને તેમનો સમય, નાણાંની બચત અને સંબંધો કેળવાતાં જોવા મળ્યાં. જ્યારે આપણે નાનાં કામો માટે સમય અને નાણાંને વેડફીએ છીએ.

આ વનવાસી પ્રજાના ઘરોની પ્રત્યક્ષ મુલાકાત લીધી, તો તેમનાં બાળકો અર્ધનગ્ન હાલતમાં મેલા-ઘેલા ને કુપોષણથી પીડાયેલાં હતાં, છતાં ઉત્સાહથી પોતાના ઘરની આજુબાજુ રમતાં હતાં. તે અમોને જોઈને ઘરમાં જઈને સંતાઈ ગયાં. ઘરની આજુબાજુ કૂકડા ચારો ચરતા હતા. બાજુમાં બકરાંના વાડામાં લવારાં બેં.. બેં અવાજ કરી રહ્યાં હતાં અને સ્ત્રીઓ તો અમોને જોઈને શરમાવા લાગી. તેમને કોઈ પ્રશ્ન પૂછવામાં આવે તો તે અમારી ભાષા સમજે નહિ ને ખી..ખી..ખી..કરતી હસવા લાગતી હતી અને જો અમો તેમના જેવી પ્રાદેશિક બોલીમાં વાત કરીએ તો તેઓ તેમની બોલીમાં તેનો જવાબ આપતા હતા. તેનો ઝીણવટથી અભ્યાસ કરવામાં આવ્યો, તો તેમનામાં કુપોષણ અને તેમની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી લાગી. તેમના બાળકોની ડોકે અને હાથે નાડાછડી અને કાળા દોરા બાંધેલાં જોવા મળ્યાં, આ તેમની આ બાબતની શ્રદ્ધા હતી જે આપણને અંધશ્રદ્ધા પણ લાગે. જ્યાં હજી વિકાસ પહોંચ્યો નથી. ત્યાં પાણી વિના તરસતી આ પ્રજાના આંસુ લુછનાર કોણ છે ? તેમનાં ખેતરો તો વેરાન લાગતાં હતાં. અપવાદને બાદ કરતાં મોટાભાગના ચોમાસા ઉપર આધારિત ખેતી કરે છે. જેથી ટૂંકી ખેતીથી તેમનું જીવન હાડમારી ભર્યું છે. તેમનો ખોરાક મકાઈ, બાજરી, ચોખા, લસણ-મરચું-ધાણાની ચટણી, મકાઈનો રોટલો અને મકાઈની થુલી અગત્યનું ખાણું હોય છે. અને આ લોકો જંગલમાં રહેતા હોવાથી ઝેરી જીવજંતુ, હિંસક પ્રાણીઓ વગેરેનો સામનો કરે છે. છતાં પ્રકૃતિ અને પર્યાવરણનું રક્ષણ કરતા જોવા મળ્યા. તેને તેઓ જીવનનું એક અંગ માને છે. આ વનવાસી લોકોની સમજણને સલામ છે. એવો દરેક વિદ્યાર્થીમાં ભાવ જાગ્યો.

આ વંચિતોનો અભ્યાસ કરવા વિદ્યાર્થીઓ જાય છે, ત્યારે તેમના માટે મનમાં ત્યાં રહેવાની, જમવાની, પાણી વગેરે પ્રશ્નો અંગે મૂંઝવણ હોય છે. પરંતુ પ્રત્યક્ષ અભ્યાસથી તેમનામાં લાગણી જાગે છે અને તેમની સંવેદના લઈને આવે છે. સાચા અર્થમાં જેને આપણે વંચિત કહીએ છીએ, તે પ્રજામાં તેમની કોઠાસૂઝ, કળા-કૌશલ્યો, આવડત, અનુભવ, જ્ઞાન, પ્રકૃતિનું જતન, પરોક્ષ રીતે વિજ્ઞાનનું જ્ઞાન, પ્રકૃતિના તત્ત્વોમાં દેવ-દેવીની શ્રદ્ધા, ઑર્ગેનિક ખેતી કરતાં આ લોકો ખરા અર્થમાં 'વંચિતો' નહીં પણ 'સંચિતો' લાગ્યા.

**(અનુસંધાન પાના નં. ૫૦૩ ઉપર)**

# (૧૦) શિક્ષણની પ્રક્રિયા અને તે પરત્વે શિક્ષકનું ઉત્તરદાયિત્વ : એક વૈજ્ઞાનિક અભિગમ

- જિજ્ઞાસા આવડા

**ભૂમિકા :**

જાણવું તે માનવનો સ્વભાવ છે. દરેક વ્યક્તિમાં જાણવાની જિજ્ઞાસા હોય છે. માણસ વિચારશીલ સામાજિક પ્રાણી છે એટલે સમાજમાં સારી રીતે સ્થાપિત થવા અને વિચારપૂર્વક જીવન જીવવા માટે તે ચારે દિશાઓમાંથી વિચારો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. તેથી કોઈપણ અણજાણ બાબત જાણવા અને સમજવા પોતે પ્રયત્ન કરે છે. એને જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કહીશું. આખરે તો આ શીખવાની પ્રક્રિયા છે. તેને શિક્ષણ કહી શકાય. આમ શિક્ષણ એટલે વ્યકિતને પોતાના વિશે, સમાજ વિશે અને જીવન વિશે વિચાર કરતી કરવી. અને તે સંદર્ભે વર્તન કરતા કરવી. આ માટે જ્ઞાન-જાણકારી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન થાય છે. કોઈપણ વ્યકિત પોતાની જાતે બધી જ બાબતો વિશે જાણકારી-જ્ઞાન મેળવવા અસમર્થ હોય ત્યારે તેને અન્ય સ્ત્રોતોમાંથી જાણકારી-જ્ઞાન માટે શિક્ષણ આપવાનો પ્રયત્ન થાય છે. આ માટેના અભ્યાસક્રમો, પાઠ્યક્રમો, પદ્ધતિ-પ્રયુક્તિઓ, સાધન-સંદર્ભોનો વિનિયોગ કરવાના હેતુસર શિક્ષણશાસ્ત્રનો ઉપયોગ થાય છે. એટલે શિક્ષણશાસ્ત્ર એક વિજ્ઞાન છે. શિક્ષણ આપનાર શિક્ષણ વિજ્ઞાનનો હિમાયતી છે. શિક્ષણ લેનાર અધ્યેતા વિજ્ઞાનનો ઉપાસક છે. અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા વૈજ્ઞાનિક છે.

**વૈજ્ઞાનિક અભિગમ:**

અધ્યેતા સાંભળીને, વાંચીને, નિરીક્ષણ કરીને જ્ઞાનના લેટેસ્ટ સ્ત્રોતોમાંથી જ્ઞાન મેળવે છે. અલગ-અલગ વિષયોનું જ્ઞાન આ રીતે અધ્યેતા પ્રાપ્ત કરે છે. તેના આધારે વિચારે છે. વિચારવું તે વ્યકિતની સ્વાભાવિક ક્રિયા છે. તેના આધારે પોતે ચિંતન કરે છે. પ્રાપ્ત જ્ઞાન વિશેની સમીક્ષા કરે છે. અને પોતાની જિજ્ઞાસા પ્રત્યેનો સંતોષ મેળવે છે. વિજ્ઞાનની પ્રક્રિયામાં હેતુ, પ્રક્રિયા અને પરિણામ એવા તબક્કા હોય છે. જ્યાં પરિણામ એ તેની મુલવણી છે. શિક્ષણમાં પણ અધ્યયનના હેતુઓ, અધ્યયન અધ્યાપન પ્રક્રિયા, પરિણામ(મૂલ્યાંકન) થાય છે. અધ્યેતાના વર્તન પરિવર્તનો હેતુ શિક્ષણની પ્રક્રિયાને અંતે સિદ્ધ થયો કે નહીં તે પરિણામ-મૂલ્યાંકન દ્વારા ચકાસીએ છીએ. વિજ્ઞાનની પ્રક્રિયા દ્વારા પણ જે નિપજ પ્રાપ્ત થાય છે, તેની ગુણવત્તાના આધારે મૂલ્યાંકન થતું હોય છે. તેમ શિક્ષણની પ્રક્રિયા દ્વારા કેવી અને કેટલી ગુણવત્તાવાળો નાગરિક તૈયાર થયો તેનું સમાજ દ્વારા મૂલ્યાંકન થતું હોય છે.

**શિક્ષકનું ઉત્તરદાયિત્વ:**

પ્રસ્તુત અભિગમ અનુસાર અધ્યાપન એક વિજ્ઞાન છે અને કલા પણ છે. આ ખ્યાલનો સહર્ષ સ્વીકાર કરીને ચાલો, આપણે શિક્ષણ પ્રક્રિયાને વિજ્ઞાન વિચાર સાથે જોડીને રાષ્ટ્રને ઉત્તમ ગુણવત્તાવાળા નાગરિકો અર્પણ કરવામાં સંનિષ્ઠ પ્રયાસ કરીએ. શિક્ષક તરીકેનું આપણું ઉત્તરદાયિત્વ નિભાવીએ. આજ આપણો ધર્મ છે, ફરજ છે અને સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવાનો શુભ અવસર છે.

●---------●●●--------●●●---------●

અધ્યાપક સહાયક, શ્રીમતી જે.જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, બેડી પરા, સંત કબીર રોડ, રાજકોટ-૩૬૦૦૦૩

શિક્ષણની છેવટની કસોટી શિક્ષણ લેનાર પોતાની પરિસ્થિતિ સમજીને તેમાંથી રસ્તો કાઢવાની કાર્યશક્તિ મેળવે તે છે.

– મનુભાઈ પંચોળી 'દર્શક'

## (૧૧) પાણીની વ્યવસ્થા અને સમસ્યાના ઉકેલો

**- જયંતીલાલ દવે**

ભાઈશ્રી દિલીપ આર. મર્થકનો ઉપરના વિષયમાં માર્ગદર્શન આપતો આ લેખ વાંચીને હું અહીં મારાં કેટલાંક અવલોકનો રજૂ કરવા ઈચ્છું છું.

પાણી પ્રશ્ને બે પ્રકારના ઉકેલ વિચારી શકાય.

(૧) સૌરાષ્ટ્રની ભૂમિમાં વરસતા વરસાદને કારણે પ્રાપ્ત થતા પાણીનો સંગ્રહ અને ઉપયોગ

(૨) દક્ષિણ ગુજરાતની નદીઓ તથા સરદાર સરોવરના પાણીને સૌરાષ્ટ્ર કચ્છમાં લાવવાની યોજનાઓ

સૌરાષ્ટ્રમાં જે પાણી કુદરત આપે છે, તે હાથમાં હોવા છતાં મુખમાં આપણે લઈ નથી શકતા. વગર ખર્ચે ઘણા મોટા પ્રમાણમાં પાણી મેળવવાના ઈલાજ - સૌરાષ્ટ્ર સરકારના વખતમાં રંઘોળા ડેમ, શેત્રુંજી ડેમ, આજી ડેમ, ભાદર - ૧,૨, જેવાં અનેક જળાશયો બન્યાં છે. આ જળાશયોમાં કેટલાક ઓવરફ્લો સારા વર્ષે થાય છે. દરવાજા ખોલીને પાણી વહાવવું પડે છે. ખાસ તો જૂનાગઢનો વિલિંગ્ડન ડેમ તે ઘણો જૂનો છે, તેમાં પુષ્કળ કાંપ છે, વળી તેને વિશાળ સ્રાવક્ષેત્ર મળેલ છે. એક બાજુ આપણે નવાં નવાં મકાનો માટે ઈંટો બનાવવા પુષ્કળ માટીની જરૂર પડે છે. ઈંટઉત્પાદકો ખેતરોની ઉપરના ભાગની ફળદ્રુપ જમીન ઈંટો પકવવા માટે ઉપયોગમાં લે છે, તે ખેતીની દૃષ્ટિએ મોટું નુકસાન છે, પરંતુ અત્યારે બધી જ જમીનોના ભાવમાં ગજબનો ઉછાળો આવ્યો છે, તેથી ઈંટઉત્પાદકો માટે માટી અતિશય મોંઘી બની રહી છે, જેથી ઈંટના ભાવ પણ વધે, અને મકાનોના ભાવ અનેકગણા વધે છે.

સરકારે આવાં અનેક જળાશયોના સુકાતા ભાગની માટી માટે હરરાજી કરવી જોઈએ. ઈંટઉત્પાદકોને પરવડે તેવા ઓછા ભાવે માટી અપાય, તો પણ વાંધો નહિ, તેથી ખેતરોની માટી બચશે. ઈંટઉત્પાદકો માટે ખેતરોની માટી મળવી દુર્લભ છે, તેથી વહેલું મોડું આ કરવું જ પડશે. માટીના વેચાણની આવકમાંથી મશીનો દ્વારા ખોદાણ માટેનો ખર્ચ ચોક્કસ નીકળી જાય. જળસંગ્રહ વધી જાય.

ગુજરાત સરકારની સજલ સૌરાષ્ટ્ર યોજનામાં સૌરાષ્ટ્રનાં તમામ મોટાં જળાશયો ભરવાની યોજના તો છે જ, પણ જો આ જળાશયો વધુ ઊંડાં હોય તો આ યોજનાનો લાભ વધુ મળે. વધુ ઊંડાં તળાવોનાં પાણી જમીનનાં તળ ઊંચા લાવવા માટે વધુ કામિયાબ નીવડે. નથી બાંધકામ કરવાનું, નથી ખેડૂતોની જમીન પ્રાપ્ત કરવાની અને ધંધાદારી લોકો જે મોટાં મશીનો ધરાવતા હોય, તેમને ખોદાણ માટે કોન્ટ્રાકટ આપી શકાય - જરૂરી ધારાધોરણ બનાવવાં પડે, આમ કરવાથી સરકારી તંત્ર ઉપરનો બોજ પણ ઘટી જાય.

સરકાર આવાં મશીનો ખરીદવા ઓછા વ્યાજની લોન આપી શકે, તેથી આ કામને વેગ મળે - સરકાર પોતે પણ મશીનો ખરીદે. સૌરાષ્ટ્રમાં શ્રીમાન મથુરભાઈ સવાણી જલધારા ટ્રસ્ટ ચલાવે જ છે - આવી સંસ્થાઓનો લાભ પણ લઈ શકાય.

એક દોહરો છે,

વાજા ઠાકોરને અંબવન, ઘરઘર રંભા ઘેર,
રહેંટ ખટૂકે વાડીએ, ભોં લીલી નાઘેર !

લીલી નાઘેર કહેતાં મન પ્રસન્ન થઈ જાય - નાળિયેરી, આંબા, પાનવેલ(નાગરવેલ), ચીકુ, પારસ જાંબુ, જેવાં ફળઝાડોથી આ પ્રદેશને અધિક સુશોભિત બનાવવો જોઈએ. દોહરામાં ગવાયેલી સુંદર લીલી નાઘેર પ્રાપ્ત કરી જ શકે છે. કોણ પાણી બતાવશે ? આ બાબત કેવી રીતે હાથ ઉપર લેવી, તેની વિગતવાર ચર્ચા અમે સ્થળસંકોચને કારણે કરી શકતા નથી.

આપણે કચ્છ કાઠિયાવાડની ધરતીને સુજલામ્, સુફલામ્ બનાવવી છે, તેની પાછળ પીવાનું પાણી અને ખેતી છે. એ તો જાણે સમજ્યા, બેકારી નિવારણ પણ છે.

પરંતુ મુખ્ય બાબત તો આપણે ગ્લોબલ વોર્મિંગ સામે લડાઈ લડવી છે. ઠેર ઠેર સર્વત્ર નાનાંમોટાં જળાશયો, જળાશયોના કાંઠે, અને અન્ય સર્વ સ્થળોએ સુંદર સોહામણાં, ફળઝાડ, ફૂલછોડ, ફૂલવેલ ઉછેરવાં. ઉપયોગીતાને કેન્દ્રસ્થાને રાખીને આપણે આપણી ધરતીને શણગારવી છે. ઉજ્જડ અને પથરાળ ભૂમિમાંય ખાખરા વસંતમાં ડુંગરાઓને કેસરિયા રંગે રંગી નાખતા હતા. ખાખરાને બ્રહ્મવૃક્ષ કહેલ છે, તેનું ઔષધીય મૂલ્ય ઘણું છે. બળતણ માટે ઉપયોગી છે. તેનાં ફૂલ પણ ઔષધમાં બહુ મૂલ્યવાન છે. આપણી વનસ્પતિઓ જે માત્ર ચોમાસામાં જ પાણી મેળવીને ફળફૂલ અને બળતણ આપે છે તેને દૃષ્ટિસંપન્ન માણસોના માર્ગદર્શન નીચે સર્વત્ર વાવવામાં આવે, ઉછેરવામાં આવે, તો એ વૃક્ષોની બહુલતા વરસાદને ખેંચી લાવે, એ લાભ અને સાથે સાથે મનોહર ઉપવનો ખીલે, નહિવત ખર્ચે આવક વધી જાય. આ બાબતે પણ ઘણી સમજ આપી શકાય, પણ વિસ્તારભયે અહીં અટકું છું. આ કામ મોટા પાયા પર જો હાથ ધરાય, મૅનેજમૅન્ટના ખાસ નિયમો ઘડવા જોઈએ.

**'કચ્છ કલ્પસર' યોજનાઃ**

'કચ્છ કલ્પસર' નામ મેં આપ્યું છે. ગુજરાતના દરિયામાં જેમ ઘણી નદીઓ મળે છે, તેમ કચ્છના નાના રણમાં, ઉત્તર ગુજરાતની બનાસ, રૂપેણ, સરસ્વતી, પુષ્પાવતી અને બીજી કેટલીક નદીઓ સમાઈ જાય છે. 'મે' મહિનામાં દરિયાનું ખારું પાણી કચ્છના નાના રણમાં આવી જવાથી, કચ્છનું નાનું રણ એ ખારા પાણીનું સરોવર બને છે. દરિયાનું ખારું પાણી રોકતો આડબંધ બાંધવો, અને એ આડબંધ ઉપર પાક્કો રસ્તો બનાવીને તેને કેન્દ્ર સરકાર હસ્તકના હાઈવેની યોજનામાં ચાલુ રોડ સાથે જોડી દેવો - જેથી એક ઉપયોગી પાકો રોડ મળે અને મીઠા પાણીનું મોટું સરોવર મળે. કચ્છ માટે પાણીથી વધારે અન્ય કાંઈ નથી. માટે આ યોજના સત્વરે થવી જોઈએ. ''પાણી, પાણી કહેતાં જીવ ગયો અને ખાટલા હેઠે પાણી!'' આવી આપણી અજ્ઞાનજન્ય સ્થિતિ છે. હવે તો નર્મદાનાં ચોમાસાનાં જળ બનાસ વગેરે નદીઓમાં વહાવવાની યોજના છે, જેથી કચ્છ કલ્પસરને સરદાર સરોવરનું પાણી પણ મળી શકે. કચ્છ જેવા ધગધગતા પ્રદેશમાં ગરમાગરમ રણને મીઠા પાણીના સરોવરમાં ફેરવવું એ કેટલું બધું ફાયદાકારક છે! આ યોજના માટે ગુજરાતના માજી મુખ્યપ્રધાન સ્વ. છબીલદાસ મહેતાનો પણ આગ્રહ હતો. અને તેમને વધારે લાંબો સમય વહીવટ કરવાની તક મળી ન હતી. પણ હવે આવા શુભકામમાં ઢીલ ન થવી જોઈએ. કચ્છમાં વરસાદ ભલે અનિયમિત છે, પણ આ કચ્છ કલ્પસરને તો ઉત્તર ગુજરાતની મોટી નદીઓનાં પાણી મળે, વળી સરદાર સરોવરનાં જળ પણ મળે. માત્ર આડબંધ બાંધવાનું જ ખર્ચ છે. આ સ્થળ એક સહેલગાહ માટેનું સ્થળ પણ બની શકે. મત્સ્ય ઉત્પાદન કેન્દ્ર પણ બની શકે ! કચ્છને જો કલ્પસર મળે, તો માનો કે કચ્છમાં સોનાની ખાણ મળે. સહુ પ્રજા, સરકાર એ કચ્છી માડુ પાણી બતાવે !

**ભરતવન શેષાવન મહા સરોવરઃ**

આ યોજનાનું સૂચન સ્વ. કે.કા.શાસ્ત્રીએ અનેક વખત કરેલ, પણ કોઈએ સાંભળ્યું નહિ. આજે ગીરનું જંગલ ગ્લોબલ વોર્મિંગનું ભોગ બની ગયું છે, એ વિસ્તારમાં વરસાદ વધારે છે. પણ જંગલઝાડી કપાવાથી બારેમાસ વહેતી નાની નદીઓ નિર્જળ બને છે. ભૂગર્ભજળ ઓછાં થાય તો ધરતી કોરી પડે, તેથી વનસ્પતિ ઓછી પાંગરે - માટે નદીનાળાંને જીવતાં રાખવા, ડુંગરામાં જળસંગ્રહ કરવો જોઈએ. વનસ્પતિઓના અભ્યાસ માટે હું ગીરના જંગલોમાં ખૂબ ફર્યો છું.

ભરતવન - શેષાવન એ બે નજીકના વિસ્તારોને છેડે બે ડુંગર છે. આ બંને ડુંગરને જોડી દેતો બંધ, જો ત્યાં બંધાય તો મોટી ઊંચાઈએ સુંદર સરોવર બને, જેની આજુબાજુ સુંદર વનશ્રી ખીલી હોય. આ સ્થળ ઉંચાણમાં હોવાથી પાઈપલાઈન મારફત સૌરાષ્ટ્રના અનેક ભાગોને પીવાનું પાણી મળે, જૂનાગઢને માટે તો તે આશીર્વાદરૂપ બને. આ સ્થળ ઊંચી જગ્યા પર હોવાથી વધારાનો પાણીનો સીધો ધોધ પાડીને હાઇડ્રોલિક જળવિધુત મથક બનાવી શકાય. હાઇડ્રોલિક જળવિધુત મથકના ટરબાઈન ચલાવ્યા બાદ નીચે વહેતાં પાણીને નદીમાં અથવા નીચેના ભાગે સરોવરમાં સંગ્રહી શકાય. તેની આજુબાજુ અનેક વનસ્પતિઓ ઉછેરીને

ગીરના આ પાંખા થતા વનને સમૃદ્ધ ગીચ વન બનાવી શકાય. આ તળેટીનો ભાગ જૂનાગઢને અડીને જ છે, તેથી સુશોભિત અને ઉત્પાદક વનવિસ્તાર બની રહે. આપણે ત્યાં પાનખર જંગલો જ છે. પણ રાયણ, આંબા, બીલી જેવાં વૃક્ષો બારેમાસ લીલાંછમ રહે છે. ગીરના જંગલોમાં આંબલી, રાયણ થાય છે. હવે તો તેનાં વૃક્ષો કપાઈ ગયાં છે. જાણકારને આશ્ચર્ય થશે કે આ સૂકી આંબલી ખાટી હોય, પણ ગીરમાં તો ગળચટી આંબલી થાય છે. જે જૂનાગઢમાં વેચાવા આવતી. ભરતવન શેષાવનને રસ્તે વગર પગથિયે પર્વતોના ઢાળ પર ચઢીને ગીરનાર ચડી શકાય છે. હું આ રીતે ગીરનાર પર ચડ્યો છું. ઉપર મોટું સરોવર, નીચે નાનું સરોવર. સુંદર વાંસ, રાયણ, રાયણાં, આંબલી, આંબળાં, સીતાફળ જેવાં વૃક્ષોથી શોભતું વન, જંગલમાંથી મળનારી આવકમાં વધારો કરતું ઉપવન, ધોધ અને ઝરણાંથી શોભતું એક વિશાળ સૌંદર્યધામ બની રહે.

અમેરિકામાં કુત્રિમ રીતે આવાં સ્થળો વિકસાવાય છે, અને હજારો પર્યટકોને આકર્ષી શકાય છે, પણ આપણી પાસે શ્રેષ્ઠ અનુકૂળતાઓ હોવા છતાંય આ કરવા તૈયાર થઈશું ખરા ? પાણી જોઈએ.

જળસંગ્રહની કેટલીક શ્રેષ્ઠ યોજનાઓ રજૂ કરવા માંગુ છું. એક લેખમાળા લખવા માંગુ છું. મારો જળસંગ્રહ, વન્ય જીવન, વનસ્પતિ અને આયુર્વેદ, તેની સાથે ખેતીનું જોડાણ, એ દિશામાં ખાસ અભ્યાસ છે.

પણ સ્વનામ ધન્ય - જય કૃષ્ણ ઈંદ્રજીએ પોતાના ગ્રંથમાં લખ્યું છે (કચ્છી ભાષામાં)

હિરા કીરી કિરિવિયા
વેંધુવિણ પડીઆ,
જો ગરાગ મળે ઈણજા,
તો ફાંટું ભરે ફગઈયો.

મારા ભંડારમાં તો કેટલાંય હીરામોતી છે. પણ એના પારખનાર નથી મળતો. જો એના સાચા ગરાગ મળે, તો તો ફાંટુ ભરી ભરીને મફત આપી દઉં.

ઉપર મીઠી આંબલીની વાત કરેલ. આ મીઠી આંબલીના રોપ - જૂનાગઢ જિલ્લામાં 'અગતરાય' ગામમાં મળે છે. વનસ્પતિપ્રેમીએ આવા રોપ મેળવીને અત્યંત સ્વાદિષ્ટ ખટમીઠી આંબલી ઉછેરવી જોઈએ. આ કામ લોકભારતી માટે પણ સાવ સહેલું છે.

**(અનુસંધાન પાના નં. ૪૯૯ ઉપરથી)**

અને આ 'સંચિતો'માં રહેલ તમામ પ્રકારનું અનુભવજ્ઞાન, સંસ્કૃતિ, જીવનશૈલી, કળા-કૌશલ્યોનો અભ્યાસ કરવા જનાર વિદ્યાર્થીઓ 'વંચિત' જણાયા !

આ વંચિત વિસ્તાર અભ્યાસ શિબિરથી જેઓ ખરા અર્થમાં ગરીબ, પીડિત અને સુવિધાઓથી વંચિત છે, તેઓની પ્રત્યક્ષ મુલાકાતથી વિદ્યાર્થીઓ સમસંવેદનશીલ બને છે. તેમનાં હૃદય સંવેદનાથી ભરાઈ જાય છે. કેટલાક તો પોતાની પાસે રહેલ ચીજવસ્તુ કે પૈસા આપીને હળવા થવાનો પ્રયત્ન કરે છે. પણ તે ક્યાં સુધી ? આ શિબિરની ફલશ્રુતિ એ છે કે વિદ્યાર્થીમાં પ્રત્યક્ષ અભ્યાસથી બીજાનાં દુઃખ જોઈ સાચા અર્થમાં સહભાગી થવાની ભાવના જાગે છે. દા.ત. મુસ્તુફાખાન સુખ આજે ગુજરાતના નકશામાં જે ગામનું નામ નહોતું, તેવા બનાસકાંઠા જિલ્લાના ખાટીચિત્રા ગામમાં જઈને ધૂણી ધખાવીને બેઠા છે. તેમનાં કામની સુવાસ ચારે તરફ એટલી બધી પ્રસરી છે કે જેનાથી નાની વયે તેમને કેટલાક પુરસ્કારોથી નવાજવામાં આવ્યા છે.

આમ, વંચિત વિસ્તાર અભ્યાસ શિબિરનો મુખ્ય હેતુ અભ્યાસક્રમના તમામ વિષયો સાથે અનુબંધ થાય છે. તેથી આ સંસ્થા સ્વાયત્ત હોવાના નાતે આવાં કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને વર્ગખંડની બહાર લઈ જઈને અનુભવ જ્ઞાન કરાવવામાં આવે છે. જેનાથી તે સંવેદનશીલ બને છે અને તેના વિશે ઊંડો વિચાર કરતા થાય છે. અને તે જિંદગીભર ભૂલતા નથી. આ શિબિર તેમની જિંદગીનું અવિસ્મરણીય ભાથું બની રહે છે.

લોકભારતી, સણોસરા, મો. ૯૪૨૯૨૮૯૮૫૮

# (૧૨) ગુજરાતી ભાષા સહેલી થઈ શકે છે

**- બાબુભાઈ ગોહિલ**

'કોડિયું'ના એક અંકમાં ડૉ. નલિનભાઈ પંડિતનો લેખ 'ગુજરાતી બહુ અઘરું તોયે અમૃતસમું' પ્રસિદ્ધ થયો છે. અંગ્રેજી ભાષાની સરખામણીએ ગુજરાતી ભાષા હજાર ગણી અઘરી પડે છે, તે સૌનો અનુભવ છે. આ અઘરાપણું સ્વર, વ્યંજન, બારાક્ષરી, આંકડા વગેરેની વિપુલ સંખ્યા, લિપિ લખવામાં અઘરાપણું વગેરે બાબતોને દાખલા-દલીલ દ્વારા સૌને ગળે ઊતરી જાય તેવી રીતે સમજ આપી છે.

ગુજરાતી લિપિ વાંચવા, લખવા, છાપવા અને શીખવામાં પણ કઈ રીતે સહેલી બની શકે તે બાબતે 'લોકમિલાપ' ટ્રસ્ટના ગોપાળ, જયંત, નાનક અને મહેન્દ્ર મેઘાણી ભાઈઓએ સુંદર પ્રયાસ કરેલો છે તે યાદ કરવા જેવો છે.

અંગ્રેજી ભાષાની સરખામણીએ ગુજરાતી ભાષા ઘણી અઘરી પડે છે. રોમન લિપિનો ગુણ એ છે કે તેમાં માત્ર ૨૬ મૂળાક્ષરો જ છે. A થી Z સુધીના અક્ષરો શીખી લઈએ એટલે અંગ્રેજી ભાષા વાંચી અને લખી શકીએ. અંગ્રેજી ભાષાની આ મૂળભૂત મૂડી. જ્યારે ગુજરાતી લિપિમાં ઘણા અક્ષરો છે. એ સંખ્યા કેટલી છે તેનો આંકડો ભણેલા-ગણેલા લોકોમાંથી ભાગ્યે જ કોઈ કરી શકે ! ગુજરાતી મૂળાક્ષરોમાં સ્વર, વ્યંજન, બન્નેને સંયુક્ત કરીને દરેકની બારાક્ષરી બને છે. ઉપરાંત અનેક જોડાક્ષરો મળીને સેંકડો અટપટા અક્ષરો થાય. આ બધા અક્ષરો યાદ રાખીએ ત્યારે આપણે ગુજરાતી લિપિ લખી, વાંચી અને શીખી શકીએ. નાનાં બાળકો અને અક્ષરજ્ઞાન મેળવતા પૌઢો તથા ગુજરાતી લિપિ લખનાર-શીખનારના મગજ ઉપર તેનો બહુ મોટો બોજો આવી પડે છે. આથી જ વાંચવું, લખવું, શીખવું અઘરું થઈ પડે છે.

આ અઘરાપણું ઓછું થાય અને સહેલું થાય એ બાબતે 'લોકમિલાપ ટ્રસ્ટ'ના મેઘાણી ભાઈઓએ કેટલાક સીધા-સાદા ફેરફારો કરવાની બાબતો ગુજરાતના સાક્ષરો સમક્ષ મૂકી હતી. સૂચિત ફેરફારોનો 'મિલાપ' સામયિક તથા પુસ્તકોની છપાઈમાં અમલ કરી ક્રાંતિકારી પ્રયોગ ગુજરાતી સાક્ષર સમાજ સમક્ષ મૂકેલો. ગુજરાતી ભાષા અને લિપિ કઈ રીતે સહેલી અને સરળ બને તે માટે નીચે મુજબ સૂચનો કરેલાં :

તેઓએ જણાવ્યું હતું કે મૂળાક્ષરો, બારાક્ષરી અને જોડાક્ષરો મળીને સેંકડો રૂપો(આકારો) લિપિમાં પ્રચલિત છે, તેમાં નીચે મુજબના ફેરફારો કરવાથી લગભગ ચોથા ભાગના થઈ જશે. તેથી આપણી યાદશક્તિ ઉપરનો કેટલોય બીનજરૂરી બોજો ઓછો થઈ જશે.

૧. ગુજરાતી કક્કામાં નીચેના ૩૨ મૂળાક્ષરો જ રાખવા.

અ, ક, ખ, ગ, ઘ, ચ, છ, જ, ઝ, ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, દ,

ધ, ન, પ, ફ, દ, ધ, ન, પ, ફ, બ, ભ, મ, ય, ર, લ, વ શ, સ, હ, ળ.

૨. હાલના કક્કામાં જેનો સમાવેશ કરવામાં આવે છે તેવા નીચેના ૧૧ મૂળાક્ષરો રદ કરવા

ઇ, ઈ, ઉ, ઊ, ઋ, અઃ, ષ, ક્ષ, જ્ઞ.

૩. ઉપરના ૩૧ મૂળાક્ષરોની સાથે જોડવા માટે બારાક્ષરીની આ ૧૧ નિશાનીઓ વાપરવી.

ા(કાનો), િ(હસ્વ ઇ), ી(દીર્ઘ ઈ), ુ(હસ્વ ઉ), ૂ(દીર્ઘ ઊ), ે(એકમાત્રા), ૈ(બે માત્રા), ો(કાનો માત્ર), ૌ(કાનો બે માત્રા) , ં(અનુસ્વાર), ્(હલન્તચિહ્ન)

૪. બે અક્ષરો જોડવાના આવે ત્યારે તેને માટે નીચેના બે જ નિયમોનો વગર અપવાદે અમલ કરવો.

(ક) ખ, ગ, ઘ જેવા પાંખિયા(પાણ)વાળા અક્ષરો જોડતી વખતે પાંખિયું કાઢી નાખી અરધો અક્ષર જોડવો.

દા.ત. ધ્યાન, સ્વીકાર, ખ્યાતનામ, પ્યાલો વગેરે

(ખ) પાંખિયા વગરના ૧૨ અક્ષરોને જોડતી વખતે નીચે ્ (હલંત) ચિહ્ન મૂકી ખોડા કરવા. જેમ કે, ફક્ત, ભટ્ટ, નિર્જન, લજ્જા.

૫. ગુજરાતી આંકડાની જગ્યાએ અંગ્રેજી આંકડા

લખવા.

તેઓએ માત્ર સૂચનો જ ન કર્યાં, પરંતુ 'મિલાપ' સામયિકમાં તથા પુસ્તકોને સુધારેલ લિપિમાં છાપીને દાખલો બેસાડેલો. 'યાદગાર જીવન પ્રસંગો' આમાંનું એક પુસ્તક છે. આ પુસ્તકની પહેલી આવૃત્તિની ૧૬ જાન્યુઆરી ૧૯૯૧માં એક લાખ પ્રતો છાપીને ગુજરાતી વાચકો સમક્ષ મૂકીને લિપિ સુધારા માટે લોકમત લેવાનો જબરો પ્રયાસ કરેલો.

૧૯૫૦માં 'મિલાપ' માસિક શરૂ કર્યું પછી તે બંધ થયું ત્યાં સુધીના ૩૨૫ અંકોમાં જે પ્રસંગો પ્રગટ થયેલા તેમાંથી ૧૦૧ યાદગાર પ્રસંગો વીણી-વીણીને આ પુસ્તકમાં સંગ્રહિત કર્યા હતા. આમાંનો એક પ્રસંગ સુધારા મુજબની લિપિમાં છપાયો હતો. તે આ પુસ્તકમાંથી સાભાર રજૂ કર્યો છે.

- પાઠ પાકો થયો નથી -

- મનુભાઈ પંચોળી 'દર્શક'

શાળાનો પહેલો દિવસ હતો. આચાર્ય નવા હતા. વિદ્યાર્થીઓ પણ નવા.

આચાર્યે લખાવ્યું : 'સત્યં વદામિ' અને કહ્યું : 'બોલો : હું સત્ય બોલું છું.' બધા વાંચવા માંડ્યા. 'હું સત્ય બોલું છું, સત્યં વદામિ'

આચાર્યે કહ્યું : કાલે પાઠ પાકો કરી લાવજો.

આચાર્ય હતા દ્રોણ : વિદ્યારથીઓ હતા પાંડવો-કૌરવો. બીજા દિવસે દ્રોણાચાર્યે પૂછ્યું, 'પાઠ પાકો કરી લાવ્યા છો ?' બધા કહે 'હા.'

આચાર્યે લખ્યું : 'સત્યમ્ વદામિ' અને કહ્યું : 'વાંચો જોઈએ.'

બધા એક પછી એક વાંચવા લાગ્યા. 'સત્યં વદામિ. હું સત્ય બોલું છું.' અર્જુને વાંચ્યું, દુશાસને વાંચ્યું વર્ગમાં ધ્યાન ન આપનાર ભીમ પણ કડકડાટ વાંચી ગયો ! યુધિષ્ઠિરનો વારો આવ્યો. તેણે હાથ જોડીને ગુરુને કહ્યું : 'ગુરુજી, મને હજુ પાઠ નથી આવડ્યો''

દ્રોણાચાર્યે કહ્યું, 'ભલે, કાલે પાકો કરી લાવજો.' બીજા દિવસે પૂછ્યું, 'કેમ પાકો કરી લાવ્યા છો ને ?'

વળી યુધિષ્ઠિરે કહ્યું, 'હજુ પાકો થયો નથી.' આચાર્યે વળી એક દિવસ વધુ આપ્યો. પણ યુધિષ્ઠિર તે દિવસે પણ પાકો ન કરી શક્યા. ચાર-પાંચ દિવસ ગયા એટલે દ્રોણાચાર્યે કહ્યું, 'આમાં તે શું પાકું કરવાનું છે, કે હજુ પાઠ નથી આવડ્યો ?'

વર્ગમાં બધાને થયું કે યુધિષ્ઠિરને આટલુંય ન આવડે તો તે ઠપકાને પાત્ર જ ગણાય.

બીજે દિવસે દ્રોણાચાર્યે ફરી પૂછ્યું. ત્યારે પણ યુધિષ્ઠિરનો જવાબ તો એ જ હતો, 'હજુ પાઠ પાકો નથી થયો.'

'સાવ પોઠિયા જેવો લાગે છે. આમાં તે શું ન આવડવાનું હતું ?' દ્રોણાચાર્યે સહજ ખિજાઈને કહ્યું. વર્ગ હસી પડ્યો.

યુધિષ્ઠિર અચકાતાં અચકાતાં બોલ્યા, 'ગુરુજી આપ પાઠ પાકો કરી લાવવાનું કહો છો, ને હુંય ઘણી કોશિશ કરું છું પણ હજુય મારાથી કોઈવાર ખોટું બોલાઈ જાય છે. ત્યાં સુધી કેમ કરીને કહું કે હું સત્ય બોલું છું, એ પાઠ પાકો થઈ ગયો છે.'

(યાદગાર જીવન પ્રસંગોમાંથી)

## આવો મળીએ

**- અશોક સોમપુરા**

આવો, નવેસરથી મળીએ;
સારું-ભલું-ખરું-ખોટું દળીએ.

લાગ આવે તો એકબીજો છળીએ;
પોતાના ભાગે આવે તો ખળભળીએ.

દંભી બનીને બધી તકોને રળીએ;
એ બીજાને જાય તો બળીએ.

આદર્શો ને માણસાઈ, ભલે જાય તળિયે;
ચાલો ફરીથી મળીએ.

સારું-ભલું-ખરું-ખોટું દળીએ;
દંભથી ભરેલા એવા માણસોને જોતાં જોતાં કળીએ.

## (૧૩) સંસ્થા સમાચાર - જૂનઃ ૨૦૨૦

- સંકલન : પ્રશાંત મહેતા

### લોકભારતી સમાચાર

- તા.૦૧ના રોજ શ્રી શ્રીધરભાઈ ગજ્જરે એમ.એ.એફ.એસ.યુ.-ડેરી ટેક્નૉલૉજી કોલેજ દ્વારા 'Immunity boosting through Dairy Products' વિષય પર યોજાયેલ નેશનલ વેબિનારમાં ભાગ લીધો.
- તા.૦૧ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી ડાહ્યાભાઈ સેંધવ અને ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશનના શ્રી અજિતભાઈ જાદવ લોકભારતીના અરણેજ કૃષિ કેન્દ્રની મુલાકાતે જઈ આવ્યા.
- લોકભારતીના પાયાના સિદ્ધાંતોને અનુરૂપ અને હાલના સમયને અનુરૂપ કોઈ નવા અભ્યાસક્રમની સંભાવનાઓ અંગે વિચારણાઓ કરવા સારુ તારીખ ૦૬ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે લોક વિજ્ઞાન ભવન ખાતે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું. આ બેઠકને માર્ગદર્શન આપવા માટે રાજકોટ મુકામે છેલ્લા પાંચેક વર્ષથી આ પ્રકારનો અભ્યાસક્રમ ચલાવતા અને સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલ સાથે સંકળાયેલા અને દ્રોણ ફાઉન્ડેશનના સ્થાપક શ્રી પ્રતીકભાઈ જોશી ખાસ ઉપસ્થિત રહ્યા. શ્રી પ્રતીકભાઈ જોષીએ આ અભ્યાસક્રમ અંગે બહુ વિગતે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે B.Voc. (Beachlor of Vocation) અભ્યાસક્રમ અંગે, તેની યુ.જી.સી.ની માન્યતા અને ડિગ્રીની અન્ય અભ્યાસક્રમ સંદર્ભે માન્યતા અંગે, B.Voc. ડિગ્રી અંગે, ડિગ્રી મેળવ્યા પછી જોબ સિક્યુરીટી અંગે, આ કોર્સ શરૂ કરવામાં/ચલાવવામાં આવતી મુશ્કેલીઓ અને સંભાવનાઓ અંગે બહુ વિગતે ડિસ્પ્લે સાથે અને માહિતી સાથે બધું રજૂ કર્યું. B.Voc. ડિગ્રી અભ્યાસક્રમ લોકભારતીની શિક્ષણ પ્રણાલીનાં પાયાનાં મૂલ્યો સાથે સુસંગત છે અને પૂ. મનુદાદાએ વર્ષો પહેલાં શિક્ષણ અંગે આવું જ સ્વપ્ન સેવેલું હતું, એમ બધાએ અનુભવ્યું અને આ બાબતે આગળ વધવાનું પ્રાથમિક દૃષ્ટિએ નક્કી કરવામાં આવ્યું.
- હમણાંની કોરોનાની પરિસ્થિતિને લઈને નવરાશનો ઉપયોગ કરવાના હેતુસર લોકભારતીના કાર્યકર-પરિવારજનો(જેમાં મોટા ભાગનાં બહેનો છે)એ મોટર ડ્રાઈવિંગ શીખવાનું એક અભિયાન ઉપાડ્યું. પંદર-વીશ દિવસની પ્રત્યક્ષ તાલીમ તેઓએ મેળવી. તેઓને ડ્રાઈવિંગની સૈદ્ધાંતિક બાબતો અંગે તા.૦૮ના રોજ એક વર્ગ ગોઠવવામાં આવ્યો, જેમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિએ 'ડ્રાઈવિંગ એક કળા' વિષયને કેન્દ્રમાં રાખી માર્ગદર્શન આપ્યું.
- કોરોના મહામારી સંદર્ભે ચાલી રહેલા લોકડાઉનના સમયગાળા દરમિયાન અધ્યાપન મંદિરના અધ્યાપકોએ ઓનલાઈન શિક્ષણ કાર્ય ચાલુ કર્યું છે. આ બધું ડિજિટલ સર્જન lokbhartiadhyapan.blogspot.com પરથી જોઈ શકાશે.
- તા.૧૬ના રોજ ક્ષેત્રીય કચેરી, પુના ઓફિસ દ્વારા આયોજિત 'આર્યા' પ્રોજેકટનો રાષ્ટ્રીય કક્ષાનો વેબિનાર યોજાઈ ગયો. જેમાં શ્રી નિગમભાઈ શુક્લ તથા શ્રી પ્રદીપભાઈ ક્યાડાએ ભાગ લીધો.
- તા.૧૭ના રોજ અધ્યાપન મંદિરમાં અધ્યાપકો માટે એક વર્કશોપ યોજાયો. જેમાં શ્રી વિશાલભાઈ ભાદાણીએ અધ્યાપકો સાથે રોજીંદા અધ્યાપન

કાર્યમાં Bloom's steps નો વિનિયોગ તેમ જ અધ્યાપન કાર્યને રસપ્રદ બનાવવા માટે ઓનલાઈન એજ્યુકેશનની પ્રયુક્તિઓ વિષયક વાર્તાલાપ રજૂ કર્યો.

- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા ગ્રામવિદ્યાપીઠોના કાર્યકરોની માહિતીનું પોર્ટલ બનાવવામાં આવી રહ્યું છે. તે અન્વયે દરેક કાર્યકરોએ 'વિદ્યાસેતુ' રજિસ્ટ્રેશન કરાવ્યું.
- તા.૧૭થી લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષ બી.આર.એસ.ની પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન શરૂ કરવામાં આવી.
- તા.૧૮ના રોજ કૃષિ અને બાગાયત વિકાસ કેન્દ્ર-મણાર દ્વારા આયોજિત સેમિનારમાં શ્રી વિનીતભાઈ સવાણીએ ભાગ લીધો.
- વર્ષો પહેલાં લોકભારતી ગોશાળાની જમીનમાં જળ સંચયના હેતુસર આપણે એક તળાવડી બનાવી હતી. છેલ્લાં કેટલાંયે વર્ષોના નિરીક્ષણ/અનુભવ મુજબ એવું તારણ નીકળ્યું છે કે આ તળાવડીમાં વર્ષોથી બિલકુલ પાણી આવીને સંગ્રહિત થયું નથી. એટલે આવી રીતે આઠ-દસ વીઘાં જમીન ઉપયોગ વિનાની રોકાયેલી પડી રહી છે. તળાવડીની રોકાયેલી આ જમીનને મોટા મોટા પાળા કાઢીને સમતળ કરવાનું એક મહાઅભિયાન હમણાં હાથ ધર્યું. શ્રી અરુણભાઈ દવેના સીધા માર્ગદર્શન તળે આપણી જળ સંચય વિભાગની પૂરી ટીમ પોતાની સાધન-સામગ્રીઓ સાથે આ અભિયાનમાં લાગી અને તળાવડીને સમતળ કરીને લગભગ દસેક વીઘાં જમીન નવાસાધ્ય કરવામાં આવી.
- તા.૧૯ના રોજ કે.સી.જી. અમદાવાદ દ્વારા આયોજિત ઓનલાઈન શિક્ષણની તાલીમમાં સ્નાતક નઈ તાલીમ મહાવિદ્યાલયના શ્રી ધીરુભાઈ રાઠોડ, શ્રી રણજીતભાઈ સોલંકી અને શ્રી સંદીપભાઈ ઉંડવિયા જોડાયા.
- તા. ૨૬ના રોજ ગાંધીનગરમાં શ્રી વિકાસ કમિશ્નરશ્રી સાથે રાજ્યના પંચાયતી રાજ તાલીમ કેન્દ્રોના આચાર્યશ્રીઓની મિટિંગ આગામી આયોજનમાં નાયબ ચિટનીસોની તાલીમના વર્ગો યોજવા અંગેની વિચારણા કરવા માટે યોજાઈ ગઈ જેમાં પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના શ્રી ગિરીશભાઈ દવેએ હાજરી આપી.
- તા.૨૭ના રોજ મૂળે ભાવનગરના અને છેલ્લા કેટલાંક વર્ષોથી ચાઈનામાં 'કન્ફ્યૂશિયસ ઇન્ટરનેશનલ સ્કૂલ'માં કાર્યરત એવા શ્રી જિજ્ઞેશભાઈ પંડ્યાનો ચાઈનીઝ શિક્ષણ પ્રણાલી અંગેનો એક વાર્તાલાપ યોજાઈ ગયો, તેમાં સૌ કાર્યકરોએ ઉપસ્થિત રહીને રસપૂર્વક ભાગ લીધો અને પ્રશ્નોત્તરી પણ સારી એવી થઈ.
- સમગ્ર માસ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિવિધ વિષયો પર ૪ તાલીમ યોજાઈ ગઈ જેમાં ૪૯ ખેડૂતોએ ભાગ લીધો.
- સમગ્ર માસ દરમિયાન ખેડૂતો અને પશુપાલકોને મૂંઝવતા પ્રશ્નો માટે ૩૧ વખત ખેત મુલાકાત લીધી તેમ જ ટેલિફોનિક હેલ્પલાઈનની મદદથી ૪૪૮ ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું.
- સમગ્ર માસ દરમિયાન 'ગાંધીભારતી' અને B.Voc. અભ્યાસક્રમ સંદર્ભે સતત અભ્યાસ-લેખન- ચિંતનમાં વ્યસ્ત રહેવા ઉપરાંત શ્રી અરુણભાઈ દવે તા. ૦૧ના રોજ શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી અને તેમના સમગ્ર સ્ટાફ જોડે બી.એડ્.ના પ્રશ્ને મળવા ગાંધીનગર જઈ આવ્યા. તા. ૦૩જીએ શ્રી સી.કે. પટેલ દ્વારા આયોજિત બેઠકમાં ગાંધીનગર પાસેના ફાર્મ હાઉસ ખાતે ગ્રામીણ વિકાસની યોજનાઓ સંદર્ભે ચર્ચા-વિચારણા કરવા જઈ આવ્યા. તા.૦૫મીએ પર્યાવરણ દિન નિમિત્તે પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર-જસદણ દ્વારા 'સૂક્ષ્મ જીવાણુઓની માનવજાત ઉપર અસર' વિષય ઉપર એક વેબિનાર(ઓન

લાઈન સેમિનાર) યોજાઈ ગયો, તેમાં પર્યાવરણવિદ્ તરીકે અધરી અધરી વાતો વેબિનારમાં જોડાયેલ ઘણા સભ્યો ગામડાંના હતા, તેથી બહુ હળવી શૈલીમાં રજૂ કરી. પ્રશ્નોત્તરી પણ સારી એવી થઈ. એ જ દિવસે સોહમ ટી.વી. ચેનલ દ્વારા આયોજિત 'કોરોના સે ડરો ના' વેબિનારમાં વ્યાખ્યાન આપ્યું. તા. ૨૬મીએ ગૂજરાત વિદ્યાપીઠ આયોજિત વેબિનારમાં 'ગાંધી અને વિજ્ઞાન' તથા જી.સી.ઈ.આર.ટી. દ્વારા આયોજિત વેબિનારમાં 'મહામારી અને ગાંધી' વિષે વ્યાખ્યાનો આપ્યાં. તા.૩૦ના રોજ ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન(IITE), ગાંધીનગરના દસમા સ્થાપના દિને શિક્ષણ મંત્રી મા.શ્રી ભૂપેન્દ્રસંહજી ચુડાસમાના અતિથિપદે યોજાયેલ એક કાર્યક્રમમાં ચાવીરૂપ વક્તવ્ય આપ્યું.

**આંબલા સમાચાર**

- ધો.૧૦નું બોર્ડનું પરિણામ ૮૫.૦૦ ટકા અને ધો.૧૨નું બોર્ડનું પરિણામ ૯૪.૦૦ ટકા આવેલ છે.
- કેમ્પસ પર નવી ઓફિસોનું અને નવાં ૪ સ્ટાફ ક્વાટર્સનું બાંધકામ પૂર્ણ થવામાં છે.

**મણાર સમાચાર**

- ધો.૧૦નું બોર્ડનું પરિણામ ૭૨.૭૨ ટકા અને ધો.૧૨નું બોર્ડનું પરિણામ ૮૭.૮૦ ટકા આવેલ છે.
- વર્ષ ૨૦૨૦-૨૧ માટે અહીં ધો.૯માં ૬૫ છાત્ર-છાત્રાઓને પ્રવેશ આપવામાં આવ્યો અને ધો.૧૧માં ૩૫ છાત્ર-છાત્રાઓને પ્રવેશ અપાઈ ચૂક્યો છે. હજુ નવા છાત્રો પ્રવેશ માટે આવી રહ્યા છે.
- કોવીડ-૧૯ને કારણે અહીંના આ વર્ષના ધો.૧૦ તથા ૧૨ના છાત્ર-છાત્રાઓને માર્ચ મહિનાથી જ વોટ્સએપ ગ્રુપ દ્વારા ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં આચાર્યશ્રી તથા શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને ઘેર ઘેર જઈ રૂબરૂ મુલાકાત લઈને માર્ગદર્શન આપવામાં આવ્યું.
- અહીં એન.સી.સી. કેડેટ્સ દ્વારા તા. ૨૧ના રોજ વિશ્વ યોગ દિવસ નિમિત્તે ઊજવણી પોતપોતાના ઘરે જ કરવામાં આવી.
- અહીંના કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી બરનવાલ સાહેબના અધ્યક્ષ સ્થાને સીટ્રોનીલા ઘાસ(સુગંધી ઘાસ) વાવવાવાળા ખેડૂતોની એક દિવસીય તાલીમ યોજવામાં આવી. જેમાં જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા બાગાયત અધિકારીશ્રી તથા આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીએ ઉપસ્થિત રહી લાભાર્થી ખેડૂતોને માર્ગદર્શન આપ્યું. સીટ્રોનીલા પ્રોજેક્ટને પ્રોત્સાહન આપનાર ત્રણ કંપનીના મેનેજરશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા. સ્વાગત અને પરિચય સુરસંગભાઈ ચૌહાણે આપ્યો અને સમાપન શ્રી અરુણભાઈ દવેએ કર્યું.
- ગોશાળા માટે દુગ્ધાલય તથા ઉત્પાદિત પાકને સાચવવા માટે ગોડાઉનનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું.

**માઈધાર સમાચાર**

- તા.૨૫ના રોજ સંસ્થાના ફાર્મ્સમાં સોયાબીનનું વાવેતર કરવામાં આવ્યું.
- લોક કલ્યાણ વિદ્યાલયના ધો.૧૨ સામાન્ય પ્રવાહની પ્રથમ બેચનું પરિણામ ૯૬ ટકા આવ્યું. તેમાં શ્રી રાહુલભાઈ મનુભાઈ ડાંગરે તળાજા કેન્દ્રમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.
- તા.૨૭ના રોજ કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા અને શ્રી અરુણભાઈ દવે દ્વારા કુમાર છાત્રાલયનું ભૂમિપૂજન કરવામાં આવ્યું.